# મુમુક્ષુઓને માર્ગદર્શન

લેખક

પૂજયપાદ શાસનપ્રભાવક ગુરુદેવ
શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના
વિનેય
ગુણહંસવિજયજી

પ્રકાશક
કમલ પ્રકાશન ટ્રસ્ટ

**'મુમુક્ષુઓને માર્ગદર્શન'**

**પ્રકાશક :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન

૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ,

રીલિફ રોડ, અમદાવાદ-૧

ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

**સંકલન :**

અલ્પેશ પી. શાહ

તપોવન સંસ્કારપીઠ

ગૃહપતિશ્રી,

આવૃત્તિ :

પ્રથમ સંસ્કરણ : નકલ : ૭૦૦

વિ. સં. ૨૦૬૮, તા. ૧૫-૧૦-૨૦૧૨

**મૂલ્ય રૂા. ૩૦/-**

**ટાઈપસેટિંગ :**

**અરિહંત ગ્રાફિક્સ**

ખાડિયા ચાર રસ્તા,

અમદાવાદ

**મુદ્રક :**

**ભગવતી ઑફસેટ**

૧૫/સી, બંસીધર એસ્ટેટ,

બારડોલપુરા, અમદાવાદ-૪

# પ્રસ્તાવના

આજે એવા સેંકડો ઉત્તમ આત્માઓ છે, જેઓને ઉંડે ઉંડે દીક્ષા લેવાની, સારી પાળવાની ઈચ્છા પ્રગટી ચૂકી છે... પરંતુ સેંકડો પ્રશ્નોમાંથી એક-બે-ત્રણ-ચાર પ્રશ્નોમાં તેઓ એવા તો અટવાઈ જાય છે, કે યોગ્ય માર્ગદર્શન ન મળવાથી ગભરાઈને સંસારનો રસ્તો પકડવાનો નિર્ણય કરી બેસે છે. ઉલ્લાસ મરી જાય છે, એમનો દીક્ષા લેવાનો !

એટલે જ વિચાર આવ્યો કે એ સેંકડો પ્રશ્નોનું જો એમને સમાધાન મળી જાય, કોઈક સાચો માર્ગદર્શક મળી જાય તો માર્ગ ભૂલેલા તેઓ પાછા સન્માર્ગે આવી જ જાય, અને જૈનશાસનને ઉત્તમરત્નોની ભેટ વધુ ને વધુ પ્રમાણમાં મળતી જ રહે.

એ માટે જ મુમુક્ષુઓને માર્ગદર્શન પુસ્તક તૈયાર કરેલું છે, આ વાંચીને બે-પાંચ પણ મુમુક્ષુઓની ઉંધે પાટે ચડેલી ગાડી સીધા પાટે આવી જાય, તો મારો પ્રયત્ન સફળ જ સફળ !

જો કે નાનકડા પુસ્તક દ્વારા સેંકડો પ્રશ્નોનું સમાધાન પ્રાયઃ અશક્ય છે, છતાં મુમુક્ષુઓના પરિચય બાદ એમની પાસેથી જે જે મુંઝવણો જાણવા મળી, એ બધાનું સમાધાન આપવાનો આ નમ્ર પ્રયત્ન કર્યો છે.

એક ધ્યાન રાખવું...

→ આ સમાધાન કંઈ કાયમી નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પ્રમાણે બધું બદલાયા જ કરે.

→ આ પુસ્તક વાંચ્યા પછી પણ મુમુક્ષુઓને સમાધાન ન થાય, તો ગીતાર્થ-સંવિગ્ન મહાત્માઓનો વ્યક્તિગત સંપર્ક કરે, એમની પાસે ખુલ્લા મનથી બધી મુંઝવણ રજુ કરીને સમાધાન મેળવે. બાકી 'મનમાં જ મુંઝાયા કરો, કોઈને કશું કહો જ નહિ...' તો તમારું ઠેકાણું પડવાનું

નથી. રોગીએ સારા ડોકટર શોધીને, એમની પાસે રોગની રજુઆત કરવી જ પડે... તો જ સાચી દવા મળે અને રોગ મટે.

→ હજી કેટલાય પ્રશ્નો એવા છે જ, હશે જ... કે જેના સમાધાન આ પુસ્તકમાં આપી શકાયા નથી... એ બધા માટેનો એક માત્ર ઉપાય, ગીતાર્થ-સંવિગ્ન મહાત્માઓનો વ્યક્તિગત પરિચય ! કાં તો રુબરુ, નહિ તો છેવટે પત્ર દ્વારા ! પણ જો, જો હોં ! સદ્ગુરુ = માર્ગદર્શક સાચા શોધજો, નહિ તો ક્યાંક લેવાના દેવા થઈ પડશે.

આ પુસ્તકમાં જિનાજ્ઞાવિપરીત કંઈપણ લખાયું હોય, તો મિચ્છા મિ દુક્કડં.

ગુણહંસ વિ.
દ્વિતીય ભાદરવા વદ-૬.
વિ.સં. ૨૦૬૮.
રાજકોટ
જાગનાથ શ્વે. મૂ. જૈન સંઘ

# સમર્પણમ્

→ જે જીવો પ્રત્યે દયાળુ હતા, પણ પોતાના દોષો પ્રત્યે તો ક્રૂર જ હતા...

→ જે સ્ત્રીઓ પ્રત્યે તદ્દન નિર્વિકારી હતા, પણ પવિત્રતા નામની સ્ત્રીના તો પૂરેપૂરા રાગી જ હતા...

→ જે ત્રીજા મહાવ્રતના ધારક અને પાલક હતા, પણ છતાં હજારોના હૈયાને તો ચોરી જ લીધેલા.

→ જે હૈયાથી બાળક જેવા સાવ સરળ હતા, છતાં આંતરશત્રુઓની લડાઈમાં કપટ ખેલવામાં ભારે ચાલબાજ હતા...

→ જે પ્રશંસાને મહાપાપ માનતા, પણ પોતાની ! પરગુણ પ્રશંસા તો જેમના જીવનનું અમૂલ્ય આભૂષણ હતું...

→ જે નિંદાને મહાપાપ માનતા, પણ પારકાની ! સ્વદોષનિંદા તો જેમના ચારિત્રજીવનનો પ્રાણ હતો...

→ જેમણે હદ બહારનો પરિગ્રહ ભેગો કરેલો, પણ માત્ર ને માત્ર આત્મગુણોના ખજાનાનો જ !

→ જે જીવનભર ખૂબ ખૂબ રડ્યા, પણ દુ:ખો બદલ નહિ ! શાસનરાગ, જીવકરુણા, સ્વદોષપશ્ચાત્તાપ બદલ જ !

→ જે ડરપોક હતા, પણ દુ:ખથી, વિરોધીઓથી નહિ ! દુર્ગતિથી, પાપથી, જીવનમાં દોષો પ્રવેશી ન જાય એનાથી !

→ આશરે ૧૮૦૦૦ જેટલી ભવાલોચના વાંચવા છતાં ય જેમનામાં પરદોષદષ્ટિએ પ્રવેશ કર્યો ન હતો એ જ આશ્ચર્ય !

→ જે આચાર્યપદ માટે અત્યંત નિ:સ્પૃહ હતા, પણ તીર્થંકરપદ મેળવવા માટેની જેમની સ્પૃહા આશ્ચર્યજનક હતી !

→ હરડેનું નામ લેવા માત્રથી પેટનો કચરો ન નીકળે, પણ જેમનું નામ લેવા માત્રથી આત્માનો કચરો તો નીકળતો જ !

→ જે જીવનભર ખૂબ ખૂબ બોલ્યા, પણ માત્ર જીભથી નહિ, હૈયાથી પણ !

→ જેમણે ૩૦૦ આસપાસ પુસ્તકો લખ્યા, પણ માત્ર બોલપેન કે હાથથી નહિ, અંતરની આગથી પણ !

→ જેમણે ૮૦ જેટલા શિષ્યો બનાવ્યા, પણ સ્વસેવાદિ માટે નહિ, શાસનસુભટ બનાવવા માટે !

→ જેમની બાહ્ય ઓળખ આપવાની જૈનસંઘને જરુર જ નથી, પણ જેમની આંતરિક ઓળખ મેળવવા માટે તો હું સાવ સાવ સાવ ગમાર છું એવા ભવોદધિતારક

**પૂજયપાદ શાસનપ્રભાવક પંન્યાસપ્રવર ગુરુદેવશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના**

કરકમલમાં

આ પુસ્તક સમર્પણ કરતા કૃતજ્ઞતાનો અનુભવ કરું છું.

લિ.

આપનો શિષ્ય

મુનિ ગુણહંસવિજય

પૂ. આ. શ્રી કલાપ્રભસૂરિજી મ.સાહેબની
પ્રેરણાથી

● સૌજન્ય ●

**શ્રી ભરૂડીઆ (કચ્છ-વાગડ)**
**જૈન શ્વે. મૂ.પૂ. સંઘ**

ભરૂડીઆ (કચ્છ-વાગડ), મુંબઈ

શ્રુતભક્તિનો લાભ લીધો એ બદલ
ખૂબ ખૂબ ધન્યવાદ....

લિ.

કમલ પ્રકાશન ટ્રસ્ટ

# મુમુક્ષુઓને માર્ગદર્શન

# દીવેલીયું મોઢું

## મુમુક્ષુઓ માટે ખાસ...

ગયા વર્ષે તપોવનમાં એક નવો જ અનુભવ થયો. નડિયાદ, બારડોલી, વલસાડ, અમદાવાદના એક-એક વિદ્યાર્થીને દીક્ષાની ભાવના પ્રગટી. નવા ઘડા કાચા હોય, એમ આ બધાની ભાવના શરુઆતમાં તો મજબુત ન જ હોય. એ તો પછી આપણા જેવી અગ્નિના સંપર્કથી પાકા વૈરાગ્યવાળા બને. પણ ચારે ય બારમા ધોરણના યુવાનોમાં પાત્રતા તો ચોક્કસ સારી એવી લાગી, એટલે જ એમ લાગતું હતું કે જિનશાસનને ખૂબ સરસ નૂતન સાધુઓની ભેટ મળશે. તપોવનના વડીલ મુનિવર પાસે ઉત્તમ મુનિઓની એક નવી હરોળ તૈયાર થશે...

પણ મારી આ બધી જ ભાવનાઓ પર પાણી ફરી વળ્યું, ચારેચાર મુમુક્ષુઓ ઘર ભેગા થઈ ગયા, એકેયની દીક્ષા ન થઈ, એ પૂર લાવનાર હતા એ બાળકોના માતા-પિતાઓ ! કોઈક રડ્યા, કોઈકે બાળકોને ધમકાવ્યા, કોઈકે બાળકોને 'C.A. થઈ જા, પછી વાત !' એમ કહીને ફોસલાવ્યા, કોઈકે ખોટા-ખોટા બહાના કાઢ્યા... અને એ રીતે બધા વડીલો (!) સંતાનોને ઘરે હેમખેમ પાછા લઈ ગયા.

પેલા બિચારા વૈરાગીઓ ! સાવ નવા સવા ! આ વર્ષોના અનુભવી માતા-પિતાની સામે એમનું વાજું શું વાગે ? વળી ચોલમજીઠના રંગ જેવો અડોલ વૈરાગ્ય તો હજી થયો જ ન હતો, આ તો વૈરાગ્યનો જન્મ જ માત્ર થયેલો, એટલે એવું જોશ...

એમનામાં હોય એ સંભવિત પણ ન હતું.

અને બધી વિકેટ પડી ગઈ, અમે આ મેચ હારી ગયા.

પણ એ પછી તો મન ચકરાવે ચડ્યું. ઘણા બધા મુમુક્ષુઓ ઉપકારી (!) મા-બાપના સખત દબાણ હેઠળ સંયમ ચૂકી જાય છે, સંસારમાં ખૂંપી જાય છે, શરુઆતમાં પશ્ચાત્તાપ રહે, પછી સંસારમાં રંગાઈ જાય, માનવભવ હારી જાય, અને માતા-પિતાના ઉપકારનો બદલો વાળવા જતા, અનંતજીવો પર અપકાર કરવા માટે તૈયાર થઈ જાય... ખુદ પોતાનો પણ અનંત સંસાર વધારી બેસે.

કોઈ ખોટું ન લગાડશો, મુમુક્ષુઓ ! પણ એક સાચી વાત કહી દઉં, લૌકિક દૃષ્ટિએ અત્યંત ઉપકારી બનનારા માતા-પિતા જો સંયમજીવનમાં પ્રતિબંધક બને, તો એમના જેવા અપકારી બીજા કોઈ નહિ. એમાં મુમુક્ષુઓ ! માત્ર તમારું જ સત્યાનાશ જાય છે, એમ નહિ ! ચારિત્ર મોહનીય કર્મ બાંધીને તેઓ પણ દીર્ઘકાળનો પોતાનો દુઃખમય સંસાર ઉભો કરે છે. એટલે તમે એમની વાત માનીને, એમના પર ઉપકાર કરવા માટે દીક્ષા ન લઈને, સંસાર માંડીને સરવાળે તો એમનો સંસાર વધારવામાં નિમિત્ત બનીને મોટો અપકાર જ કરો છો. પણ તમારી પાસે એટલું લાંબુ જોવાની દૃષ્ટિ જ ન હોય, તો પછી બીજો કોઈ ઉપાય નથી.

૧૮ વર્ષની છોકરીને શ્રીમંત પરિવારમાં સગાઈ નક્કી થઈ ગયા બાદ સાધ્વીજીના પરિચયથી દીક્ષાની ભાવના થઈ, વૈરાગ્ય પાકો થયો, પણ સ્વજનો (!) માને ખરા ? આવા ખાનદાન, શ્રીમંત વેવાઈ પરિવારને છોડીને છોકરીને દીક્ષાના માર્ગે વળાવવાની મહાનતા કયા મા-બાપ કેળવી શકે ?

પણ છોકરી મક્કમ રહી. “લગન નહિ જ કરું...” ઘરમાં સંકલેશ શરુ થયો, બાપે ગુસ્સામાં આવીને કેટલી ય વાર દીકરીના વાળ પકડીને એનું માથું ભીંત સાથે અફાળ્યું. માએ વચ્ચે પડી પડીને માંડ બાપને શાંત કર્યા. આવું વારંવાર બન્યું.

પણ વાળો ખેંચાવા છતાં, ભીંત પર માથાની પછડાટ ખાવી પડવા છતાં પણ એ મુમુક્ષુ બનેલી ૧૮ વર્ષની કન્યા મક્કમ રહી. વેવાઈ પક્ષ પણ આ કન્યાને ગુમાવવા તૈયાર ન હતો... ત્રણ વર્ષ આ સંઘર્ષ ચાલ્યો. છેવટે મા-બાપે ઝુકવું પડ્યું, હા પાડવી પડી અને પ્રચંડ ઉલ્લાસ સાથે એ છોકરીએ ૨૧ વર્ષની ઉંમરે દીક્ષા લીધી.

આજે ખૂબ સરસ રીતે સંયમજીવનનું પાલન કરે છે.

પરિવારજનો લૌકિકક્ષેત્રમાં જેટલા ઉપકારી છે, ધર્મક્ષેત્રમાં એટલા જ અપકારી છે. એમાં ય પૂજા-સામાયિકાદિ તો હજી કરવા દેશે, સ્વયં કરાવશે પણ ખરા... પણ દીક્ષાની વાત આવે, એટલે એ પરિવારજનો માટે કયા શબ્દો વાપરવા ? એ જ ખબર નથી પડતી.

હમણાં જ એક પ્રસંગ જાણવા મળ્યો. મુંબઈ ગોરેગાંવના એક યુવાન બહેનને દીક્ષાની તીવ્ર ભાવના ! પ્રચંડ વૈરાગ્ય ! સંયોજના વિના જ ખાવાનું ! મીઠાઈ વગેરે બધું જ બંધ ! અબઘડી દીક્ષા લેવા તૈયાર ! પણ માતાજી (કોઈ ચક્રેશ્વરી માતાજી વગેરે નહિ, પણ જન્મદાત્રી, સ્નેહસભર અને એટલે જ... જવા દો ! માતાજીની ઉપમા આપવામાં મજા નથી. લોકો મને ઠપકો આપશે કે તમે ઉપકારી મા-બાપને માટે આવું કેમ લખો છો ?) વચ્ચે આવ્યા. કોઈપણ હિસાબે દીક્ષા નહિ જ આપું.

દીકરીને સાસરે તો વળાવવાની જ છે, એ નક્કી છે, એને ઘરે સંઘરી રાખવાની નથી... એ ય નક્કી છે, તો પછી સાસરે મોકલવાને બદલે સાધ્વીજીને ત્યાં જ મોકલવામાં વાંધો શું ? પણ એવો ગાંડો સ્નેહરાગ ! કે બસ, દીક્ષા તો નહિ, નહિ અને નહિ જ.

એ બહેન જીદ કરીને સાધ્વીજી પાસે જાય, ત્યાં તો ધમાલ શરૂ થઈ જાય. ક્યારેક વળી અઠવાડિયાની રજા આપે, તો સાતમા દિવસે હાજર ! 'ચલ, ઘરે !' અને ઉપાશ્રયમાં જ દીકરીને ભેટી

પડીને, ધ્રુસકે ધ્રુસકે રડવા લાગે. સાધ્વીજીઓ કંટાળે કે 'ઉપાશ્રયમાં આ બધું કેવું લાગે ?'

પણ આ ય એક વિચિત્ર દુનિયા છે !

એક મુમુક્ષુની પાસે રાત્રે દસ વાગે મા-બાપે વાત કરી કે "તારા માટે છોકરીની તપાસ કરી છે, એકાદ-બે માંગા સામેથી આવ્યા છે..." અને મુમુક્ષુએ પહેલી વાર રજુઆત કરી "મારે લગ્ન કરવા જ નથી, મારે તો દીક્ષા..." હજી તો શબ્દો પૂરા ન થયા અને પિતાજી ક્રોધાવેશમાં ધ્રુજવા લાગ્યા. "લે, સાંભળ ! તેં તારા દીકરાને બહુ ચડાવ્યો, મહારાજ પાસે ભણવા જવા દીધો, એના આ પરિણામ !..." અને રાત્રે એક વાગ્યા સુધી એ વાગ્યુદ્ધ ચાલ્યું. આ લખું છું, ત્યાં સુધી તો હજી આ મુમુક્ષુનું ઠેકાણું પડ્યું નથી. આ ગંભીર યુદ્ધ બાદ પિતાજી તરત માંદગીમાં સપડાયા, કદાચ આના આઘાતની પણ અસર હોય... હવે શું નિર્ણય લેવો ? એ વિચાર મુમુક્ષુ માટે રોજનો ચિંતાનો વિષય બની ગયો.

એક મુમુક્ષુ બહેને રજા મેળવવા માટે આંબિલ શરુ કર્યા, તો મમ્મી પણ આંબિલ કરવા માંડી. મુમુક્ષુએ ઉપવાસ કર્યા, તો સામે મમ્મી પણ ઉપવાસ પર ! માને દીકરી માટે આટલો બધો રાગ હોય, એવું ભાગ્યે જ જોવા મળે... પણ આવું બધું ય નક્કર સત્ય છે.

એક મુમુક્ષુએ પાપા પાસે દીક્ષા માટેની વાત કરી, ત્યારે એક સેકંડનો ય વિલંબ કર્યા વિના સીધો પપ્પાએ અણુબોમ્બ ફોડ્યો. "આ ઘરમાંથી મારી લાશ નીકળે, એ પછી તારે જે કરવું હોય તે કરજે..." મુમુક્ષુ બિચારો હેબતાઈ જ ગયો. આવા બોમ્બ સામે કોણ ટકી શકે વળી ?

એક પપ્પાએ પૂ.ગુરુદેવશ્રીને કહેલું કે "મને તમારા પર એટલો બધો ગુસ્સો આવે છે કે તમને ઉંચકીને બારીમાંથી બહાર ફેંકી દેવાનું મન થાય છે. તમે બધા કશું સમજતા જ નથી. મારી

પત્ની મરી ગઈ છે, ઘરે એક જ યુવાન દીકરો છે. સગાઈ થઈ ગઈ છે, એના લગન થાય, એટલે ઘરે રોટલા ટીપનારી આવે. અને તમે એ જ દીકરાને ફોસલાવીને દીક્ષા આપવાની તૈયારી કરો છો. પેલો છોકરો ય જીદે ચડ્યો છે. ઘરેથી ભાગી જાય છે, મને ધમકીઓ આપે છે. તમને મારી દયા નથી આવતી ?" (જો કે એ પછી એ પપ્પા સાચું સમજેલા, પૂર્ણ સંમતિ આપેલી, અને દીક્ષા થઈ ગયેલી...)

એક વડીલે દીક્ષા લેવા તૈયાર થયેલા ભત્રીજાને ધમકી આપી "તારા ગુરુ શી રીતે તને દીક્ષા આપે છે, એ હું જોઈ લઈશ. તારી તબિયત તો સારી નથી, કફ થયા કરે છે. જો તારા ગુરુ દીક્ષા આપશે, તો હું સંઘે સંઘે જઈને જાહેરાત કરીશ કે આ સાધુઓ માંદાને મારી નાંખવા દીક્ષા આપે છે..."

દીકરાને કે દીકરીને દીક્ષા નહિ લેવા દેવા માટે મા-બાપો જે નુસખા અજમાવે છે, જે નાટકો કરે છે, જે ઉપાયો અજમાવે છે... એ બધા જો ભેગા કરીને લખવામાં આવે તો એક મોટું મસ્ત પુસ્તક તૈયાર થઈ જાય.

મારે તો એટલું જ કહેવું છે કે પૂર્વના કાળ કરતા આ કાળમાં મા-બાપો જલ્દી રજા આપી દે છે, એ વાત સાચી. છતાં ઘણા બધા મુમુક્ષુઓ એવા પણ છે કે જેઓ મા-બાપની સામે ઝીંક લઈ શકતા નથી, અને એટલે ઢીલા પડી જઈ દીક્ષા લેવાનો વિચાર માંડી વાળે છે, જે ઉચિત નથી. શાસ્ત્રીય દૃષ્ટિએ પણ ઉચિત નથી અને તેઓના હિતની દૃષ્ટિએ પણ ઉચિત નથી, અરે, મા-બાપને માટે પણ ઉચિત નથી.

આ પુસ્તકમાં એ બતાવવું છે કે

+ મુમુક્ષુઓ મા-બાપની રજા મેળવવા શું કરી શકે ?

+ મુમુક્ષુઓને દીક્ષા બાબતમાં કેટલીક મુંઝવણો હોય છે, એના શક્ય સમાધાનો !

# મા-બાપની રજા મેળવવાના વિવિધ ઉપાયો :

(૧) હમણાં જ પરિશિષ્ટપર્વમાં જંબૂકુમારનો પૂર્વભવ વાંચ્યો. શિવકુમાર દીક્ષા માટે ખૂબ પ્રયત્ન કરે છે, પણ મા-બાપ રજા આપતા નથી. એ વખતે એણે ઉપાય અજમાવ્યો. મૌન રહેવાનો ! ઉદાસ રહેવાનો ! ઘરના કોઈની પણ સાથે હસીને - સારી રીતે વાત નહિ કરવાનો.

ત્યાં લખવામાં આવ્યું છે કે મા-બાપ એને પ્રસન્ન કરવા અનેક ઉપાયો કરતા, સારું ખાવાનું-ફરવાનું... વગેરે. પણ એ દરેક વખતે શિવ એક જ જવાબ આપતો मह्यं न रोचते किञ्चिदित्येकमवदच्च सः । એ દરેક વખતે માત્ર ને માત્ર એક જ ઉત્તર આપતો "મને આમાંથી કશાંયમાં રસ નથી. મને કશું ગમતું નથી."

આ ગાંધીબાપુના જેવું અસહકારનું આંદોલન છે. શસ્ત્રો ઉપાડવાના નહિ, પણ લેશ પણ સહકાર આપવાનો નહિ. માટે જ તો બાપુ માટેનું ગીત છે दे दी हमें आजादी बिना खड्ग बिना ढाल, साबरमती के संत तूने कर दीया कमाल... એમ મુમુક્ષુએ પણ ગમે તેમ બોલવું, જીદ કરવી, સામે પડવું... વગેરે કરવાને બદલે બસ એક માત્ર અસહકારનું આંદોલન અપનાવી લેવું. કોઈની સાથે બોલવું નહિ, કોઈ કંઈપણ પૂછે, તો કાં તો જવાબ જ ન આપવો, આપવો જ પડે તો સાવ જ ટુંકમાં પતાવવું. લાંબી ચર્ચામાં પડવું જ નહિ. मौनं सर्वार्थसाधनम् એ ન્યાયે મૌન ધારણ કરી લેવું. તેઓ

કંટાળશે, પૂછશે 'તને થયું છે શું ? કંઈક તો બોલ..." ત્યારે આ જ જવાબ "મને સંસારમાં રસ નથી, મને કશું ગમતું નથી. મારે દીક્ષા જોઈએ છે..."

તેઓ ફરવા લઈ જાય, તો ના પાડવી, જબરદસ્તી લઈ જાય તો ક્યાંય પણ કોઈની પણ સાથે ભળવું નહિ. બસમાં-ટ્રેનમાં-કારમાં મુંગાને મુંગા બેસી રહેવું... જમતી વખતે એકલા જ જમવું, સાથે જમવું પડે તો સાવ જ સાદું ખાવું, મીઠાઈ વગેરે તો નહિ જ... તેઓ બળજબરી થાળીમાં નાંખી દે, તો ઝઘડો નહિ કરવો... પણ એમની સામે જ એ મીઠાઈ દાળમાં કે પાણીમાં બરાબર ચોળી નાંખીને ખાઈ જવી...

મુંબઈ ગોવાલિયા ટેંકનો એક યુવાન કહે "મમ્મી-પપ્પાના અતિ આગ્રહના કારણે અત્યાર સુધી જુદી જુદી ૧૯ છોકરીઓ સાથે મીટીંગ કરવી પડી છે. પણ હું એટલું બધું લુક્ખું વર્તન રાખું, એવો નિરુત્સાહી બની રહું કે કોઈપણ છોકરી મારી સાથે લગ્ન કરવા તૈયાર જ ન થાય. એ જ સામેથી ના પાડી દે... એ રીતે શાંતિથી જીવું છું."

પરિશિષ્ટ પર્વનો આ શ્લોક આપણને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડે છે.

(૨) ચતુર્થ વ્રતની કાયમી બાધા લઈ લેવી. આ એક સમર્થ ઉપાય છે. જે મુમુક્ષુ આ બાધા લઈ લે, એ સંસાર માટે સાવ નકામો જ છે. મા-બાપ પણ વિચારે કે છોકરાને કે છોકરીને કંઈ પરણાવ્યા વિના તો આખી જીંદગી ઘરે રખાય નહિ. એટલે આ બાધાની વાત જાણીને એમને અકળામણ ચોક્કસ થશે, પણ ધીરે ધીરે ના છુટકે પણ આ વાતનો સ્વીકાર કરીને સંમતિ આપશે. (જો કે આ બાધા લેનાર અને આપનાર એ બંનેએ પાકો વિચાર કરીને, જરાકપણ આવેશ વિના, ચડામણી વિના, પૂરી સમજણ સાથે જ બાધા લેવી, આપવી.)

(૩) અનિશ્ચિત મુદતની તપશ્ચર્યા શરુ કરી દેવી. જયાં સુધી

દીક્ષાની રજા ન મળે, ત્યાં સુધી આંબિલ ! આંબિલ અઘરા પડે, તો પણ કરવા. અઘરા ન પડે, તો અઘરા દેખાડવા. અશક્તિ આવે, અંધારા આવે, ખેંચવું પડે... છતાં આંબિલ ચાલુ જ... આ જોઈને મા-બાપ પર વધુ અસર થશે. દીકરા-દીકરીની આ હાલત તેઓ લાંબો સમય જોઈ નહિ શકે.

હા ! પેલા મમ્મીની જેમ કોઈ મા-બાપ પોતે પણ તપ કરવા લાગે, તો ભલે ! બધા ભેગો તપ કરે. તેઓ થાકશે જ, જ્યારે તમે સાચા મુમુક્ષુ હશો, તો તમે નહિ જ થાકો.

આ આંબિલો પણ ગુરુ પાસે રહીને નહિ, પણ ઘરે મા-બાપ પાસે રહીને જ કરવા. નજર સામે આવી તપશ્ચર્યા જોઈને તેઓ લાંબો સમય જોઈ નહિ શકે.

પૂ. ગુરુદેવશ્રીના કહેવાથી મેં આ રીતે ઘરે જઈને આંબિલ શરુ કર્યા કે તરત જ બીજા-ત્રીજા દિવસે કંટાળી-ત્રાસીને તેઓ પૂ.ગુરુદેવશ્રી પાસે જઈ ચડ્યા... ગીતાર્થોની વાતો ન્યારી ! એમણે એવી વાતો કરી કે નજીકના જ સમયમાં મારી દીક્ષા નક્કી થઈ શકી.

(૪) કોઈપણ નવી વિપરીત બાબત અઘરી લાગે, ઝાટકો આપનારી બને... પણ એ જ બાબત જેમ જેમ વારંવાર સ્મરણમાં-અનુભવમાં આવતી જાય, તેમ તેમ તેનો આઘાત ઘટતો જાય, સ્વીકાર થતો જાય. માણસના આ સ્વભાવનો આપણે સારો ઉપયોગ કરી લેવો જોઈએ.

પ્રથમવાર તમારી દીક્ષાની વાતથી મા-બાપ ભડકશે, પણ બીજી-ત્રીજી-દસમી વારમાં તો તેઓ વિચાર કરતા થઈ જ જવાના. એમાં ય જો તમે મક્કમ રહ્યા, તો છેવટે મા-બાપ કહી જ દેશે "शिवास्ते सन्तु पन्थान:"

(૫) આ જ કારણસર ચારેબાજુથી તમારા સહાયકો ઉભા કરીને એમના દ્વારા મા-બાપના કાને વારંવાર આ જ વાત નંખાવતા રહેવી.

પેલી કથા યાદ છે ને ? ગાયને વેંચવા નીકળેલાને ત્રણ ઠગોએ વારાફરતી કહ્યું કે "આ બકરું કેટલામાં વહેંચવું છે ?" પહેલીવાર તો ભાઈ ગુસ્સે થઈ ગયો, "એ ય ! આ ગાય છે, બકરું નહિ..." પણ ઠગ કહે કે "તું મૂર્ખો છે. બકરાને ગાય માની બેઠો છે."

પછી બીજા અને પછી ત્રીજા... એમ કુલ ત્રણ ઠગોએ એક સરખી વાત કરી, અને ખરેખર પેલો ગાયને બકરું માનવા લાગ્યો, અને ખરેખર યોજના પ્રમાણે ચોથાએ જ્યારે બકરાની ખરીદવાની ઈચ્છા દર્શાવી, એટલે એણે બકરાના ભાવે ગાય વેંચી દીધી.

મારા મોટા કાકા દીક્ષાની ના પાડે, વિલંબ કરવાનું કહે. મેં ઉપરનો ઉપાય અજમાવ્યો. બે ફોઈઓને, બે બહેનોને વારા ફરતી મોટા કાકા પાસે મોકલ્યા "હવે આપી દો ને રજા ! વહેલી-મોડી આપવાની જ છે, તો શા માટે એને દુઃખી કરીને આપવી. એ જીદ કરે એટલે સામે આપણે જીદ થોડી જ કરાય..."

અને બધા તરફથી એક સરખી વાત જવાથી એમને પણ લાગ્યું કે "બધા જ હા પાડે અને હું એકલો જ ના પાડું, તો એ સારું નહિ..." એમને પોતાની જ ભૂલ લાગી અને તરત જ રજા આપી દીધી.

તમને કદાચ એમ થાય કે બે બહેનો, ફોઈઓ આ બધા તરફેણમાં કેવી રીતે આવી ગયા...

તો આ પણ સમજી લો. લગભગ બધાને માન કષાય સતાવતો જ હોય છે. કાકા-મામા-માસી-ફોઈ... આ બધાના તમે પગે પડો, આજીજી કરો. "તમે મમ્મી-પપ્પાને સમજાવો ને ? કાકા ! મને દીક્ષા અપાવો ને ? તમારું એ માનશે. તમારું વજન પડે છે..." આવી આવી આજીજી કરો, એમને મોટા ભા કરો, એટલે એ તમારા પક્ષમાં ! "તું ચિંતા ન કર. હું બધું પતાવી આપું છું..." આવા શબ્દો એમના મોઢામાંથી નીકળી જ જાય.

હા ! જે એકદમ દીક્ષાવિરોધી હોય, જ્યાં આપણી દાળ ગળે એવી ન હોય, ત્યાં હાથ ન મારવો. પણ બીજે બધે આવી રીતે વિનંતિ કરીને, આજીજી કરીને એ નજીકનાઓને તરફેણમાં લઈ

લેવા.

જો એ વ્યક્તિ સમર્થ હોય, તો તો એકને જ તરફેણમાં કરી લેવાથી બધું પતી જાય. પણ એક એવી સમર્થ વ્યક્તિ ન મળે, તો મા-બાપ પર જેઓના વચનની થોડી-ઘણી પણ અસર હોય, તેવા ઘણાઓને સાધી લઈ, એમના દ્વારા દબાણ લાવવું... આ બુદ્ધિપૂર્વકની નીતિ સફળતા અપાવીને જ રહે.

મોટા કાકાને મેં વિનંતિ કરી હોત, તો એ ન જ સ્વીકારત. એમ એ કોઈ એકાદ જણની વાત સ્વીકારી લે, એવી સમર્થ વ્યક્તિ પણ કોઈ ન હતી. એટલે ચાર-પાંચ દ્વારા આ કામ કરાવવાથી સફળતા મળી.

તમે રસ્તાઓ ઉપર જુદી જુદી કંપનીઓના જાહેરાતના પાટીયા જોતા જ હશો. ૫૦-૫૦ ડગલાના અંતરે એ પાટીયા લાગેલા હોય, એવા ૨૦૦-૫૦૦ પાટીયાઓ જોવા મળે. એવું જ પીક્ચરોના પોસ્ટરોની જાહેરાત વગેરે બાબતમાં પણ છે. હવે તમે જ વિચારો, એક જ રસ્તા ઉપર એક સાથે થોડા થોડા અંતરે લાઈટના થાંભલાઓ ઉપર આટલા બધા પાટીયા લગાડવાની શી જરુર ? એની પાછળ એ જાહેરાતકારોનું આ જ ગણિત છે કે એક જ વસ્તુ વારંવાર મન પર સવાર થાય, એટલે મન એ લેવા લલચાય, આ રીતે એમનો માલ ઉપડે. આવું જ અહીં પણ સમજી લેવું. મા-બાપ વગેરેના મનમાં, કાનમાં સતત બીજી બધી વ્યક્તિઓ દ્વારા પણ દીક્ષાની વાત નાંખ્યા કરવામાં આવે, એટલે તેઓ પણ ઢીલા પડી જાય, હા પાડવાની ભૂમિકામાં આવી જાય.

પ્રત્યેક મુમુક્ષુએ આ તો ધ્યાનમાં જ રાખવું કે મા-બાપ પહેલે ધડાકે તો કચકચાવીને ના પાડવાના જ... એનાથી ગભરાવું નહિ. 'રજા નહિ મળે.' એવું માની બેસવું નહિ. પૂર્વે કહેલા પ્રસંગો પર ધ્યાન આપો, ચોટલો પકડીને દીકરીને મારનારા પપ્પાએ પણ છેલ્લે રજા આપી છે, તમારે આ બધી અગ્નિપરીક્ષામાંથી પસાર થવું જ પડે. એમાં જો તમે ઢીલા, તો તમારો પરાજય !

(૬) પ્રભુની ઉત્તમ કોટિની દ્રવ્ય-ભાવભક્તિ ! પુષ્કળ પ્રાર્થના ! રોજ ૭૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ વગેરે રૂપ ચારિત્રપદની આરાધના ! શક્તિ પ્રમાણે સંયમીઓની વિશિષ્ટ કોટિની ભક્તિ !... આ બધા પણ ઉપાયો છે, ચારિત્રની રજા મેળવવા માટેના !

આવા બીજા પણ ઉપાયો વિચારી શકાય.

<u>પ્રશ્ન :</u> પણ તમે આ ચેપ્ટરનું હેડીંગ <u>દીવેલીયું મોઢું</u> આવું કેમ આપ્યું છે ?

<u>ઉત્તર :</u> આ છ ઉપાયમાં શ્રેષ્ઠ પ્રેક્ટીકલ ઉપાય દીવેલીયા મોઢાનો છે, જે સૌથી પ્રથમ નંબરના ઉપાય તરીકે બતાવાયો છે, માટે આ હેડીંગ રાખ્યું છે.

દીવેલનો સ્વાદ જ એવો વિચિત્ર છે ને, કે સ્વાસ્થ્ય માટે પણ જેઓ પણ દીવેલ લે, એનું મોઢું બગડી જ જાય, દીવેલ લીધા બાદ ઉબકા આવે ને, તો એ ય એટલા બધા વિચિત્ર હોય કે જે મોઢું બગાડી નાંખે. નાના બાળકોને ચાંદા વગેરે થયા હોય, તો પેટ સાફ કરવા માટે દિવેલ અપાતું. પણ એ વખતે એનું મોઢું એકદમ બગડી જાય, તમે જાતે પણ એકવાર અનુભવ કરી જોશો, એટલે ખ્યાલ આવી જશે.

જો મા-બાપ સામે, એટલે કે ઘરમાં પરિવારાદિ સામે આવું મોઢું ચડાવીને બેસી રહીએ, રીસ ઉતરવા જ ન દઈએ, નિરાશા-અણગમો સતત એમને દેખાવા દઈએ, તો એકપણ અક્ષર બોલ્યા વિના કે છેવટે સામાન્ય વાતચીત દ્વારા જ સફળતા મળી જશે.

હા ! એ લોકો હોંશિયારીપૂર્વક વચલો માર્ગ કાઢવાની વાતો કરશે. "ચાલ, તને દીક્ષાની રજા, બસ ! પણ એકવાર C.A. બની જા... પછી છૂટ !" C.A. બનવામાં ચાર-પાંચ વર્ષ લાગવાના હોય, ત્યાં સુધી તમને સંસારમાં બાંધી દે, ત્યાં સુધીમાં તમારા ભાવ પડી જવાની શક્યતાનો જ તેઓ લાભ લેવા માંગતા હોય છે.

એમ "જા, આપી રજા ! પણ હમણાં નહિ. બે વર્ષ બાદ ! તારા મોટાભાઈના લગ્ન થઈ જાય, પછી વાત ! તારી બહેનનું

ઠેકાણું પડી જાય, પછી વાત !..." વગેરે.

અંગ્રેજોએ આઝાદી આપી ખરી, પણ ભારત-પાકિસ્તાનના ભાગલા પાડીને ! એમાં તો આઝાદી ન મળ્યા કરતા ય વધુ નુકસાનો થયા. બિચારા ભારતીયો છેતરાયા.

એમ આ મા-બાપ વગેરે રજા આપે ખરા, એ રીતે તમને ભોળવી લે, તમે ઢીલા પડીને બે-ચાર વર્ષ ખેંચી નાંખવા તૈયારી બતાવો... આ રીતે સમાધાન થઈ જાય અને એનું ફળ એ મળે કે કદાચ એ સમય દરમ્યાન તમારા ભાવ જો પડી ગયા, તો તમે પાકા સંસારી બની જાઓ. એ જમાનાના ખાધેલ માણસો મરક મરક હસશે તમારી મૂર્ખતા ઉપર કે "તમને બહુ જ સારી રીતે પટાવી લીધા."

આવા બોઘા, ભોઠ, મુરખ ન બનવું હોય, તો આપણી માંગણીમાં કોઈપણ પ્રકારની બાંધછોડ ન કરવી. હા ! નજીવી બાબત હોય, ખરેખર કંઈક બાંધછોડ જરુરી જ હોય, તો ઠીક ! બાકી 'आ जा, फसा जा' કંપની અત્યારે ધૂમ ચાલે છે.

બે-ત્રણ મહીનાનો જ વિલંબ થતો હોય, એમાં કપટ થવાની કોઈ જ શક્યતા દેખાતી ન હોય, ખરેખર યોગ્ય કારણો હોય, એમાં બધાની પ્રસન્નતા જળવાતી હોય... તો એવું સમાધાન કરીને બાંધછોડ કરવી. બાકી આઝાદી મેળવવા ભારતના બે ભાગલા સ્વીકારી લેવા જેવું ગાંડપણ ન કરવું. આવી બાબતમાં હોંશિયાર મુનિઓની સલાહ લઈ લેવી. તેઓ જેટલી બાંધછોડ કરવાની સંમતિ આપે, એટલી જ કરવી.

મા-બાપ પાસે રજા કઈ રીતે મેળવવી ? આ પ્રથમ પદાર્થ આપણે વિચારી લીધો.

હવે મુમુક્ષુઓની મુંઝવણો અને એના સમાધાનો આ વિષય પર આપણે વિચારણા કરશું.

# करिष्ये वचनं तव

મહાભારતના યુદ્ધનો એ પ્રથમ દિવસ ! બંને પક્ષે મહારથિઓ, રથિકો, વિશાળ સૈન્ય ગોઠવાઈ ગયા છે. યુદ્ધની નોબત વાગે એની રાહ જોઈ રહ્યા છે. પણ પાંડવપક્ષે યુદ્ધ માટેની લીલી ઝંડી મળતી નથી. કારણ કે પાંડવોનો સૌથી મોટો આધાર ધનુર્ધારી અર્જુન વિષાદમાં સપડાયો છે. શ્રીકૃષ્ણ જેવા સારથિ હોવા છતાં આજે અર્જુન શોકગ્રસ્ત છે.

ના, એને હારી જવાનો ભય નથી, એને મરી જવાની બીક નથી, છતાં એક ભયંકર વિષાદ એના મુખ પર છવાઈ ગયો છે.

"ભગવન ! હું યુદ્ધ નહિ કરું. હું સંન્યાસ સ્વીકારી લઈશ." ગાંડીવ ધનુષ્ય નીચે મુક્તા મુકતા અર્જુને કૃષ્ણની સામે ધડાકો કર્યો.

'કેમ ? કંઈ કારણ ?' ચોંકેલા કૃષ્ણે સંયમ રાખીને પ્રશ્ન કર્યો.

"યુદ્ધ શેના માટે ? રાજગાદી મેળવવા ? અને એ માટે મારે કોની સામે લડવાનું ? કોને મારી નાંખવાના ? જેમના ખોળામાં મેં બાળપણ વીતાવ્યું, એ ભીષ્મદાદાને મારવાના ? જે કુલાચાર્ય પાસે અમે વિદ્યાઓ શિખ્યા એ કૃપાચાર્યને વીંધવાના ? જે દ્રોણાચાર્યે મને અનન્ય શિષ્ય માની પોતાનું સર્વસ્વ શસ્ત્રજ્ઞાન મારામાં ઉતારી દીધું, અર્જુન તરીકેની મારી ખ્યાતિમાં જે એક માત્ર સાચા યશપાત્ર છે, એમને મારે હરાવવાના ? જે ભાઈઓ સાથે અમે ધૂળ-માટીમાં વર્ષો સુધી રમ્યા છીએ, એ કૌરવભાઈઓને હણી નાંખવાના ?

ભગવન ! આ મારાથી શક્ય નથી.

ઉપકારીઓ ઉપર પ્રત્યુપકાર કરવાના અવસરે હું અપકાર કરું તો મારા જેવો કૃતઘ્ની કોઈ જ નહિ."

કૃષ્ણ ગંભીર છતાં માર્મિક હાસ્ય વેરી રહ્યા. એ પછી શ્રીકૃષ્ણે અર્જુનની ગેરસમજ દૂર કરવા માટે જે શબ્દો ઉચ્ચાર્યા, એ જ ભગવદ્‌ગીતા ! એ જ કૃષ્ણગીતા !

એનું ફળ શું મળ્યું ? એ તો બધા જાણે જ છે.

અર્જુને જુસ્સા સાથે, ઉત્સાહ સાથે ગાંડીવ હાથમાં પકડી લીધું, અને એ બોલ્યો "नष्टो मोहः स्मृतिर्लब्धा । करिष्ये वचनं तव..." ભગવન ! મારી ગેરસમજ ખતમ થઈ ગઈ, મને સાચી સમજણ મળી ગઈ છે. હવે આપે જે કહ્યું, એ પ્રમાણે જ હું કરીશ." અને અર્જુન લડ્યો, ધર્મનો વિજય થયો.

આ વાત અત્યારે કેમ યાદ આવી ? એ કહું તમને !

એવા કેટલાક મુમુક્ષુઓ જોવા મળ્યા, કે જેઓને દીક્ષા લેવાની ભાવના ખૂબ છે. વૈરાગ્યમાં ખામી નથી, પાત્રતા ઘણી સારી છે, પણ મા-બાપ વગેરે સ્વજનો માટેના કેટલાક પ્રશ્નો ઉભા થાય, ત્યારે તેઓ દ્વિધામાં ફસાઈ જાય છે. મુમુક્ષુઓ મા-બાપને ઉપકારી તો માને જ, અને એટલે જ એમને દુઃખ પહોંચાડવામાં, એમની સામે થવામાં તેઓ એકદમ આઘાત અનુભવે છે. "માતા-પિતા એ જીવતા જાગતા ભગવાન છે, માતાપિતાની સેવા એ અડધી દીક્ષા છે." વગેરે વાક્યોને હિસાબે આ મુમુક્ષુઓ દીક્ષાનો વિચાર માંડી વાળવા સુધી પહોંચી જાય છે. આ બધું કેટલું યોગ્ય કે અયોગ્ય ? એનું વિભાગીકરણ જરુરી લાગ્યું.

અર્જુન જેવા મુમુક્ષુઓના વિષાદયોગને દૂર કરવા માટે મારે કૃષ્ણની માફક એને સમાધાન તો આપવા જ પડશે.

<u>મુમુક્ષુ :</u> મા-બાપ મારા અત્યંત ઉપકારી છે. અને મેં આપની પાસે જ સાંભળ્યું છે કે આપણા શ્રીસ્થાનાંગસૂત્રમાં અને પ્રશમરતિમાં સ્પષ્ટ જણાવેલું છે કે "મા-બાપના ઉપકારનો બદલો

વાળી શકતો નથી...” (दुष्प्रतिकारौ मातापितरौ, तिण्हं दुप्पडियारं... વગેરે પાઠો છે)

હવે જો તેઓ રજા આપી દે, તો તો દીક્ષા લઈ લઉં, પણ તેઓ રજા ન આપે, તો એમની સામે જીદ પર ઉતરવું ? બળજબરીથી રજા લેવી ? એવી અનિચ્છાએ આપેલી રજા મને શું લાભ કરવાની ? મેં કૃતઘ્નતા આચરેલી ન ગણાય ?

જે મા-બાપે મને અહીં સુધી પહોંચાડ્યો. મારી પાસેથી એક પૈસો પણ લીધા વિના મારી પાછળ અત્યાર સુધીમાં લાખો રૂપિયાઓ ખર્ચી નાંખ્યા. મારા ખાતર પોતાના સુખોનો પણ ભોગ આપ્યો. એમણે અત્યાર સુધી મને આપ્યું જ છે, મારા પાસેથી કશું લીધું નથી. અને હવે આજે જ્યારે હું મોટો થયો છું, સંપત્તિ કમાઈ લેવા માટે લાયક બન્યો છું, ધારું તો મારી શક્તિ પ્રમાણે, ઝડપથી કે ધીમે ધીમે લાખો રૂપિયા કમાઈ શકું છું. ઘડપણ પામનારા મા-બાપને છેલ્લા વર્ષોમાં બિલકુલ ચિંતામુક્ત કરી શકું છું, એમની તમામ ઈચ્છાઓ પૂર્ણ કરી શકું છું.

સ્વાભાવિક છે કે મા-બાપને મારી પાસે આ અપેક્ષા હવે તો હોય જ. કારણ કે તેઓ ઘડપણમાં પરાધીન બનવાના જ છે. અને પોતાના સંતાન પાસે તેઓ આટલી અપેક્ષા રાખવાને હકદાર છે.

હવે આ અણિના સમયે હું દીક્ષા લઈ લઉં, પછી એમનું શું ? તેઓને કેવો આઘાત લાગે ? શું મા-બાપને રડતા-કકળતા મૂકીને દીક્ષા લેવી એ જૈનધર્મને માન્ય છે ? દીક્ષા લેવાની છે, કીડી વગેરેની કરુણા કરવા ! પણ એના પહેલા મા-બાપની કરુણા નહિ કરવાની ?

મારી દીક્ષાની ભાવના તીવ્ર છે ! પણ મા-બાપ સહર્ષ સંમતિ આપે તો ! એમને દુઃખી કરીને દીક્ષા લેવા માટે મન તૈયાર થતું નથી.

➺ <u>ગીતાર્થ :</u> તું પરલોક માને છે ? મોક્ષ માને છે ? ચારગતિનું સ્વરૂપ જાણે છે ?

<u>મુમુક્ષુ :</u> હા ! કેમ ? એમાં પુછવા જેવું શું છે ? માટે જ તો દીક્ષા લેવાની ભાવના છે.

<u>ગીતાર્થ :</u> બીજી વાત ! દસ વર્ષના છોકરાને સખત તાવ આવ્યો છે, રોગ ચકાસીને ડોક્ટર કહે છે કે આને પાંચ દિવસ રોજ એક-એક ઈંજેક્શન આપવું પડશે. છોકરો આ સાંભળીને ગભરાઈ જાય છે. 'મારે ઈંજેક્શન લેવા નથી.' રોગ ભયંકર છે, પણ છોકરો એ સમજતો નથી, એને તો જીવલેણ રોગ કરતા ય ઈંજેક્શનની સોંયનો ભય વધારે છે.

છોકરા પ્રત્યે ખૂબ લાગણી ધરાવતા સ્વજનો શું કરશે ?

<u>મુમુક્ષુ :</u> ઈંજેક્શન અપાવડાવશે.

<u>ગીતાર્થ :</u> પણ છોકરાને દુઃખ થાય, ન ગમે, રાડો પાડે તો પણ ?

<u>મુમુક્ષુ :</u> એ સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી. જો એવી ખોટી દયા ખાવા જાય, તો છોકરો મરી જ જાય. આવું ગાંડપણ કોઈપણ મા-બાપ ન કરે...

<u>ગીતાર્થ :</u> પણ છોકરો કોઈપણ હિસાબે ઈંજેક્શન લેવા તૈયાર જ ન થાય તો ?

<u>મુમુક્ષુ :</u> સ્વજનો એને સમજાવે, લાલચ આપે કે ·તને મનગમતી વસ્તુ આપશું... વગેરે. છતાં ન જ માને તો ગમે તે રીતે પટાવીને, કપટ કરીને ઈંજેક્શન અપાવે. કપટથી ઠગાય નહિ, તો છેવટે બે-હાથ-પગ પકડીને પણ ઈંજેક્શન અપાવે.

<u>ગીતાર્થ :</u> આ રીતે છોકરાને લાલચ આપવી, ફોસલાવવો, ઠગવો, છેવટે બળજબરી કરવી... એ બધું શું સારું ગણાય ? મા-બાપ વગેરે સ્વજનોને આવું કરવું શોભે ?

<u>મુમુક્ષુ :</u> કેમ નહિ ? એનાથી છોકરાને સારું જ થાય છે. સ્વજનોની ભાવના પણ નિર્મળ જ છે. છોકરો પણ પાછળથી તો આનંદ જ પામે છે. એ માટે ઈંજેક્શનનું દુઃખ અનિવાર્ય છે.

અને આવું તો બધે જ જોવા મળે છે.

સંપત્તિનું સુખ જોઈએ, તો પરિશ્રમનું દુઃખ વેઠવું જ પડે.

સ્ત્રીનું સુખ જોઈએ, તો સંસારની સેંકડો જવાબદારીઓનું દુઃખ વેંઢારવું જ પડે.

સંતાનનું સુખ જોઈએ, તો સંડાસ-બાથરૂમ સાફ કરવાદિ તમામ દુઃખ સહન કરવા જ પડે.

એમ છોકરાને આરોગ્યનું સુખ જોઈતું હોય, તો ઈંજેક્શનાદિના દુઃખો સહન કર્યા વિના એને છુટકો જ નથી. અને એટલે સ્વજનો જે કંઈ કરે છે, એ બધું બરાબર છે.

<u>ગીતાર્થ :</u> શાબાશ. તારી પાસે કેટલી ઉંડી સમજ છે, પણ આ જ સમજણનો ઉપયોગ તું ધર્મક્ષેત્રમાં કેમ નથી કરતો ?

<u>મુમુક્ષુ :</u> મને કંઈ ખબર નથી પડતી કે આપ શું કહેવા માંગો છો ? પહેલા "પરલોક, મોક્ષ માને છે કે નહિ ?" એ પુછો છો, અને પછી આ આખી ઉંધી જ દિશામાં લઈ જાઓ છો, તમે શું કહેવા માંગો છો ?

<u>ગીતાર્થ :</u> તારા મા-બાપની ઉંમર ધારો કે ૫૦ આસપાસની હશે. તને એમની જીંદગીના છેલ્લા વીસેક વર્ષોની ચિંતા છે. એમને પણ એ ચિંતા છે. પ્રાયઃ હવે ૭૦થી વધુ વર્ષની જીંદગીની આપણે ઓછી જ કલ્પના કરીએ છીએ.

બીજી બાજુ તું પરલોક માને છે, એનો અર્થ એ કે જો પરલોક બગડે, તો અનંત સંસાર વધી શકે છે. અનંતકાળ દુર્ગતિઓના અતિભયંકર દુઃખો આવી શકે છે.

તારા મા-બાપ પેલા છોકરા જેવા છે, જેમને ૨૦ વર્ષની ચિંતા વધારે છે.

તું પેલા સમજુ સ્વજનો જેવો છે.

ધર્મ ઇંજેક્શન જેવો છે, તારી દીક્ષા ઇંજેક્શન જેવી છે.

દુર્ગતિઓના દુઃખો ભયંકર રોગ અને એનાથી આવનારા મરણ જેવા છે.

હવે તું જ શાંતિથી વિચારીને મને જવાબ આપ કે તારે શું

કરવું ?

તું સંસારમાં રહીને ૨૦ વર્ષ મા-બાપની સારી સેવા કરીશ, કદાચ એમને તીર્થયાત્રા વગેરે ધર્મ પણ કરાવીશ. પણ એ ધર્મ એવો કોઈ વિશિષ્ટ કોટિનો થવાની શક્યતા ઓછી ! એટલે જ તું એમને આ લોકમાં તો સુખી કરી નાંખીશ, પણ મર્યા પછીની એમની દુનિયાનું શું ? મરતી વખતે નવકાર સંભળાવી દેવા માત્રથી એમનું કલ્યાણ થઈ જાય, એવું તું માનતો હોય તો એ તારી ભ્રમણા છે.

એના બદલે તું દીક્ષા લે, મા-બાપને વિરહની વેદના પણ થાય. પણ તું સંયમી બને, પછી તારા પરનો એમનો બહુમાનભાવ ખૂબ જ વધી જાય. પછી તું જે કહે, એ લગભગ સ્વીકારી જ લે. એમને ઓછું ગમશે, તો ય તારા પ્રત્યેની લાગણીથી, શ્રદ્ધાથી સ્વીકારશે. તું બધે જ તપાસ કરી આવ, કોઈપણ મા-બાપ ધાર્મિક બાબતોમાં પોતાના સંસારી સંતાનોની પ્રેરણાને કેટલી માને ? એની સામે દીક્ષિત સંતાનની પ્રેરણાને કેટલી માને ?

સંસારી છોકરો કહેશે કે "પપ્પા ! હવે ધંધો ઓછો કરો, પૂજા-સામાયિક કરો..." તો જલ્દી નહિ માને... પણ સાધુ છોકરો કહેશે કે "હવે વધુ ને વધુ આરાધના જ કરવી જોઈએ. ધંધો-પાણી તો ઘણા થઈ ગયા..." તો એની વાત પર શ્રદ્ધા બેસશે.

નજર કરજે તું કે જેઓ સંયમી બન્યા છે, એમના મા-બાપના જીવનમાં ધર્મ ઘણો બધો ફેલાયો છે. સંસારીઓના મા-બાપમાં ઓછો...

વળી

+ તને વારંવાર વંદન કરવા માટે આવે, તારી વાતો સાંભળે... આ બધા સાધુ સત્સંગથી એમના જીવનમાં સાચું પરિવર્તન આવે.

+ મેં મારા દીકરાને દીક્ષા આપી... એ અનુમોદના જીવનની છેલ્લી પળોમાં એમને વર્ણનાતીત આનંદ આપનારો બને.

+ તારા ગુરુ કે ગુરુભાઈઓ જ્યારે તારા ગુણોની પ્રશંસા કરે, "તમે તો શાસનને રત્ન આપ્યું છે." વગેરે કહે, ત્યારે એમની આંખો હર્ષથી છલકાઈ ઉઠે. વિયોગની વેદના તો ક્યાંય દટાઈ જાય.

+ તને તેઓ પ્રભાવક પ્રવચનકાર તરીકે કે કોઈક મહાપુરુષના વૈયાવચ્ચી તરીકે કે વિશિષ્ટ તપસ્વી તરીકે જોશે,... ત્યારે તો તેઓની છાતી ફાટી જવાની... એ તો તું એવા મા-બાપોને પૂછ કે 'તમને તમારા સંયમી દીકરાની સિદ્ધિઓ જોઈને કેટલો અને કેવો આનંદ થાય છે ?'

અરે ! મરતી વખતે પણ એ તારા દર્શનની ઝંખના રાખશે, તું નજીક હશે તો તારા મુખે, એક પંચ મહાવ્રતધારી મુનિના મુખે પવિત્ર શબ્દો સાંભળીને સાચું સમાધિ મરણ પામશે. તું કદાચ નજીક નહિ હોય, તો ય એ તારો સાધુવેષધારી ફોટો નજર સામે રાખવાનું ચોક્કસ પસંદ કરશે. કદાચ તારા ભાઈએ એમની પુષ્કળ સેવા કરી હશે, તો ય અંત સમયે તો બિલકુલ સેવા નહિ કરનારા એવા ય તને તે ભાવભરી વંદના કરશે. ભલે, એમાં સ્નેહરાગ છે, પણ સાથે સાધુધર્મરાગ પણ છે, માટે જ તો બીજા બધા સ્વજનોને બદલે તારા, તારા ફોટાના દર્શન ઝંખે છે ને ? આવી ચારિત્રધર્મની અનુમોદના કરતા કરતા જો મરણ પામે, તો સંપ્રતિ મહારાજા જેવા જ કોઈક વિશિષ્ટ વિભૂતિ ભવિષ્યમાં બની રહે ને ?

એમનો સંસાર ટુંકાવી નાંખવાની તાકાત તારા દીક્ષાગ્રહણમાં છે.

એમને સાચો ધર્મ પમાડવાનું સામર્થ્ય તારા દીક્ષાગ્રહણમાં છે.

હવે બોલ ! માત્ર ૨૦ વર્ષની ચિંતા કરવી છે ? કે આ પછીના એમના અનંત ભવિષ્યની ચિંતા કરવી છે ? જો ખરેખર એ ઉપકારી હોય, તને એમના ઉપકારનો બદલો વાળવાનું મન હોય તો ય તારે સંસાર છોડીને દીક્ષા જ લેવી જોઈએ. કારણ કે સાચો પ્રત્યુપકાર તારા સંસારમાં રહેવાસથી નહિ, પણ સંસારના ત્યાગથી જ થશે.

તું જે શાસ્ત્રપાઠોની વાત કરે છે, એમાં તો સ્પષ્ટ લખ્યું છે કે મા-બાપની આ લોક સંબંધી તમામે તમામ પ્રકારની શ્રેષ્ઠ કાળજી કરવા છતાં પણ એમના ઉપકારનો બદલો ન જ વાળી શકાય. એનો એક માત્ર ઉપાય છે, 'એમને ધર્મ પમાડો.' જેટલો વધુ ઉંચો ધર્મ પમાડો, એટલો વધુ પ્રત્યુપકાર થયેલો ગણાય.

જો તું સર્વજ્ઞવચનો પર શ્રદ્ધા ધરાવતો હોય, તો નબળી વાતો કરવાનું બાજુ પર રાખી, મા-બાપને તત્કાળ દુઃખી જોઈને રડવા કરવાનું બંધ કરી, ભવિષ્યનો વિચાર કરીને મક્કમતાથી નિર્ણય લે.

હા !

★ પહેલા મા-બાપને સમજાવવાના, અનેક પ્રકારે સમજાવવાના.

★ પછી મા-બાપને ફોસલાવવાના, "તમારી બધી વ્યવસ્થા ગોઠવીને જ જાઉં છું અને હું સાધુ બનીશ, પછી તો મારા મા-બાપ તરીકે તમારું બધે જ માન-સન્માન વધી જશે..."

★ પછી મા-બાપને ઠગવા પણ પડશે, એ માટે કુંડળીના ખોટા ખોટા બહાના પણ કાઢવા પડે. કોઈક જ્યોતિષીને ફોડી નાંખીને એના દ્વારા મા-બાપને કહેવડાવવું પણ પડે કે "આને પત્ની તો રૂપવાન મળશે, પણ લગ્નજીવન સંકલેશમય જશે. કદાચ છૂટાછેડા થાય. સંતાનો થવાની શક્યતા નથી, આયુષ્ય ઓછું છે, જો સંસારસુખ ભોગવશે તો ગંભીર રોગો થવાની શકયતા છે..." વગેરે. અને આ નાટક એવી રીતે ગોઠવેલું હોય કે બધું સાચું જ લાગે.

★ પછી જીદ કરવી પડે, થોડી બોલાચાલી થાય, સામસામે મોટા અવાજે બોલવાનું થાય, તને કષાય પણ જાગે, સંબંધો બગડે, મા-બાપને લાગે પણ ખરા કે 'આ છોકરો હવે સખત જીદમાં છે.' તમારા પરનો સ્નેહ ઘટી જાય. 'એને જે કરવું હોય, તે કરવા દો.' એમ ઉપેક્ષા કરીને હા પાડે.

આવી એમની હર્ષરહિત રજાથી દીક્ષાની જય બોલાય,

સ્વજન હોવાના નાતે તેઓ બધા પ્રસંગોમાં હાજરી આપે... પણ આનો ફાયદો ઓછો નથી. ઢગલાબંધ મુમુક્ષુઓની દીક્ષામાં આવા તો અનેકાનેક અણબનાવના પ્રસંગો બન્યા જ હશે, પણ એ બધો ગુસ્સો, અણબનાવ દીક્ષા પછી સળગીને રાખ થઈ જાય છે. તમામ મા-બાપ પોતાના સંયમી દીકરાને પાછા અંતરથી ચાહવા જ લાગે છે. હજારમાં એકાદ અપવાદ હોય, તો એમાં કોઈ આશ્ચર્ય નથી.

<u>મુમુક્ષુ :</u> તમામ ઉપાયો પછી પણ ન જ માને તો ? ભાગી જવાનું ?

<u>ગીતાર્થ :</u> હા ! જો તમામ ઉપાયો પછી પણ ન જ માને તો ભાગીને પણ દીક્ષા લેવાની. પણ ધ્યાન રાખજે કે આ ઉપાય છેલ્લે અજમાવવાનો છે, પહેલા નહિ. પહેલા તો બધા જ ઉપાયો ધીરજ રાખીને ક્રમશઃ અજમાવી જ જોવાના. એ પછી પણ કોઈપણ હિસાબે મેળ નહિ જ પડે તો પછી...

<u>મુમુક્ષુ :</u> પણ આ સારું કહેવાય ? મા-બાપને કહ્યા વિના ભાગીને દીક્ષા...

<u>ગીતાર્થ :</u> વાહ ! આજે ભારત સરકાર પુખ્ત વયના સ્ત્રી પુરુષોને પોતાની ઈચ્છા પ્રમાણે લગ્ન કરવાની છૂટ આપી શકે. એ લગ્ન મા-બાપની રજા વિના હોય તો પણ કાયદેસર મનાય. અને ભારતના ઢગલાબંધ સમાજો એનો કોઈ જાતનો વિરોધ કર્યા વિના ચૂપચાપ બેસી રહે. અને દીક્ષા જેવી પવિત્ર વસ્તુમાં બધા ઉપાયો અજમાવ્યા પછી છેક છેલ્લે સાચા ભાવથી ભાગીને દીક્ષા લે, ત્યાં જ બધાને વાંધો આવી પડે છે ? એ ભાગે છે, એમાં ય મા-બાપનું ભવિષ્યમાં હિત કરવાની ભાવના છે, એ બધા કેમ ભૂલી જાય છે ?

પંચસૂત્રગ્રન્થના બીજા સૂત્રમાં કેવી રીતે દીક્ષા લેવી ? એની વિસ્તૃત વિધિ બતાવી છે. એમાં આપેલું દૃષ્ટાન્ત જોઈએ. મા-બાપને લઈને બે ભાઈઓ જંગલ પસાર કરી રહ્યા છે, ત્યાં જ અધવચ્ચે મા-બાપ સખત માંદા પડે છે. "મા-બાપને છોડીને શી રીતે જવાય ? અત્યારે તેઓ કેવા દુઃખી છે" એમ વિચારીને મોટો

ભાઈ ત્યાં જ રહે છે. એમની પાસે રહી બધી સેવા કરે છે.

પણ નાનો ભાઈ વિચારે છે કે "દવા કર્યા વિના માંદગી દૂર નહિ થાય, અને એના વિના આ જંગલ ઓળંગાશે નહિ. એમાં મા-બાપ મરી જ જશે. એના બદલે મા-બાપને છોડીને મારે કોઈ ગામમાં જઈ વૈદ્યને કે દવાને લાવવી પડશે."

અને નાનો ભાઈ મા-બાપની સેવા (!) પડતી મૂકીને ભાગ્યો, ગામમાં જઈ વૈદ્યને તેડી લાવ્યો, વૈદ્યે દવા કરી અને મા-બાપ સાજા થયા, જંગલ પસાર કરી યોગ્ય સ્થાને હેમખેમ પહોંચી ગયા.

બોલો, નાનાભાઈએ માંદા મા-બાપને છોડી દીધા, એ સારું કર્યું કે નહિ ? એમ તું સંસારમાં સપડાયેલા મા-બાપને છોડીને દીક્ષા લે છે, એ એમના માટે વિશિષ્ટ ધર્મ રૂપી દવા લેવા માટે જ જાય છે. એ દવા લઈને તું પાછો આવશે, મા-બાપને એ દવા આપશે, એમને સદ્‌ગતિ અને પરમગતિની પ્રાપ્તિ કરાવશે.

તારો ભાઈ મા-બાપની સેવામાં રોકાય, તો ય એ એમના સંસાર રોગને દૂર નથી કરી શકવાનો. કેમ કે એની પાસે એની ધર્મરૂપી દવા જ નથી. માત્ર બે-ચાર ધર્મક્રિયા કરાવી દેવા માત્રથી કંઈ ઠેકાણું પડી જતું નથી.

અને આજે તો એવા ઢગલાબંધ દૃષ્ટાન્તો મળશે.

+ મેં સંસારી પિતાશ્રીને કેન્સરના છેલ્લા દિવસોમાં અનેક ધર્મારાધના કરાવી. મૃત્યુના ૧૫-૨૦ દિવસ પહેલા જ એમણે પોતાના ઘરે, પોતાના હાથે પૂ. ગુરુદેવશ્રીની નિશ્રામાં પ્રભુની પ્રતિષ્ઠા અપૂર્વ ઉલ્લાસ સાથે કરી. એમના જીવનનું એ અણમોલ સુકૃત થઈ ગયું. એવી બીજી પણ ઢગલાબંધ બાબતો !

+ અમારા એક બાલ (!) મુનિએ પોતાની ૪૨ વર્ષની જ નાની ઉંમરની બાને કેન્સર થતા એને અભૂતપૂર્વ આરાધના કરાવી. તાત્કાલિક મૌખિક ભવાલોચના વડીલ પાસે કરાવી લીધી, એમના હાથે જ સાતક્ષેત્રમાં લાખેક રૂપિયાનું દાન કરાવી દીધું. ઘણી બધી

વસ્તુઓની મમતા વોસિરાવી દીધી. દીકરા મહારાજના સ્નેહને પરિણામે એ બાએ અઢળક દ્રવ્ય-ભાવ સુકૃતો સાધી લીધા. બાલમુનિનો સગો ભાઈ ઘરે હોવા છતાં આમાંનું કશું જ એ કરાવી ન શકત...

+ પૂ. ગુરુદેવશ્રીએ એક ભાઈને દીક્ષાની ના પાડી, કારણ કે એના પિતાનો એ એકમાત્ર આધાર હતો. પણ તરત જ એના વયોવૃદ્ધ પિતા, લાકડીના ટેકે ટેકે ગુરુદેવશ્રી પાસે આવીને કહે "તમે મારા મર્યા બાદ આને દીક્ષા આપશો, એમ ને ? એટલે મને મારી આંખે મારા દીકરાને સાધુ તરીકે જોવાનું સૌભાગ્ય નહિ મળે, એમ ને ? સાહેબજી ! જીવનમાં એવા કોઈ મોટા સત્કાર્યો મેં કર્યા નથી. આ એક મહાન સત્કાર્ય કરવાની મારા હાથમાં તક આવી છે, એ છિનવી ન લેશો. આપો મારા દીકરાને દીક્ષા ! મારી ફીકર છોડી દો. પ્રભુની કૃપાએ બધું સારું જ થશે."

આ પિતાને દીકરા સિવાય કોઈ જ સાચવનાર નહિ, પત્ની મૃત્યુ પામેલી. પણ એ બધાની પરવા કર્યા વિના એમણે આટલી હદની ઉદારતા બતાવી અને પૂ. ગુરુદેવશ્રીએ એ ભાઈને દીક્ષા આપી. પિતા ખૂબ રાજી થયા.

શું ફળ મળ્યું ખબર છે એમને ?

ઉંમર તો ખાસ્સી થઈ ગયેલી, કોઈક રોગ તો થવાનો જ હતો. છેલ્લે એમને કેન્સર થયું, પણ પાલિતાણાની પવિત્ર ભૂમિમાં દિવાળી આસપાસના સમયમાં પૂ. ગુરુદેવશ્રીની જ નિશ્રામાં નમસ્કાર મહામંત્રના માંગલિક જાપ સાથે પરમસમાધિ પૂર્વક મૃત્યુ પામ્યા. હા ! એ વખતે એમના પુત્રમુનિ એમની આંખો સામે જ બેઠા હતા, અને એમનો મુનિવેષ જોઈને એ પિતાના મુખ પર પરમસંતોષની લાગણી છવાઈ ગઈ હતી.

અબજોપતિ મા-બાપોને એમના સેવાભાવી દીકરાઓ પણ શું આવું મોત આપી શકશે ? હા ! તેઓ સારામાં સારી હોસ્પિટલની ટ્રીટમેન્ટ અપાવશે, લાખો ખર્ચી નાંખશે, સતત હાજરી આપશે,

ધંધો બાજુ પર મૂકશે... પણ મા-બાપને સમાધિ, ભાવધર્મ આપવાની એમની હેસિયત જ શું છે ?

જે મા-બાપના દીકરા કે દીકરીએ દીક્ષા લીધી હોય, એ મા-બાપને અંતિમ વર્ષોમાં, પળોમાં દીક્ષિત સંતાનની યાદ વધુ આવવાની. પણ બાકીના મા-બાપોની શી હાલત ?

બોલ, મુમુક્ષુ ! તું તારા મા-બાપ પર સાચો ઉપકાર કરવા માંગે છે ને ? તો તારે શું કરવું જોઈએ, એ હવે તું જ નક્કી કર.

ખરેખર, તો માત્ર મા-બાપ જ નહિ, સમાજ-રાષ્ટ્ર-સંઘ-મિત્રો બધા જ તારા ઉપકારી છે. અને એ બધાના ઉપકારનો બદલો તું સાધુ થઈને સાચા અર્થમાં વાળી શકીશ. એક સાધુ સમાજ-રાષ્ટ્ર-સંઘાદિને સાચું માર્ગદર્શન આપીને, સાચો રસ્તો દેખાડીને જે ઉપકાર કરે છે, એ કદાચ કોઈ નહિ કરી શકે.

અને તમે જુઓ. જે જગ્યાએ સંતો જાગ્રત છે, તે જગ્યાએ પ્રજા ધર્મી છે, શાંત છે, પ્રસન્ન છે. જે સંઘોમાં ઉત્તમ મુનિઓના ચોમાસા થાય છે, એ સંઘોની રોનક પલટાઈ જાય છે. એક સાધુ સેંકડો યુવાનોને મા-બાપના સેવક બનાવે છે, એમની સામે થતા અટકાવે છે... આ રીતે સાધુ માત્ર પોતાના મા-બાપની નહિ, સેંકડો મા-બાપની કાળજી કરે છે... આ બધું પણ વિચારવું તો પડશે ને ?

એક મુમુક્ષુ જેટલું ઋણ ચૂકવે છે, એટલું કદાચ કોઈપણ ચૂકવી શકતું નથી. (જો એ સાચો દીક્ષિત બને તો...)

સાધુ સેંકડો સજ્જનોને જન્મ આપે છે, એ સજ્જનો લોકો પર પુષ્કળ ઉપકાર કરે છે.

સાધુ સેંકડો દુર્જનો બનતા અટકાવે છે, એનાથી લોકો પર આવનારા દુ:ખો અટકે છે.

સાધુ સેંકડો પરિવારોમાં શાંતિ-સંપની પ્રભાવના કરે છે.

સાધુ સેંકડો લોકોને અનંતસંસારની મુક્તિ અપાવે છે.

સાધુ શું ઉપકાર કરે છે ? એનું લિસ્ટ બહુ-બહુ જ મોટું છે,

ભાઈ !

માત્ર મા-બાપને સાચવવા ખાતર સંસારમાં રહી જનારો મુમુક્ષુ સાધુ ન બનવાના કારણે, સાધુ બનવાથી થનારા આવા કેટલા બધા મહાન કાર્યોની તક ગુમાવે છે, એ એને કોણ સમજાવશે ?

બોલ, મુમુક્ષુ ! હવે તો તને સમાધાન મળી ગયું ને ?

મુમુક્ષુ : શાસ્ત્રોમાં એવું વર્ણન નથી આવતું ? કે મા-બાપની બધી જ વાત માનવી જોઈએ. યોગબિન્દુ ગાથા-૧૧૪માં લખ્યું છે કે **त्यागश्च तदनिष्टानां, तदिष्टेषु प्रवर्तनम्** । મા-બાપને જે અનિષ્ટ હોય, એનો ત્યાગ કરવો, જે ઈષ્ટ હોય, એમાં પ્રવૃત્તિ કરવી.

હવે મા-બાપને દીક્ષા ઈષ્ટ નથી, તો મારે એનો ત્યાગ જ કરવો જોઈએ ને ? 'હું સંસારમાં રહું' એ જ એમને ઈષ્ટ છે, તો મારે એમ જ કરવું જોઈએ ને ?

ગીતાર્થ : તું વળી યોગબિન્દુ ક્યારે ભણી ગયો ? ઠીક ! પણ તું જે ભણ્યો છે, એ અધકચરું ભણ્યો લાગે છે. એ જ ગાથામાં તરત લખ્યું છે કે **औचित्येन त्विदं ज्ञेयं प्राहुर्धर्माद्यपीडया** । મા-બાપને ન ગમે, એ છોડી દેવું... એ બધું ઔચિત્યપૂર્વક સમજવું. ધર્મ વગેરેને મુશ્કેલી ન પડે, એ રીતે એ પદાર્થ જાણવો.

એની ટીકાના શબ્દો જુઓ.

**यदि तदनिष्टेभ्यो निवृत्तौ तदिष्टेषु च प्रवृतौ धर्मादयः पुरुषार्था बाध्यन्ते, तदा न तन्निवृत्तिपरेण भाव्यम्, किन्तु पुरुषार्थाराधनपरेणैव, अतिदुर्लभत्वात्पुरुषार्थाराधनकालस्य ।**

જો મા-બાપને ન ગમે, એ કામ છોડી દેવામાં અને એમને ગમે એ કરવામાં ધર્મ-અર્થ-કામ પુરુષાર્થોને વાંધો આવતો હોય, તો મા-બાપની વાત ન માનવી, પરંતુ પુરુષાર્થ જ સાધી લેવો. કારણ કે પુરુષાર્થને સાધી લેવાનો કાળ અત્યંત દુર્લભ છે.

આનો પ્રસ્તુતમાં સાર એ કે દીક્ષા ધર્મપુરુષાર્થ છે, મા-બાપનું કહ્યું માનવામાં જો દીક્ષા અટકે તો એ ન ચાલે. એ વખતે મા-

બાપની વાત નહિ માનવાની, પરંતુ દીક્ષાનો સ્વીકાર કરવાનો. કારણ કે દીક્ષા માટેની અનુકૂળતા... અત્યંત દુર્લભ છે.

એક દૃષ્ટાન્ત

દસમા-બારમા ધોરણના છોકરાઓને દિવાળીના વેકેશનમાં અઢારિયું કરી લેવાની પ્રેરણા કરી. ઘણાએ જવાબ આપ્યો કે "સાહેબજી ! ઈચ્છા તો છે, પણ આ વખતે બોર્ડની એક્ઝામ છે. એટલે એમાં મહેનત ખૂબ કરવી પડશે."

આવું જ C.A., M.B.A. વગેરેની પરીક્ષા બાબતમાં પણ બને.

૧ થી ૯ ધોરણની પરીક્ષા મહત્ત્વની ન હતી, એટલે એમાં ટાઈમ-બગાડ ચાલે, પણ બોર્ડ વગેરેની પરીક્ષામાં તો બધું જ બાજુ પર મૂકીને સખત મહેનત કરવી જ પડે. હા ! મહાત્માની સૂચનાઓ પણ નમ્રતાથી છતાં મક્કમતાથી નકારવી પડે.

તો અનંતા ભવોમાં બીજી બધી ગતિઓના ભવો ૧ થી ૯ ધોરણ જેવા નકામા જ હતા. પણ માનવભવ, એમાંય જૈનકુળ, પાકી સમજણ... વગેરે તો ઘણું ઘણું મહત્ત્વનું ! હવે એ મળે ત્યારે ધર્મ સિવાય બીજું બધું ગૌણ જ કરવું પડે ને ? ત્યારે મા-બાપની સૂચનાઓ પણ મક્કમતાપૂર્વક નકારીને ધર્મની આરાધના જ કરી લેવી જોઈએ ને ?

ભોગો બીજા ભવોમાં ! યોગ તો આ અદ્ભુત માનવભવમાં જ !

<u>મુમુક્ષુ :</u> મારા માતા-પિતાની આર્થિક સ્થિતિ સારી ન હોય, તો શું કરવું ? એમને એ રીતે રઝળતા મુકીને દીક્ષા લેવી એ તો યોગ્ય નથી જ ને ? તેઓ સ્નેહથી રોકે, તો સ્નેહને ગૌણ કરીએ, પણ તેઓને માથે દેવું હોય, પાછળ કમાઈ આપનાર કોઈ ન હોય, વિશેષ મૂડી ન હોય... પૈસા હોય તો છેલ્લે સુધી સાચવણી કરનાર કોઈક મળી રહે, પણ પૈસા જ ન હોય તો ? એટલે જ સેવક વિનાના મા-બાપને હજી છોડી દેવાય, પણ ધન વિનાના મા-બાપને...

ગીતાર્થ : આ તમારી વાત સાચી છે. આમાં જો દીક્ષા લઈએ તો શાસનની પણ નિંદા થાય. એટલે આના માટે નીચેના ઉપાયો વિચારી શકાય.

★ જો તું બે-ત્રણ વર્ષમાં સારું એવું કમાઈ લઈને એમને માટે પૂરતી મૂડી મૂકી શકતો હોય, તો પછી તારે એમ કરવું યોગ્ય છે. એ સમય દરમ્યાન વૈરાગ્ય નબળો ન પડે, એની કાળજી રાખવી.

★ જેટલી જરુર હોય, એટલી રકમ કરતા જો પાંચ-દસ વર્ષ લાગવાના હોય, એ પણ પાછું નિશ્ચિત થઈ શકતું ન હોય, તો આવી પરિસ્થિતિમાં એટલું ધ્યાન રાખવું કે એવા કેટલાય શ્રીમંતો હોય છે, જેઓ પોતાનો દીક્ષાનો અંતરાય તોડવા, દીક્ષાની અનુમોદના કરવા આવા ગરીબ પરિવારોમાંથી જો કોઈ દીક્ષિત થતું હોય, તો પાછળ એના આખા પરિવારની જવાબદારી સંભાળી લેતા હોય છે.

તારે સામેથી આવા કોઈ પાસે જવાનું નથી, પણ તારા ગુરુજી વગેરેને આ વાતનો ખ્યાલ આવે, તો ગુરુજી પાસે આવા શ્રીમંતો આવતા જ હોય, તેઓ જો સામે ચાલીને આ લાભ લેવા તૈયાર થાય, તો એમને ના ન પાડવી... આમાં તારો ભાવ તો વહેલામાં વહેલી તકે દીક્ષા લેવાનો જ છે. ઉલટું આ રીતે એ શ્રીમંતોની સંપત્તિ સન્માર્ગે વપરાશે, એમના આત્માનું કલ્યાણ થશે.

શ્રીકૃષ્ણ મહારાજાએ કરોડો યાદવોની સામે આ ઘોષણા કરેલી કે 'જેઓ નેમિપ્રભુની પાસે દીક્ષા લેશે, તેના આખા પરિવારની તમામે તમામ જવાબદારી મારી ! એમણે પાછળની કશી જ ચિંતા કરવાની નહિ.'

શ્રી જ્ઞાતાધર્મકથા નામના આગમમાં આ પદાર્થ જોવા મળ્યો છે. એટલે આવું થતું હોય, તો પણ અનુચિત નથી.

★ આ સિવાય ત્રીજો કોઈ વિકલ્પ હોય પણ ખરો, એ વિશિષ્ટ ગીતાર્થો પાસેથી જાણી લેવો. પ્રાયઃ એટલું તો જોવા મળે છે કે દીક્ષિત થનારના પરિવારનું પુણ્ય સહજ રીતે જ વિકાસ પામતું

જાય છે, એને પછી ખાધે-પીધે તો મુશ્કેલી પડતી નથી જ.

દેવસૂરિજીએ ઉદયનમંત્રી દ્વારા ચાંગાના પિતાને ઘણી મોટી ભેટ અપાવડાવીને ચાંગાની માંગણી કરી, એ જોઈને પિતા પીગળ્યા, ભેટ ન લીધી. પણ ચાંગાને આપી દીધો. આ પ્રસંગ એટલું તો સુચવે છે કે સુપાત્ર આત્માની દીક્ષા માત્ર પૈસાના કારણે અટકતી હોય, તો એની વ્યવસ્થા સદ્ગુરુ કરી આપે, શ્રાવકો લાભ લે... તો એને ખરાબ ન માનવું. આમાં કંઈ 'ખરીદ-વેચાણ થયું છે' એવું ન માનવું. જિનશાસનને ઉત્તમ શ્રમણોની પ્રાપ્તિ થાય, એ માટે આવા લાખો રૂપિયા ખર્ચાતા હોય, તો એ કશું ખોટું નથી. મુમુક્ષુ કંઈ પૈસા મેળવવા માટે દીક્ષા નથી લેતો, પણ દીક્ષા મેળવવા માટે, ના-છુટકે આ વ્યવસ્થા સ્વીકારે છે.

<u>મુમુક્ષુ :</u> પ્રવચનો સાંભળીને, જીવનના કડવા અનુભવો વિચારીને, સારા માણસોની પ્રેરણા પામીને દીક્ષાની ભાવના તો થઈ જાય છે. પણ એની તાલીમ લેવા માટે જ્યારે સંયમીઓ પાસે જઈએ, ત્યારે ખૂબ આકરું લાગે છે. કંટાળો આવે, દિવસ પસાર ન થાય, ભણવામાં મન ન ચોંટે, બપોરે ઉંઘી જવાનું મન થાય, પૌષધાદિ કરવા ન ગમે, ઠલ્લે-માત્રાનું ન ફાવે, લોકોને ત્યાં જમવા જવું ન ફાવે... આ બધી મુશ્કેલીઓના કારણે વૈરાગ્ય પાછો ઢીલો પડી જાય છે.

<u>ગીતાર્થ :</u> તારી ઉંમર વીસેક વર્ષની છે, તું વીસ વર્ષથી સંસારમાં છે. એટલે સંસારના દરેક કાર્યોમાં તું સેટ થઈ ચૂક્યો છે, માટે તને કોઈ મુશ્કેલી પડતી નથી. પણ દીક્ષાની તાલીમમાં તું કેટલો સમય રહ્યો ? છ મહિના પણ ખરા ? તો માત્ર ૧૦-૧૫ દિવસમાં ત્રાસી જઈને કોઈ નિર્ણય બાંધી દેવો કે 'મને દીક્ષામાં નહિ ફાવે' એ કંઈ વ્યાજબી થોડું ગણાય ?

ભલા માણસ ! દસમા સુધી ગુજરાતી મીડિયમમાં ભણ્યા બાદ ઇંગ્લીશ મીડિયમમાં દાખલ થનારા વિદ્યાર્થીઓ ફરિયાદ કરે છે કે "શરુઆતના બે-ચાર મહિના તો કશું ફાવતું જ નથી.

અરે, એક-બે વર્ષ પણ ભારે પડે. બધું ઈંગ્લીશમાં ! લેક્ચરો પણ ઈંગ્લીશમાં ! પણ બીજો કોઈ વિકલ્પ નથી. કોઈપણ હિસાબે ભણવું તો છે જ, એટલે સખત મહેનત કરીએ, એક-બે વર્ષ પછી વાંધો આવતો નથી."

આમાં પણ આવું જ છે. શરુઆતમાં આકરું લાગે, કેમકે નવું છે. પણ જો વૈરાગ્ય મજબુત હશે, તો તું મક્કમ બનીને ત્યાં રહીશ જ, અને જો ઓછામાં ઓછા છ મહિના પ્રેક્ટીસમાં રહે, તો મને લાગે છે કે પ્રાયઃ પછી કોઈ વાંધો નહિ આવે.

એક મુમુક્ષુ પૂ. ગુરુદેવશ્રી પાસે તાલીમ માટે આવ્યો, સાંજે જ પાછો જતો રહ્યો. આખો દિવસ એકલતા લાગવાથી કંટાળી ગયો હતો, માટે !

હું હોંશે હોંશે એક મહાત્મા પાસે ગયેલો, પણ સાત જ દિવસમાં કંટાળી ગયેલો, મિત્રો - મા-બાપ બધા યાદ આવી ગયેલા, એટલે જ આઠમા દિવસે મા-બાપની માંદગીનું બહાનું ઉભું કરીને ઘરે જતો રહેલો.

પણ આવા ઉતાવળા નિર્ણય લઈ લેવા સારા નહિ જ.

આમાં તારે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી.

(૧) 'મારે ઓછામાં ઓછા છ મહિના તો તાલીમ લેવી જ છે' એવો નિર્ણય કરવો. ફાવે કે ન ફાવે, છ મહિના પૂરા કરવા જ. એ પછી જ નવો વિચાર કરવો.

(૨) ગુરુ સાથે તાલીમમાં રહેવાનું છે, પણ એ ગુરુ જ્યારે મોટા ગ્રુપ સાથે હોય ત્યારે રહેવું. ગ્રુપ ૮-૧૦ સંયમીનું હોય, બધા પરસ્પર આત્મીયતાવાળા હોય, મનમેળ સારો હોય, તો ત્યાં તને વધુ મજા આવશે.

જો ગુરુ માત્ર એક-બે સંયમી સાથે હોય, તો તું કદાચ આખો દિવસ કંટાળી પણ જાય. ગુરુ કંઈ આખો દિવસ તો તારી સાથે વાતો કરવાના નથી, અને આમ પણ એક જ વ્યક્તિનો વધુ પડતો સંપર્ક એના પ્રત્યેના બહુમાનને ઘટાડવામાં પણ નિમિત્ત બની રહે.

ઘણા સંયમી હોય, તો આખો દિવસ જુદા જુદા સંયમીનો પરિચયાદિ થાય, બધા પાસે અવનવી વાતો જાણવા મળે, નવા નવા અનુભવો મળે, બહુ ઝડપથી સમય પસાર થાય.

(૩) માત્ર એક જ વિષય ભણ-ભણ નહિ કરવાનો. જેમાં રસ પડે એવું ગોખવું. સંસ્કૃત-પ્રાકૃતના શ્લોકો ભલે ગોખો, પણ એનો અર્થ સમજમાં ન આવવાથી વધુ મજા ન આવે, એટલે સાથે સાથે સ્તવનો-સજ્ઝાયો પણ રોજ નવા નવા ગોખવાના. એકાદ કલાક શ્લોકો અને એકાદ કલાક આ સ્તવનાદિ...! એ રાગમાં ગાવાના હોય, અર્થ સમજાતો હોય... એટલે એમાં રસ પડે.

(૪) એકાદ કલાક જીવવિચારાદિ પદાર્થોનો પાઠ લેવો.

(૫) એકાદ કલાક સંયમજીવનના આચારો સંબંધી વાચના લેવી.

(૬) એકાદ કલાક વૈરાગ્યપોષક પુસ્તકો, સારી સારી વાર્તાના પુસ્તકો વાંચવા.

(૭) એકાદ કલાક જુદા જુદા મહાત્માઓ પાસે થોડો થોડો સમય બેસીને દીક્ષાના અનુભવો મેળવવા. "આપે શા માટે દીક્ષા લીધી ? આપને દીક્ષામાં મુશ્કેલી નથી પડતી...?" વગેરે પુછવું. આપણી મુંઝવણોના સમાધાન મેળવવા.

(૮) પૌષધમાં કે એ વિના પ્રભુની ભક્તિ એકાદ કલાક કરવી. એમાં ય સ્તુતિ-સ્તવનોની ભક્તિ તો મન મૂકીને કરવી.

આ રીતે આખો દિવસ ક્યાં પસાર થઈ જશે ? એ ખબર નહિ પડે.

(૯) સંયમીઓના જે જે આચાર દેખાય, એ મનમાં નોંધી લઈ સાંજે પ્રતિક્રમણાદિ બાદ પ્રશ્નો પુછવા કે "ગુરુજી ! આવું શા માટે કરવાનું ?..." આ પ્રશ્નો પૂછો, એટલે ગુરુજીને વાત કરવાનો વિષય મળે, આપોઆપ જ વાચના જેવું મળી જાય.

આ વાત નીકળી જ છે, તો તને નહિ, પણ આ લેખ વાંચનારા સંયમીઓને એક નમ્ર વિનંતિ છે કે 'મુમુક્ષુઓને તાલીમ

કેવી રીતે આપવી ? એની તાલીમ લેવાની ખાસ જરૂર છે.' એના ભાવ પડે એ ન જ ચાલે. એની પ્રસન્નતા નંદવાય, એને સંસાર વધુ સારો લાગે... એ ન જ ચાલે. એને થવું જ જોઈએ કે 'સંસાર કરતા અહીં શાંતિ વધારે છે.' 'હા ! જે અપાત્ર હોય, એ રવાના થાય, એમાં કશો વાંધો નહિ. પણ જે પાત્ર હોય, તે આપણી અણ-આવડતના કારણે વૈરાગ્યભાવ ગુમાવી દે એ બિલકુલ ન પરવડે.

એ માટે આપણે શું કરવું ? એ મારી સમજણ મુજબ બતાવું છું.

(૧) મોટા ભાગના મુમુક્ષુઓનો વૈરાગ્ય પાકો કરવાનો બાકી હોય છે. એટલે જ શરુઆતમાં તો જાણે કે તેઓ મામાને ત્યાં વેકેશનમાં ફરવા ગયા હોય, એવી રીતે જ અહીં આવેલા છે, એમ સમજીને ચાલવું. રોજ પૂજા કરે + સાંજે પ્રતિક્રમણ કરે + ચોવિહાર/તિવિહાર કરે + થોડુંક ભણે... બસ શરુઆતમાં આટલું કરે એટલે ઘણું.

એ સવારે મોડો ઉઠે, સવારનું પ્રતિ. ન કરે, સંડાસમાં જ જાય, સ્નાન પણ બાથરૂમમાં જ કરે, ત્રણ ટાઈમ ખાય, બપોરે અડધો કલાક ઉંઘી જાય... આ બધું જ બનવાનું. એ વખતે આપણે ઉતાવળા નહિ બનવું. આ બધું ચલાવી લેવાની વાત નથી, પણ ધીરજ ધરવાની વાત છે. મુમુક્ષુ નવો છે, એક સાથે એ બધો જ ભાર વેંઢારી નહિ શકે, એને એમ જ લાગશે કે "બાપરે ! આ તો બહુ જ આકરું પડે છે." અને દીક્ષાનો વિચાર માંડી વાળશે, ઘર ભેગો થઈ જશે.

(૨) એક એક વસ્તુ ધીમે ધીમે ઘુસાડતા જવી. એક તાજું જ દૃષ્ટાન્ત આપું.

મુંબઈનો યુવાન આ ચોમાસામાં તાલીમ માટે આવ્યો. ઉપર કહ્યું એવી જ હાલત ! શરુઆતના એક મહિનો એમ જ ચાલવા દીધું. એ ભણે, એટલું લક્ષ્ય બાંધી આપ્યું. ધીરે ધીરે પ્રેરણા કરી બેસણા શરુ કરાવ્યા. ધીરે ધીરે પ્રેરણા કરી સવારનું પ્રતિક્રમણ શરુ

કરાવ્યું. પ્રેરણા આગળ વધી, અને એકાસણા પણ શરુ થયા. હજી ઉલ્લાસ વધાર્યો અને પૌષધ શરુ થયા, એ ભાઈને વાતો કરવાની ટેવ ! એટલે ઘણો સમય વાર્તાલાપમાં બગડે, એ માટે સમજણ આપી અને રોજના ૨૨ કલાકનું મૌન શરુ કરાવ્યું.

આ લખી રહ્યો છું, ત્યારે આસો વદ એકમનો સવારનો સમય છે. અષાઢ સુદ બીજથી એ યુવાન જોડાયેલો, લગભગ સાડા ત્રણ મહિના થયા. શરુઆતના મહિનામાં મને, વડીલોને, સહવર્તીઓને શંકા હતી કે 'આને દીક્ષા શી રીતે અપાય ?' પણ મને આ પદ્ધતિનો ખ્યાલ હતો. એટલે એનો અમલ કર્યો. આજે એ પરિસ્થિતિ છે કે છેલ્લા ૧૭ દિવસથી એ યુવાન પૌષધમાં છે, છેલ્લા ૧૫ દિવસથી રોજનું ૨૨ કલાકનું મૌન પાળે છે. પૌષધ હોવાથી સ્થંડિલ-માત્રુ બહાર જવાની પ્રેક્ટીસ આપોઆપ પડી ગઈ છે. સ્નાન સંપૂર્ણ બંધ જ થઈ જાય. સાધુજીવનના તમામ સૂત્રો કંઠસ્થ કરી લીધા છે, સંસ્કૃતિની બે બુક + સકલાર્હત્, ભક્તામર, કલ્યાણમંદીર એટલા કાવ્યોનો કાવ્ય રૂપે અભ્યાસ + રઘુવંશનો બીજો સર્ગ ચાલુ + રોજ સ્તવનાદિ ગોખવાના ચાલુ + ચાર પ્રકરણ, ત્રણભાષ્ય અને હવે પ્રથમ કર્મગ્રન્થનો અભ્યાસ ચાલુ + દસ વૈકાલિકની પૂ.સમયસુંદર વિ.ની સરળ ટીકાનું વાંચન ચાલુ (મુમુક્ષુ શ્રાવકોને પાંચ અધ્યયન સુધી અર્થથી અભ્યાસ કરવાની છૂટ છે.)

હવે બધાને સંતોષ છે. હવે એ યુવાન વહેલી દીક્ષા લેવા થનગને છે. આજે જ ઓળી પૂર્ણ થઈ, ૧૭ દિવસ પૂર્વે પૌષધ શરુ કરતી વખતે વાત થયેલી કે એકમે પારી લેવાનો... પણ એ યુવાનને હવે પૌષધ પારવાનો વિચાર જ નથી. "પૌષધ પારી લેવો છે ?" પ્રશ્નનો જવાબ સ્પષ્ટ ના ! દીક્ષા સુધી મિષ્ટાન્ન-ફરસાણ સંપૂર્ણ બંધ !

પજુસણમાં પણ માત્ર પહેલા-છેલ્લા દિવસે જ પૌષધ હતો, પણ અત્યારની પરિસ્થિતિ સાવ જ વિપરીત !

સ્કુલમાં એક જ દિવસે બધા વિષયોની પરીક્ષા નથી હોતી. રોજ એક-બે પેપર હોય, એટલે વિદ્યાર્થીઓ સહેલાઈથી પરીક્ષા આપી શકે. ભાર ન લાગે.

મુમુક્ષુ માટે પણ આ વાત આપણે સમજી જ લેવાની

એના દોષો જોઈ, અસંયમ જોઈ, 'મુમુક્ષુમાં ન હોવું જોઈએ.' એવું વર્તન જોઈ ઉતાવળા-આકરા થવું એ બિલકુલ ઉચિત નથી.

(૩) તાલીમ ભલે લાંબી થાય, પણ પૂરી થઈ જવી જોઈએ. 'દીક્ષાનું મુહૂર્ત સારું આવે છે, આપી દો દીક્ષા ! દીક્ષા પછી બધું સેટ થઈ જશે...' આવી ઉતાવળ ન કરવી. જયાં સુધી મુમુક્ષુના સંયમ-સ્વભાવાદિથી આપણને સંતોષ ન થાય, ત્યાં સુધી તાલીમમાં જ રાખવો. દીક્ષા બાદ ગુરુ-શિષ્ય વચ્ચે સ્વભાવમેળ ન થવાના પ્રસંગોને લીધે નૂતન સંયમીઓની જિંદગી જોખમમાં મુકાઈ જતી હોય છે.

આ પ્રશ્ન નાનો નથી, બંને પક્ષે આખી જીંદગીનો પ્રશ્ન છે. તો ઉતાવળ શેની ? બરાબર પાકું કર્યા બાદ જ આગળ વધવાનું.

(૪) હાસ્ય એક દોષ છે... પણ પ્રારંભિક કક્ષામાં મુમુક્ષુ માટે એ ગુણરૂપ છે. થોડીક હસવાની વાતો, થોડીક અલક મલકની વાતો... આ બધાનો દીક્ષા સાથે વિરોધ હોવા છતાં એની દીક્ષા માટે તો ઉપયોગ જ છે.

(૫) 'ઉતાવળે આંબા ન પાકે', 'ધીરજના ફળ મીઠાં'.... વગેરે કહેવતો ઘણા બધા વર્ષોના અનુભવો બાદ, પેઢીની પેઢીઓ સુધીના અનુભવો બાદ શિષ્ટ પુરુષોએ પાડી છે, એ ભૂલવું નહિ.

(૬) સંયમીઓના પરસ્પરના વ્યવહારને મુમુક્ષુઓ બારીકાઈથી જોતા હોય છે, અને એની એમના પર ધારી અસર પડતી હોય છે. જો સંયમીઓ પરસ્પર લાગણીશીલ હોય, મદદ કરવા દોડી જતા હોય, એકબીજા માટે ભોગ આપતા હોય, અંતરથી સદ્ભાવ ધરાવતા હોય, એમાં ય કોઈકની માંદગી વખતે

તો ખૂબ ખૂબ કાળજી કરતા હોય... તો મુમુક્ષુઓનો સંયમપરિણામ મજબુત બનવાનો જ.

પણ સંયમીઓ કાં તો પરસ્પર ઝંઘડે, કાં તો પરસ્પર બોલાચાલી થાય, કાં તો કોઈક સંયમી શ્રાવકાદિ સાથે ગુસ્સો કરે, કાં તો પરસ્પરની લાગણી બિલકુલ ન દેખાય, એકબીજા માટે સહાય કરવા કોઈ હાજર ન થાય, કોઈકની માંદગીમાં પણ એણે એકલાએ જ બધું સહન કરવું પડે... આવું બધું જો મુમુક્ષુઓને દેખાશે તો કમસેકમ તેઓ એ ગ્રુપમાં તો દીક્ષા લેવાનું માંડી જ વાળશે.

(૭) સંયમજીવનના આચારોનું વિપરીત સેવન પણ મુમુક્ષુઓને મુંઝવી નાંખે છે. આપણે કલ્પના પણ ન કરી શકીએ, એવું એવું એ મુમુક્ષુઓ આપણા આચાર ઉપરથી કલ્પી લેતા હોય છે. હમણાં એક તપોવની નાના છોકરાએ સાધુને પૂછયું કે "ઓઘો બાંધતા બાંધતા બોલાય કે નહિ ? આપનામાંથી અમુક બોલે છે, અમુક નહિ..." સાધુ આશ્ચર્ય પામ્યા. આટલી નાની વાતની પણ નાના છોકરા નોંધ લે છે. એમણે તો કહ્યું કે "બધું પડિલેહણ થઈ ગયું હોય, માત્ર ઓઘો બાંધવાનો જ બાકી હોય, તો બોલાય. પણ બાંધ્યા પછી બીજું પડિલેહણ કરવાનું હોય, તો ન બોલાય..." પણ આવી તો ઢગલાબંધ બાબતો હશે, જે તેઓ પુછતા જ નહિ હોય, મનમાં મુંઝાતા રહેતા હશે.

મુમુક્ષુ તો ૨૪ કલાક સાથે હોય, એટલે એને તો આ બધા વિચાર સતત આવવાના જ ને ? એટલે બધાનું આચારપાલન સારું અને સમાન હોવું જોઈએ. જ્યાં કારણસર ખરાબ કે અસમાન આચરણ કરવાનું થાય, ત્યાં મુમુક્ષુને સંતોષકારક ઉત્તર આપી દેવો, નહિ તો મનમાં મુંઝાયેલો મુમુક્ષુ જુદો જ નિર્ણય કરી બેસશે.

આ બધી વાત પ્રસંગોપાત જણાવી.

મુમુક્ષુ ! તારી ફરજ જુદી છે, તારે તો તારી આત્મસાધના માટે બહેરા-મુંગા-અંધ બનીને જ જીવવાનું છે.

<u>મુમુક્ષુ :</u> મારા ગુરુજી તો ખૂબ સારા, સંયમી, પ્રેમાળ, સ્વાધ્યાયી છે. પણ એ જે ગ્રુપમાં છે, એમાં અમુક સંયમીઓ સારા નથી. મારે નિંદા ન કરવી જોઈએ, પણ મેં જોયું છે કે અમુક પાસે બહેનોની અવરજવર અનુચિત લાગે એટલી બધી વધારે ! અમુક જણ મોબાઈલ સાધનોનો ઉપયોગ ઘણા મોટા પ્રમાણમાં કરે... આ બધું જોઈને ખચકાટ થાય છે કે મારે ત્યાં દીક્ષા લેવી કે નહિ ?

<u>ગીતાર્થ :</u> તમારા ગુરુજીએ કાયમ એમની સાથે તો રહેવાનું નથી જ ને ? વર્ષે ક્યારેક ભેગા થવાનું થાય, પાછા બે-ચાર દિવસમાં છૂટા પડવાનું થાય, તો એની બહુ ફીકર ન કરવી. <u>ગામ હોય, ત્યાં ઉકરડો હોય.</u> એ કહેવત એમ ને એમ નથી પડી. ઘણા સારા ગચ્છમાં પણ કાળ પ્રભાવે આવું બધું બને, એમાં તારે મન ન બગાડવું. તારે તારા ગુરુજી વગેરે જેવા સારા મહાત્માઓ સાથે જ રહેવાનું છે. પછી નકામી ચિંતા શા માટે ?

માનો કે એ ૨૦-૨૫નું ગ્રુપ કાયમ સાથે રહેતું હોય, એમાં તારે તારા ગુરુજી સાથે રહેવાનું છે. અને એમાં આ બધી તેં કીધેલી ગરબડ છે. પણ તો ય આવા બે-ચાર હોય, બાકીના સારા હોય અને જે મહાત્માઓનું વર્ચસ્વ ગચ્છમાં વધુ હોય, તેઓ સંયમના ખપી હોય, તો પછી એ ઘણા સારાઓના સંગથી તને વાંધો નહિ આવે. એમના તરફ આંખ મીંચી દેવી. એમનો વધુ સંપર્ક વગેરે પણ નહિ અને એમની નિંદા-ટીકા વગેરે પણ નહિ.

પણ ઘણા સાધુઓ વિપરીત હોય, તારા ગુરુજી જેવા સારા ઓછા હોય, એ બધાએ સાથે જ રહેવું પડતું હોય, એમનું વર્ચસ્વ ન હોય... તો પછી તારે ખાનગીમાં ગીતાર્થની સલાહ લેવા જેવી ખરી.

<u>મુમુક્ષુ :</u> મારો ક્ષયોપશમ ઓછો છે. એક કલાક ગોખું તો માંડ એક ગાથા ચડે. તો મારે દીક્ષા લેવી કે નહિ ? ભણ્યા વિના તો ન ચાલે ને ?

<u>ગીતાર્થ :</u> દીક્ષા માટે જરુરી મુખ્ય ગુણ છે વૈરાગ્ય ! એ

મજબુત હોય તો જ્ઞાન ઓછુ-વત્તુ ચડે, એની ચિંતા ન કરવી.

તું ભલે વિદ્વાન, આગમજ્ઞાતા, ગીતાર્થ ન બની શકે, પણ

★ ગીતાર્થને સંપૂર્ણ વફાદાર બનીને એમના કહ્યા પ્રમાણે તો જીવનારો બની શકીશને ?

★ ષટ્કાયની રક્ષા તો એકંદરે સારી કરી શકીશ ને ?

★ સ્તવનો-સજ્ઝાયો ગોખી શકીશ ને ?

★ સેંકડો સંયમોપયોગી પુસ્તકો તો વાંચી શકીશ ને ?

★ તારા ગુરુ વગેરેની વૈયાવચ્ચાદિ કરીને શાસનસેવાદિ કાર્યોમાં સહાયક તો બની શકીશ ને ?

★ ભણી નહિ શકે, પણ ભણવાનો સમ્યક્ પુરુષાર્થ તો કરી શકીશ ને ?

★ બ્રહ્મચર્યાદિ અનેક સદાચારોના પાલન દ્વારા, તારા પવિત્રજીવનરૂપી ઉપદેશથી જ અનેકોને ધર્મ પમાડનારો તો બની શકીશ ને ?

મુમુક્ષુ !

જે ભણીને વિદ્વાન બને, એ જ મોક્ષે જાય એવું ન માનીશ. માષતુષને યાદ કર.

જે ભણીને વિદ્વાન બને, એ મોક્ષે જાય જ, એવું ય ન માનીશ. નિગોદગામી ચૌદપૂર્વીઓને યાદ કર.

જે ગીતાર્થગુરુને સમર્પિત રહીને, જિનાજ્ઞા પર બહુમાન રાખીને શક્તિ પ્રમાણે જિનાજ્ઞા પાળે, એ બધા જ મોક્ષે જાય.

અરે, વિદ્વાનો જ શાસનપ્રભાવક બને છે, એવું ન માનીશ. તપસ્વીઓ, વૈયાવચ્ચીઓ, ઉત્તમસંયમપાલકો પણ જબરદસ્ત શાસનપ્રભાવના કરનારા બને છે.

એટલે તું ન ભણી શકે, તો ય દીક્ષા લેવા માટે યોગ્ય હોઈ શકે, સ્વ અને પર બંનેનું કલ્યાણ કરનારો બની શકે.

<u>મુમુક્ષુ :</u> મારાથી તપ નથી થતો, આંબિલ-એકાસણું તો દૂરની વાત ! પણ બેસણું-નવકારશી પણ મારે ભારે પડે છે. પિત્તનો દર્દી

છું, ત્રણ ટાઈમ ખાવા જોઈએ. હા ! બીજો કોઈ રોગ નથી, કાયમ નવકારશી જ કરવાની હોય તો સાધુપણામાં શોભે ખરું ?

<u>ગીતાર્થ :</u> બધા નિર્ણય તું જ કરી લઈશ ? કે સાધુપણામાં શું શોભે અને શું ન શોભે ? તેં શું પેલી કુરગડુની સજઝાય સાંભળી નથી ? જેમાં લખ્યું છે કે <u>કુર ઘડો દિન પ્રત્યે લાવે, એષણા દોષ નિવારી રે. કુરગડુ તે માટે કહેવાયા, સંયમશોભા વધારી રે...</u> રોજ એક ઘડો ભરીને ભાત વાપરનારા કુરગડુએ સંયમની શોભા વધારી છે, ઘટાડી નહિ.

મારા પૂ.ગુરુદેવશ્રીને ચાનું સખત વ્યસન ! છતાં દીક્ષા લીધીને ? ગીતાર્થ ગુરુએ આપીને ? અને આખી જીંદગી લગભગ નવકારશી કરવી પડી હોવા છતાં મહાન પ્રભાવક પુરુષ બન્યા કે નહિ ?

વળી ઘણા જીવો એવા હોય છે કે જેઓને ધીમે ધીમે તપ જીવનમાં ઉદયમાં આવી જાય છે. એટલે આજે તપ ન થતો હોય, તો આખી જીંદગી તપ નહિ જ થાય, એવું શા માટે માની લેવું ? પ્રેક્ટીસ દ્વારા તપ ઉદયમાં આવી શકે છે.

સાંભળ્યું છે કે આંબિલની ગોચરી જોઈને જેમને ઉલટી જેવું થતું, એવા પૂ.આ.રાજતિલકસૂરિજી મ.સા. ૧૦૦ +૧૦૦ + ૮૯ વર્ધમાનતપની ઓળીના આરાધક બન્યા.

<u>મુમુક્ષુ :</u> વાચનાઓમાં, વિરતિદૂત વગેરે પુસ્તકોમાં સાચા સાધુપણાનું જે સ્વરૂપ જાણ્યું છે, એ તો મને મારા જીવનમાં શક્ય જ લાગતું નથી. અરે, ક્યાંય એવું જીવન દેખાતું પણ નથી.

ઉલટું ગુરુવંદન ભાષ્યમાં પાસત્થા વગેરે અવંદનીય સાધુઓના જે લક્ષણો આપ્યા છે, એ તો લગભગ બધે જ ઓછા વત્તા અંશે જોવા મળે જ છે. મારે પણ એવું જ જીવન જીવવાનું હોય, સાચી દીક્ષા શક્ય જ ન હોય, તો દીક્ષા લેવાનો અર્થ શું ?

<u>ગીતાર્થ :</u> હાથે કરીને દુઃખી થનારા મુર્ખાઓમાં તારો નંબર લાગી રહ્યો છે, મુમુક્ષુ !

વિશ્વના લોકો આજે જે ભૂલ કરી રહ્યા છે. એ તું કરી રહ્યો છે.

★ પિક્ચરોમાં રૂપાળી હીરોઈનોને જોઈને, કોલેજોમાં રૂપાળી છોકરીઓને જોઈને, પોતાના સમાજ વગેરેમાં રૂપાળી છોકરીઓને જોઈને ઘણા છોકરાઓ એવો નિર્ણય કરી બેસે છે કે "મારે આવી છોકરી જોઈએ."

પણ પોતાની પાસે એવું રૂપ-સત્તા-સંપત્તિ ન હોય, એટલે એવી છોકરી ન મળે, એટલે પછી જે સામાન્ય છોકરી મળે. મધ્યમ મળે... એની પણ ના પાડી દે. "મારે આ ન જોઈએ, વધુ સારી જોઈએ..." એમ કરતાં લગ્નની ઉંમર વીતી જાય, વાંઢો રહી જાય, પછી પસ્તાવાનો પાર ન રહે, પણ પછી ફાયદો શું ?

કેટલાકો વળી લગ્ન કરી તો લે, પણ મનમાં રૂપાળી ભરાણી હોય, એટલે એને સતત સંતાપ ચાલ્યા કરે, એના કારણે જે છે, એને પણ અન્યાય કરી બેસે. એની પાસેથી પણ શક્ય સુખ ગુમાવી બેસે. "તું કદરૂપી છે, તારામાં પેલી જેવી આવડત નથી." વગેરે હલકા શબ્દોથી ખાનદાન પત્નીનું મન તોડી-ફોડી નાંખે. જીંદગી ઝેર બનાવી દે, તલાક સુધી પહોંચે...

★ ટી.વી.ની જાહેરાતો પ્રમાણે મોંઘી વસ્તુઓની ઈચ્છા તો થાય, પણ એવી તાકાત ન હોય તો છેવટે એનો વિકલ્પ તો શોધવો પડે ને ?

<u>દા.ત.</u> વોશીંગમશીન લેવાની ઈચ્છા થાય, પણ તાકાત ન હોય તો છેવટે કપડા ધોવાનું તો બંધ નહિ કરી દો ને ? કોઈક કામવાળી રાખી લેશો ?

ટોપક્લાસના ફલેટ લેવાની ઈચ્છા થાય, પણ મૂડી ટુંકી પડે, તો પછી પરિવારને રહેવા માટે નીચેના ક્લાસનો કોઈક ફલેટ તો લેવાનો ને ? કે પછી ફૂટપાથ પર જ આવી જવાનું ?

ફાઈવ સ્ટાર હોટલની રૂા. ૧૦૦ની ચા પીવાની ત્રેવડ ન હોય, તો છેવટે ચાની લારી પરથી રૂા. ૭ ની ચા પીને પણ

તંદુરસ્તી તો મેળવવી જ પડશે ને ?

Lux વગેરે સાબુઓ ન લાવી શકો, તો છેવટે ઘર બનાવટના સાબુઓથી ય કામ તો ચલાવવું પડશે ને ?

ઉંચી વસ્તુની અપેક્ષા હોય એ હજી સમજયા. પણ જો એ મેળવવી શક્ય ન હોય, તો પહેલા જેટલું મળે છે, એ તો મેળવો. એનો તો આનંદ મેળવો, એમાં તો સંતોષ માનો.

વાચનાઓમાં, વિરતિદૂતમાં સાધુતાનો ઉંચો આદર્શ બતાવાય છે, પણ એ શક્ય ન હોય, તો એ સિવાય ચારિત્ર છે જ નહિ, એવું ભૂંસુ કોણે તને મનમાં ભરી દીધું ? ગુરુવંદન ભાષ્યમાં અવંદનીય સાધુઓના દોષો બતાવ્યા છે, એ સાચું. પણ એ કયા કાળની અપેક્ષાએ ? એ કોણ વિચારશે ? તથા સર્વ પાસત્થાદિ જ અવંદનીય, દેશ પાસત્થાદિ નહિ... તથા સર્વપાસત્થાદિના સૂચક દોષો પણ કાયમી બની ગયા હોય તો અવંદનીય, ક્યારેક સેવાય તો નહિ, તથા એ દોષો પણ તદ્દન નિષ્કારણ જ સેવાયા હોય, તો અવંદનીય ! કારણસર સેવાયા હોય તો નહિ... વગેરે વગેરે સેંકડો બાબતોનું વિભાગીકરણ કોણ કરશે ? શું ભાષ્ય તું એકલો જ ભણ્યો છે ? શું અમે બધા અભણ છીએ ? અને શું તને એકલાને જ સાચા ચારિત્રની ખેવના છે ? અમે શું બધા હવે નિષ્ઠુર બની ગયેલા છીએ ?

તારા જેવા ઘણા મુમુક્ષુઓની આ એક ભારે મુશ્કેલી છે કે તમે સ્વયં ગીતાર્થ નથી, અને પાછા કોઈ ગીતાર્થને પરતન્ત્ર નથી. તમારી મતિ પ્રમાણે નિર્ણય કરી લો છો. મનમાં જ પરણે અને રાંડે... એને માટે અમે શું ઉપાય કરી શકીએ ?

સારું કર્યુ કે તેં તો આ પ્રશ્ન પૂછી લીધો. બાકી ઘણા તો...

ગુરુતત્ત્વ વિનિશ્ચયાદિ ગ્રન્થોનો તલસ્પર્શી અભ્યાસ કરો, તો આ બધા જવાબ મળી રહે.

કોઈક મહાત્માએ કહેલું કે

(૧) આચારાંગસૂત્ર એ આદર્શરૂપ છે. (કારણ કે એમાં મોટા ભાગે ઉત્સર્ગનું જ વર્ણન આવે છે, જેનું પાલન કમસેકમ આ

કાળમાં તો ૧૦૦% તો ઠીક, પણ ૫૦% પણ શક્ય નહિ હોય.)

(૨) નિશીથસૂત્ર એ જીવનરૂપ છે. (કારણ કે એમાં તેવા તેવા કારણો આવી પડે, ત્યારે કયા કયા અપવાદો સેવી લેવા... એનું વર્ણન પણ છે. અને અત્યારે એવા કારણો ડગલે-પગલે આવતા હોવાથી, સંઘયણાદિ નબળા પડ્યા હોવાથી એ અપવાદો જીવનમાં સેવવાનો પ્રસંગ વારંવાર આવવાનો...)

આમાં બંનેમાં ચારિત્ર ટકે છે, વધે છે, મોક્ષ આપે છે... કારણ કે પરિણામની નિર્મળતા ત્યાં કામ કરી જાય છે.

પણ તું પકડીને બેઠો છે, માત્ર બાહ્ય આચાર ! એટલે ગરબડ ઉભી થાય છે.

ટુંકમાં

લાખ રૂપિયાના પગારવાળી નોકરી ન મળે, તો છેવટે જીવનનિર્વાહ માટે ૨૫ હજારના પગારવાળી પણ નોકરી સ્વીકારવી જ જોઈએ. પણ લાખની ન મળે, તો પચીસની તો નહિ જ સ્વીકારું... આવી મુગ્ધતા શોભાસ્પદ નથી.

ચોકખેચોકખું તું આટલું સમજી લે કે

(૧) આ કાળમાં માત્ર બકુશ અને કુશીલ ચારિત્ર જ છે.

(૨) આ ચારિત્ર ઢગલાબંધ અતિચારોવાળું જ છે.

(૩) એ ઢગલાબંધ અતિચારો હોવા છતાં ચારિત્ર ટકે છે. કારણ કે અંદરખાને એ આત્મા પશ્ચાત્તાપ કરે, પાપમાં એની તીવ્રતા ઓછી હોય, વગેરે...

<u>મુમુક્ષુ :</u> પણ આવા સાધુપણા કરતા શ્રાવકજીવન સારું નહિ ?

<u>ગીતાર્થ :</u> ના, કારણ કે આવી સાધુતા શ્રાવકજીવન કરતા અનંતગણી નિર્જરા આપે. વળી આ કાળમાં જેમ ઉત્તમસાધુતા દુષ્કર છે, તેમ ઉત્તમશ્રાવકજીવન પણ દુષ્કર જ છે. અરે, ર્તમાનમાં તો ગૃહસ્થોને એટલા બધા ખરાબ નિમિત્તો ભટકાય છે, એમને સમ્યક્ત્વ ટકાવવું ય ભારે પડી જાય. વિજ્ઞાનવાદે, ,ભોગવાદે જે ભરડો લીધો છે, તેમાં સમ્યક્ત્વ મેળવવું - ટકાવવું -

વધારવું બધુ જ અઘરું !

એને બદલે સાધુજીવનમાં એ ભયાનક પુષ્કળ નિમિત્તોથી દૂર રહી શકાય છે, માટે જ ત્યાં પ્રવૃત્તિ-પરિણતિ ટકાવવી - વધારવી - મેળવવી સરળ છે.

<u>મુમુક્ષુ :</u> હું દીક્ષા તો લઉં, પણ પછી આ જીવનમાં સ્થિર થઈ શકીશ કે નહિ ? એ ભય રહ્યા કરે છે. મને ક્યારેક વિકારો પણ સતાવે છે. મને ખાવાની આસક્તિ પણ છે. આ વિહાર-લોચ-ગરમી વગેરે દુઃખોને હું સહન કરી શકીશ કે નહિ ? એવી મુંઝવણ પણ રહે છે. એમાં ય જયારે સાધુપણાના ઉત્કૃષ્ટ આચારો સાંભળું - વાંચુ - જોઉં છું, ત્યારે તો ઘડીભર ધ્રુજારી જ થઈ જાય છે. આ બધું હું શી રીતે પાળી શકીશ ?

એટલે જ દીક્ષા લેવા માટેનો તીવ્ર ઉછાળો આવતો નથી.

<u>ગીતાર્થ :</u> દીક્ષાની વાત બાજુ પર મૂક. જો તું લગ્ન કરવા જશે, તો ત્યાં કેટલી મુશ્કેલી પડશે, એ તેં વિચારેલું છે કે ?

+ પત્નીનો સ્વભાવ વિચિત્ર નીકળશે, ક્રોધી - કજીયાળી - રીસાળ પત્ની મળશે તો શું કરશે ?

+ ખર્ચાળ પત્નીને નિભાવવા માટે રોજ દસેક કલાક ગધ્ધા મજુરી નહિ કરવી પડે ?

+ પરિવારને સાચવવા ફલેટ લેવો પડશે, એના માટે લાખો રૂપિયા જોઈશે, તું ગર્ભશ્રીમંત હોય તો ઠીક ! પણ નહિ તો તારે લોન લઈને, ટેન્શન ઉભા કરીને જ બધું ગોઠવવું પડશે ને ? ત્રણ સાંધે ને તેર તૂટે એવું જ થવાનું ને ?

+ તારો ધંધો જયારે તૂટશે, જયારે કોઈ તને સહાય નહિ કરે... ત્યારે ?

+ તારો પરિવાર ઘરે મસ્તીમાં હશે અને તું એમના માટે ઓફિસમાં દસેક કલાકની તનતોડ મહેનત કરતો હોઈશ. શેઠિયાઓની ગાળો ખાતો હોઈશ, બધાને ખુશ રાખવા ચાપલુસી કરતો હોઈશ, અંતે ઘરે થાકી-પાકીને પહોંચતો હોઈશ, ત્યારે પણ

પરિવાર તરફથી લાગણીને બદલે અપેક્ષાઓ જ દેખાશે અને તું અંદરથી તૂટી પડીશ. 'તમે કશું લાવતા નથી, અમને ફરવા લઈ જતા નથી, અમને હોટેલોમાં લઈ જતા નથી' વગેરે વગેરે ફરિયાદોના ઢેર નીચે દબાઈ જઈશ તું !

આ બધું જાણવા-જોવા-સાંભળવા છતાં ય તું લગ્ન માટે તૈયાર, એમ ને ?

<u>મુમુક્ષુ :</u> પણ આ બધું દુઃખ રૂપ લાગતું જ નથી.

<u>ગીતાર્થ :</u> ખોટી વાત. દુઃખરૂપ તો લાગે છે, પણ સંસારના સુખો મળે છે, એ મીઠામધ લાગે છે, એટલે આ દુઃખને ભૂલી જવાની, સહન કરી લેવાની એક તાકાત ઉત્પન્ન થઈ જાય છે.

આ જ વાત હવે દીક્ષાજીવનમાં વિચાર.

જો દીક્ષાજીવનના ફાયદાઓ દેખશે, સાંભળશે, અનુભવશે... તો એ ફાયદાઓ મેળવવાના પ્રચંડ ઉત્સાહ-ઉલ્લાસના પ્રભાવે એ બધા જ દુઃખો સહન કરવાની, ગૌણ કરવાની તાકાત આપમેળે પ્રગટી જશે.

તને માત્ર નામોલ્લેખ રૂપે એના ફાયદા જણાવું.

(૧) રાજભય નહિ. (૨) ચોરભય નહિ. (૩) આજીવિકાનો ભય નહિ. (૪) વિયોગનો ભય નહિ. (૫) ઈહલોક સુખ. (૬) પરલોક સુખ.

श्रमणत्वमिदं रमणीयतरम् ખરેખર સંસાર કરતા તો આ સાધુપણું ઘણું જ સુંદર છે.

એના કરતા સૌથી વધુ તર્કસંગત એક વાત જણાવું.

<u>પ્રેક્ટીસ મેક્સ મેન પરફેક્ટ</u> અભ્યાસ માણસને હોંશિયાર = દૃઢ = નિશ્ચલ બનાવે છે.

જે કાર્યમાં આપણે અભ્યાસ ન કર્યો હોય, એ કામ આપણને અઘરું લાગે, અને માટે જ બીજાઓને એ કામ કરતા જોઈને આશ્ચર્ય પણ લાગે. પણ એ જ કાર્યમાં અભ્યાસ કરી લીધા બાદ આપણે સ્વયં માહીર બની જઈએ, ત્યારે એમાં કશું જ આશ્ચર્ય ન લાગે.

+ દસમા-બારમા ધોરણના બાળકો કડકડાટ ઈંગ્લીશ બોલે - વાંચે, તો મને ખૂબ આશ્ચર્ય લાગતું. કારણ કે હું ઈંગ્લીશમાં 'ઢ' છું. પણ પાઠ લેનારા સાધુઓ સંસ્કૃતવાંચન સરસ કરે, તો મને કશું આશ્ચર્ય નથી લાગતું, કારણ કે એમાં હું ય માસ્ટર બન્યો છું.

+ પ્રવચનકાર બન્યો ન હતો, ત્યારે પૂ. ગુરુદેવશ્રી જેવાને સળંગ એક-બે કલાક ગર્જનાઓ કરતા જોઈને આશ્ચર્ય થતું, 'ભય ન લાગે ? શી રીતે આટલું બધું મોઢે બોલી શકાય ?' એમ વિચાર આવતો. પણ પ્રવચનકાર બની ગયા બાદ એમ લાગે છે કે 'આ તો સાવ સહેલું છે' અરે, જીભ પર કંટ્રોલ રાખવો પડે છે, સમય વધી ન જાય, એ માટે ઘડિયાળ સામે નજર રાખવી પડે છે.

+ બાળપણમાં પાઠશાળાના સંસ્કારના લીધે ૬૪.પ્રહરી પૌષધ કરતા, ત્યારે ૨૪ કલાક ચરવળો સાથે રાખવો - સ્નાન ન કરવું - મેલા કપડા પહેરવા... આ બધું એટલું બધું ભારે લાગતું કે 'સાધુઓ શી રીતે આ જીવન જીવતા હશે ? સતત ઓઘો પાસે જ રાખવામાં કેટલો બધો માનસિક બોજો લાગતો હશે ?' આવા આવા વિચારો આવતા. આજે હું એ બધું જ કરું છું, એના કરતાં ય વધારે કરું છું, છતાં 'બોજો' શબ્દ પણ મનમાં નથી આવતો. કોઈ પૂછે કે 'આ બધું ફાવે છે આપને ?' ત્યારે ઉત્તર આપવો પડે કે 'આવો મને વિચાર જ નથી આવ્યો કે ફાવે કે ન ફાવે... તમે પૂછો છો, તો મારે હવે વિચારવું પડશે...'

+ પ્રથમ લોચ વખતે ખૂબ ભય લાગતો હતો. બીજા-ત્રીજા... આજે કુલ ૩૨ લોચ થઈ ગયા, એકદમ શાંતિ છે. હવે લોચ એટલે છ મહિને આવતી અડધો કલાકની એક નાનકડી ક્રિયા કરતાં વિશેષ કશું જ નહિ. ૫-૭ લોચ તો રાતે જાતે જ ગમે તેમ ખેંચાખેંચ કરીને કર્યા. (હું લોચ કરનાર નથી, એટલે મને એની પદ્ધતિ નથી આવડતી. માટે ગમે તેમ જ ખેંચવા પડે છે.)

+ ગિરધરનગરમાં સૌપ્રથમવાર ગોચરી ગયો, વડીલ સાથે હતા. ઝોળીમાંથી પાત્રા કાઢવા, પાછા અંદર મુકવા, તરપણી

નીચે મુકવી... વગેરેમાં ખૂબ વાર લાગી. પહેલા જ દિવસે તરપણી ઉપરનો ચેતનો પડી ગયો, દાળ ઢોળાઈ ગઈ. 'આ બધું મને શી રીતે આવડશે ? આખી જીંદગી ગોચરી શી રીતે લાવીશ ?' એવો વિચાર પણ આવેલો. પણ રોજે રોજ ગોચરી જવાનું થયું. પ્રેક્ટીસ પડવા માંડી, આજે તો પેલો જૂનો પ્રસંગ યાદ આવે તો હસવું આવે. 'મને આટલું ય આવડતું ન હતું ?' એવો વિચાર આવે.

+ શરુમાં જૈનોના ઘરોમાં પણ ગોચરી જવામાં શરમ આવતી. ગમે તેમ તો ય હું નવો હતો, મને ગોચરી અને ભીખ દેખાવમાં સરખી જ લાગતી. એટલે હું ભીખ માંગતા શરમાતો હતો. 'મને ગોચરી ન મોકલશો...' એમ કહી દેતો. પણ ગીતાર્થ ગુરુ તો બધું સમજતા જ હતા. એમણે મને ગોચરી મોકલ્યો જ, પછી તો અજૈનોમાં ય બિન્ધાસ્ત ગોચરી જતા થઈ ગયા. શરમ-બરમ રહી જ નહિ.

+ ન્યાયના ગ્રન્થો માટે એવું સાંભળેલું કે 'એ બહુ જ અઘરા છે.' એટલે જ જયારે મારે ભણવાનો અવસર આવ્યો, ત્યારે ગભરાઈ જ ગયેલો કે 'આ બધું હું શી રીતે ભણીશ ?' અને ખરેખર શરુઆતમાં ઘણું અઘરું પડ્યું. ત્રણ દિવસમાં જ થાકી ગયો, પંડિતજી સમજાવે, પણ મને કશી સમજ ન પડે. મેં પૂ. ગુરુદેવશ્રીને કહીને પાઠ બંધ કરાવ્યો. એ પછી બીજા બે મહાત્માઓ પાસે વારાફરતી પાઠ બદલાયો... એમ કરતા માંડ માંડ ભણવાનું પૂરું થયું. પણ એ પછી તો એક પછી એક અનેક ન્યાયગ્રન્થો વાંચવાના થયા, એ પ્રેક્ટીસ બાદ ન્યાય એટલો સરળ લાગવા માંડ્યો કે હવે 'આમાં અઘરું શું છે ?' એ જ મને સમજાતું નથી. પૂ. ગુરુદેવશ્રીએ ન્યાયવિષય ઉપર દસેક હજાર પાના લખ્યા છે. એનું પહેલા ભારે આશ્ચર્ય થતું, આજે એવું કશું આશ્ચર્ય થતું નથી.

+ સાતમા ધોરણમાં (અને એ પછી પણ) ચોમાસાના શરુઆતના ૫૦ દિવસ પાઠશાળાની પ્રભાવના લેવા માટે બેસણા

શરુ કર્યા. પણ એ ખૂબ જ આકરા પડતા. સવારે બેસણું કરીને સ્કુલે જાઉં, પણ જ્યારે સાડા ચાર-પાંચ વાગે ઘરે આવું, ત્યારે તો પેટ આખું અંદર ચાલ્યું ગયું હોય, સખત ભૂખ લાગી હોય, દફતર બાજુ પર મૂકી સીધો બેસણું કરવા જ બેસી જાઉં, જો રસોઈ તૈયાર ન હોય, તો ગુસ્સામાં ગમે તેમ બોલી નાંખુ...

પણ ધીમે ધીમે પ્રેક્ટીસ વધતી ગઈ, એકાસણા શરુ કર્યા... અને આજે છેલ્લા ૧૬ વર્ષથી ૯૭% જેટલા એકાસણા કર્યા છે, કશું અઘરું લાગતું નથી. ઉલ્ટું બેસણું કરવાનું આકરું પડે છે. રોજીંદી પ્રેક્ટીસમાં ફેરફાર કરવાનું મન જ નથી થતું.

+ શરુઆતમાં કલાકની માંડ એક-બે ગાથા ગોખતો. પછી પાંચ સુધી પહોંચ્યો, પણ એ કાચી... પણ રોજ ગોખવાની પ્રેક્ટીસ ચાલુ... પછી તો કલાકમાં દસ ગાથા રમતા રમતા થવા લાગી.

આ બધું કહેવા પાછળનો આશય એટલો જ છે કે દીક્ષા પછીના જીવનનો નકામો ભય તું કાઢી જ નાંખ. પ્રેક્ટીસ જ તને દીક્ષાજીવનમાં સ્થિર બનાવી દેશે. આજે હું દીક્ષા સિવાયના જીવનનો વિચાર પણ કરી શકતો નથી. ક્યારેક તો એવા વિચાર આવી ગયા કે 'હું મરીને બીજી ગતિમાં જઈશ, તો હું અવિરતિમાં જીવી શી રીતે શકીશ ? આ જીવન સિવાયનું જીવન મારા માટે શી રીતે શક્ય બનશે ? જેમ કોઈ આપણને પૂછે કે તમે કુતરાની જેમ ઉલટી ચાટી શકશો ? તમે ભૂંડની જેમ વિષ્ટા ખાઈ શકશો... તો આપણો જવાબ કેવો નીકળે ?... 'એ શક્ય જ નથી.' એ જ જવાબ ને ? એવું કંઈક આવતા ભવની અવિરતિ માટે મને થઈ જાય છે.

પણ આવું કેમ થયું ? આ ભવની વિરતિની પ્રેક્ટીસનો પ્રભાવ !

પતંજલિ ઋષિ કહે છે કે (૧) अभ्यासात्स्थैर्यसिद्धिः અભ્યાસથી = પ્રેક્ટીસથી સ્થિરતા મળે. (૨) स तु दीर्घकालनैरन्तर्यसत्कारासेवितो दृढभूमिः એ અભ્યાસ ત્રણ વસ્તુ સેવવાથી દઢ = મજબૂત બને. (૧) લાંબો કાળ અભ્યાસ કરવાથી, (૨) સતત અભ્યાસ કરવાથી,

(૩) બહુમાનપૂર્વક અભ્યાસ કરવાથી.

સચીન હજારો રન મારી શક્યો છે.

સંગીતકારો ખૂબ સરસ સંગીત વગાડે છે.

એક્ટરો નંબર વન કક્ષાની એક્ટીંગ કરી જાણે છે,

ડ્રાઈવરો આખી રાત ઝોકું ખાધા વિના સારી રીતે ગાડી ચલાવી જાણે છે...

કેશિયરો બહુ જ ઝડપથી નોટો ગણી જાણે છે,

આ બધા પાછળ દીર્ઘકાળ + નિરન્તર + સત્કારથી કરાયેલો અભ્યાસ જ છે.

એટલે

મુમુક્ષુ !

સંયમજીવનની કોઈપણ ચર્યા બાબતનો ભય તો કાઢી જ નાંખ. તારામાં જો વૈરાગ્ય હશે, તો બાહ્યચર્યાઓ આત્મસાત કરતા કશી મુશ્કેલી નહિ પડે. દીક્ષા બાદ માત્ર છ મહિનામાં તો સંયમના તમામ આચારોને તું સહજ રીતે કરવા માંડીશ.

<u>મુમુક્ષુ :</u> મારે ગુરુ કેવી રીતે નક્કી કરવા ? શાસ્ત્રમાં લખ્યું છે કે ગીતાર્થ અને સંવિગ્ન વ્યક્તિ જ ગુરુ બની શકે. પણ મારે એ ઓળખવા શી રીતે ? બધા સંયમીઓ ગીતાર્થ અને સંવિગ્ન જ હોય ને ?

<u>ગીતાર્થ :</u> ના. આ માટે ૩૫૦ ગાથાની ચોથી ઢાળમાં ચોથી ગાથામાં ગુરુનું વર્ણન કરવામાં આવેલું છે એનું વિસ્તૃત વિવેચન ભાગ-૩માંથી તને મળી રહેશે.

બાકી એક મુશ્કેલી છે તો ખરી જ કે વર્તમાનકાળમાં સદ્‌ગુરુનો નિર્ણય કરવો ખૂબ જ અઘરો છે. એનું કારણ એ છે કે

→ તમારી બુદ્ધિ નાની છે, એટલે પહેલા ધોરણવાળાને જેમ દસમાવાળો ખૂબ હોંશિયાર લાગે... એમ તમને સામાન્ય જ્ઞાનવાળો સાધુ પણ ગીતાર્થ જ લાગવા માંડે, જે હકીકતમાં તો ગીતાર્થના ૧૦૦મા ભાગ જેટલી પણ પાત્રતા પામ્યો ન હોય.

→ આ જ વાત છે સંવિગ્નતામાં ! કેટલાકો માત્ર સાધુવેષધારીને સંવિગ્ન માની લે છે. કેટલાકો વળી પ્રતિક્રમણ - વિહારાદિ સાવસ્થૂલક્રિયા કરનારાઓને સંવિગ્ન માની લે છે, પણ <u>ઝળહળતો વૈરાગ્ય</u> રૂપ સંવિગ્નતાને નિહાળવાની, પરખવાની શક્તિ ઘણા ઘણા ઘણા ઓછા પાસે છે.

→ જે સંયમીઓ સ્વયં જાણે છે કે 'તેઓ ગુરુ બનવાને લાયક નથી' તેઓ એ જાણે છે, પણ માનતા નથી. શાસ્ત્રના વચનોથી જાણ્યું, પણ એ મુજબ ગુરુપદ ન લેવાનો નિર્ધાર કરતા નથી. એટલે કે તેઓ મુમુક્ષુને એવું કહેતા નથી કે 'હું ગુરુ બનવાને લાયક નથી. સાચા ગુરુ તો પેલા મહાત્મા છે, જા, એમનો શિષ્ય બન.'

ઉલટું ગુરુ બનવા માટે તેઓ તલપાપડ બની જાય છે. અને એટલે જ મુમુક્ષુઓ પાસે એ માટેના વ્યવસ્થિત પ્રયત્નો પણ કરે છે.

ખૂબ વાત્સલ્ય આપે છે એ મુમુક્ષુઓને !

ખાવા-પીવાદિ કોઈપણ બાબતોમાં એમને રાજાશાહી ઠાઠથી રાખે છે !

મુમુક્ષુની ખૂબ-ખૂબ-ખૂબ કાળજી કરે છે, હાં ! શરીર સંબંધી !

બિચારા ભોળા મુમુક્ષુઓ ! આ સ્નેહરાગમાં લપેટાઈ જાય. ધર્મરાગને સમજવા જેટલી પરિપક્વતા તો આ મુમુક્ષુઓ પામ્યા જ ન હોય, એટલે એમને આ બધું સારું લાગી જાય અને શિષ્ય બનવા તૈયાર થઈ જાય.

ભોળી કન્યા ભોળવાઈ જઈને ગમે તેવા છોકરા સાથે લગ્ન કરી બેસે અને પાછળથી પસ્તાય... એના જેવું અહીં બને છે.

→ કેટલાક સંયમીઓ એવા છે કે તેઓ ખરેખર સંવિગ્ન છે. વૈરાગી છે... પણ તેઓ અજ્ઞાનતાના કારણે માત્ર આ સંવિગ્નતાના પાયા પર જાતને ગુરુપદયોગ્ય માની લે છે, તેમનો ભાવ સ્વાર્થપ્રચૂર નથી, પણ અજ્ઞાનપ્રચૂર ચોક્કસ છે. એટલે આવા સંયમીઓ પાસે એમના સ્વભાવ અને સંયમના કારણે મુમુક્ષુઓ આકર્ષાય એ બનવાનું. એમની પાસે દીક્ષાઓ ઘણી થવાની,

સંવિગ્નતા રૂપે આચારપાલન ખૂબ જ સરસ થવાનું. પણ ગીતાર્થતાની ખામીથી થનારા નુકસાનોને આ સંવિગ્ન પણ રોકી નહિ શકે. અરે ! એને ક્યાંય કશું નુકશાન લાગશે જ નહિ, કેમકે અગીતાર્થને એ ખબર ઓછી પડે.

એટલે તારી વાત સાચી કે 'આ કાળમાં સદ્‌ગુરુ શોધવા શી રીતે ?'

એના ઉપાયો મને આ પ્રમાણે સૂઝે છે.

+ સદ્‌ગુરુની પ્રાપ્તિ પ્રચંડ પુણ્ય વિના થતી નથી. પ્રચંડપુણ્ય અરિહંતની ભાવભક્તિ વિના પેદા થતું નથી. એટલે રોજ અરિહંતની સર્વોત્કૃષ્ટ દ્રવ્યોથી વિધિસર ભક્તિ કરવી. પછી સ્તુતિ-સ્તવનોના માધ્યમે ભાવવિભોર બનવું, પછી પ્રભુ પાસે જ માંગણી કરવી કે 'તું મને સદ્‌ગુરુ મેળવી આપ.'

વિશ્વાસ રાખજો કે આ રીતે કરવાથી સદ્‌ગુરુ સામેથી ભટકાશે, શોધવાની તમામ મહેનત નિષ્ફળ ગયા બાદ ઘર આંગણે સદ્‌ગુરુ મળ્યા જેવું થશે.

<u>જયવીયરાયના શબ્દો:</u> <u>होउ ममं तुह पभावओ.... सुहगुरुजोगो....</u> ખોટા તો ન જ હોય, એટલી શ્રદ્ધા તો છે ને ?

+ <u>સોનું જોઈએ કસી, માણસ જોઈએ વસી</u> એ કહેવત અનુસાર માણસ સારો છે કે ખરાબ ? એની પરખ એની પાસે વધુ રહેવાથી જ પડે <u>દૂરથી ડુંગર રળિયામણા</u> એ કહેવત અનુસારે બધા જ માણસો પરિચય વિના તો સારા જ લાગે. પણ એ ભ્રમણા હોઈ શકે છે. માટે જ કોઈકના બાહ્ય દેખાવ માત્રથી તરત એના માટે કોઈ નિર્ણય બાંધી ન દેવાય. કોઈના પુણ્યથી અંજાઈ ન જવાય. લાંબે ગાળે એમાં તમારે જ સહન કરવાનું આવે.

એક જ ઉપાય, જે સંયમીને તમે ગુરુ બનાવવા માંગો છો, એ ગમે એટલા સારા દેખાય, તો પણ તમે ઝટ નિર્ણય બાંધી ન દો, નિર્ણય જાહેર કરી ન નાંખો કે 'આ મારા ગુરુ છે' તમે ધીરજ રાખો. ઓછામાં ઓછા છ માસ એમની સાથે રહો, એકપણ

દિવસ વચ્ચે ખાડો ન જોઈએ. તમારે પૌષધ સાથે જ રહેવાનું. પછી ગુરુ આખો દિવસ શું કરે છે ? તમારી કેટલી કાળજી કરે છે ? એ બધું જ આપોઆપ જ સમજાઈ જશે. એકદમ તટસ્થ મનથી ચકાસણી કરવી. સંયમ + સ્વભાવ + સ્વાધ્યાય આ ત્રણનો સંગમ જો ગુરુમાં બરાબર દેખાય, તો પછી ઝંપલાવી દેવું.

મુમુક્ષુ : પણ સંયમ એટલે શું ? સ્વભાવ એટલે શું ? સ્વાધ્યાયનો અર્થ શું ?

ગીતાર્થ : જો ભાઈ ! આ બધાની વ્યાખ્યા પણ દરેક જણ પોતપોતાના દૃષ્ટિકોણથી જ કહે છે, એટલે હું જે વ્યાખ્યા આપું એ કંઈ બધા માન્ય રાખવાના નથી જ.

છતાં

(૧) જીવદયાનું પાલન + બ્રહ્મચર્યની નવ વાડોનું પાલન + પૈસાદિની બાબતોથી અળગા રહેવું આટલું તું સંયમમાં જોજે.

(૨) બધા સાથે સ્નેહભર્યું વર્તન + સંયમીઓ માટે ઘસાઈ છુટવાની તૈયારી હોવી + તને શિષ્ય બનાવીને તારી પાસે સેવા કરાવવાની વૃત્તિ ન હોવી + સ્વચ્છંદી સ્વભાવ ન હોવો... આ બધું તું સ્વભાવમાં જોજે.

(૩) રોજ પાંચ-સાત કલાક શાસ્ત્રાદિનું વાંચન + તને = શિષ્યોને પાઠ આપવાની પાકી જવાબદારી... તૈયારી... આ તું સ્વાધ્યાયમાં જોજે.

મુમુક્ષુ : હું બારેક વર્ષનો હતો, ત્યારે કોઈક સંયમીનો પરિચય થયેલો. એમણે મને સારી સારી વાર્તાઓ કરેલી, હું રોજ એમની પાસે જતો. છેલ્લે એમણે મને બાધા આપી કે "હું જ તારો ગુરુ ! તું જ્યારે પણ દીક્ષા લે, ત્યારે મારી પાસે જ લેવાની. કોઈપણ તને ગુરુ અંગે પૂછે, ત્યારે મારું નામ આપી દેવાનું."

મેં તો ભોળપણમાં બાધા લઈ લીધી. આજે મારી ઉંમર થઈ ૨૦ વર્ષ ! દીક્ષાની ભાવના પ્રગટી છે. પણ એ સાધુ પાસે લેવી નથી. એ એકંદરે સારા છે, પણ મને એના કરતાં પણ બીજા ઘણા

સાધુઓ ઘણા સારા લાગ્યા છે. મને તો એ વાત જ ખૂંચે છે કે આવી બાધા આપીને એમણે મને બાંધી કેમ નાંખ્યો ? એટલે જ એમના માટેનો વિશેષ સદ્ભાવ ઉછળતો નથી. પણ હવે કરવું શું ? બાધાથી બંધાઈ ગયો છું હું !

<u>ગીતાર્થ :</u> મોટા ભાગે તો જૈન સાધુઓ આવું કરે જ નહિ. ધારો કે આવું થયું હોય, તો એવું ક્યારેક જ બને છે. એટલે તું બધા માટે અસદ્ભાવ નહિ જ કરે એટલો તો તારા પર વિશ્વાસ મૂકું છું.

હવે સમાધાન !

મારા જીવનમાં પણ આવું જ બન્યું હતું. નાની ઉંમરે બાધાથી બંધાયો, મોટી ઉંમરે દીક્ષા માટે તૈયાર થયો, પણ એ સાધુ પાસે મારી ભાવના ન હતી. મેં તો મારી સમજણ પ્રમાણે મને સારા લાગેલા ગુરુ સ્વીકાર્યા. મારા આ નિર્ણયની એ સાધુને જાણ થઈ, એમણે મને ઠપકો આપ્યો. 'એક ભવમાં બે ગુરુ ન કરાય. સતી સ્ત્રી એક જ વાર લગ્ન કરે. તું બાધા તોડે છે, એટલે તારું કલ્યાણ નહિ થાય. મા ગમે તેવી કાળી હોય, તો ય દીકરાએ તો મા પાસે જ જવાનું હોય, બીજી ધોળી દેખાતી સ્ત્રી પાસે નહિ...' વગેરે વગેરે ઘણું મને કહ્યું.

પણ આ બધું સાંભળીને મારું મન વધારે ઉદ્વેગ પામ્યું. મને એમ જ લાગ્યું કે 'મુમુક્ષુને પ્રોત્સાહન આપવાને બદલે, આ રીતે ખેંચતાણ કરવી એ કંઈ સાધુની સાધુતા કહેવાય...' અને પછી તો મેં મારો નિર્ણય દઢ કરી જ દીધો. એના મીઠા ફળ આજે ભોગવું છું.

પણ બાધા તૂટે એનું શું ? ગુરુ બદલ્યા એનું શું ? એનું પાપ ન લાગે ?... આ બધા પ્રશ્નો તારા કે કોઈના પણ મનમાં ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે. એ બધાનું હવે તટસ્થભાવથી સમાધાન આપું છું.

ધારો કે મુંબઈમાં બોમ્બવિસ્ફોટ કરાવવામાં આડકતરી રીતે

સહાયક બનનાર કોઈક માણસ પકડાયો. મરનારાના સ્વજનો ગુસ્સે થઈને પોલીસને કહે કે 'આને શૂટ કરી નાંખો, ફાંસીએ ચડાવો...' તો શું પોલીસ એમના કહ્યા પ્રમાણે કરી લેશે ?

<u>મુમુક્ષુ :</u> ન કરે. એ તો કોર્ટમાં કેસ ચાલે. અને જજ કહે તો જ ફાંસી અપાય.

<u>ગીતાર્થ :</u> સ્વજનો અને જજ બંને માણસ તો છે જ ને ? છતાં સ્વજનોની વાત ન માનવાની અને જજની માનવાની ?

<u>મુમુક્ષુ :</u> સ્વજનો ભલે ને ગમે તે કહે, એમના વચનોની આ વિષયમાં કોઈ કિંમત જ ન ગણાય. કોને કઈ સજા આપવી કે ન આપવી ? એ બધો નિર્ણય કરવાની સત્તા કાયદાશાસ્ત્રોના જ્ઞાતા જજ પાસે જ હોય.

<u>ગીતાર્થ :</u> એ જ રીતે બાધા આપવાની સત્તા પણ ગીતાર્થ - સંવિગ્ન ગુરુ પાસે જ છે. બીજા બધા સાધુઓ પાસે નહિ. એમાં ય જે ગુરુ ભોળા જીવોને આ રીતે બાંધી દે છે, કે 'તું મારો જ શિષ્ય !...' અને બીજા સાધુઓ પાસે જતા અટકાવે છે, તે તો ચોકખે ચોકખા અસંવિગ્ન છે. એમણે બાધા આપી હોય, તો ય એ માન્ય ગણવાની જરુર નથી. એ બાધા બાધા જ ન ગણાય, એટલે એનું પાલન ન કરવામાં કોઈ જ દોષ લાગતો નથી.

જુના જમાનામાં એવું બનતું કે લુચ્ચા-ઠગ જેવા વેપારીઓ ભોળા ગ્રાહકોને ઠગતા, પૈસા લુંટી લેતા. પેલા બિચારાઓને પાછળથી ખબર પડતી, ત્યારે તેઓ રાજા-મંત્રી પાસે જતા, અને તેઓ કુનેહ વાપરીને ગ્રાહકોનું નુકસાન દૂર કરાવી આપતા.

એમ ખોટી રીતે ઠગાયેલા તમારા જેવા મુમુક્ષુઓને બચાવવાની જવાબદારી નિઃસ્પૃહ, સંવિગ્ન ગીતાર્થ મહાત્માઓની છે જ, તમે એવા મુનિઓ પાસે જશો, તો એ કહેશે જ કે 'આ બાધા યોગ્ય જ નથી...'

અરે, હજી ઉપવાસ-અંઠમ વગેરે નાની બાધાઓ હોય, તો તો સમજયા, પણ આખી જીંદગીનો જે પ્રશ્ન છે, એના સંબંધી

આવી ગમે તેમ બાધાઓ આપવામાં આવે તો એ શી રીતે ઉચિત ગણાય ?

<u>મુમુક્ષુ :</u> એનો મતલબ એ જ ને ? કે સારા સાધુ ક્યારેય પણ મુમુક્ષુઓને બીજા સાધુઓ પાસે જતા ન અટકાવે, ઉદાર હૈયાના હોય,

<u>ગીતાર્થ :</u> હા ! પણ ક્યારેક એવું બને કે તારા જેવા મુમુક્ષુઓ ભોળપણ વગેરેના કારણે સાવ જ ખોટી જગ્યાએ જતા હોય, તો સારા સાધુઓ તમને સાવચેત ચોક્કસ કરશે. જેમ હમણાં જ મેં તને સાવચેત ન કર્યો ? કે 'આવી બાધા આપનારા માટે વિશ્વાસ ન કરવો...' એની જેમ ! પણ એમાં એ સાધુઓનો ભાવ તમને ખેંચી લેવાનો ન હોય, તમને બચાવવાનો હોય. માટે જ તેઓ અમુક સ્થાન માટે જ સાવચેત કરે, બીજા બધા પાસે જવાનો નિષેધ ન કરે, 'મારી પાસે જ આવી જા...' એવું વિધાન ન કરે.

મુખ્યત્વે ચોથા વ્રતમાં ગરબડવાળા હોય... વગેરે જેવા પાસે જવાનો નિષેધ આ સારા સાધુઓ કરે ખરા.

પૂજ્ય ગુરુદેવશ્રી પાસે એક બહેન એમના મુમુક્ષુ દીકરાને લઈને આવેલા. "સાહેબજી ! મારો દીકરો અમુક મ.સા. પાસે દીક્ષા લેવા માંગે છે... આપનું માર્ગદર્શન જોઈએ છે."

પૂજ્યશ્રીને ખ્યાલ હતો કે ત્યાં આ દીકરાને બિલકુલ ન મોકલાય. પણ આ બહેન વગેરે સાવ અજાણ્યા ! પૂજ્યશ્રી પોતે સાચી વાત કહી દે, પણ એ બધાને વિશ્વાસ ન પડે તો ? ત્યાં જઈને પેલા સાધુ પાસે જ બધી વાત રજુ કરવા માંડે તો ? નકામા ઝઘડાઓ જ ઉભા થાય ને ?'

એટલે પૂજ્યશ્રીએ એટલો જ જવાબ આપ્યો કે "જુઓ, બહેન ! મારે એ મહાત્માનો વિશેષ પરિચય નથી. પણ એટલું ચોક્કસ કે દીક્ષા આપતા પહેલા દીકરાને બરાબર તાલીમ આપવી. ઉતાવળ ન કરવી. અને ગુરુ પાસે આટલા-આટલા ગુણો હોવા જરુરી છે... એ ગુણોમાં જો ખામી ન હોય, તો ચાલે... હવે એ બધી ચકાસણી

મુમુક્ષુએ, તમારે બધાએ કરવાની રહી..."

આમ કહીને સદ્‌ગુરુ બનવા માટે જરુરી અત્યંત આવશ્યક ગુણો બતાવી દીધા. હવે આ પ્રતિપાદન એવું હતું કે જેમાં સામેવાળા ખોટું પકડી ન શકે, અને છતાં કહેવા જેવું બધું જ કહેવાઈ જાય.

હા ! એક વાત નક્કી છે કે બીજાઓના નાના નાના દોષોને આગળ કહીને એનું ખંડન કરવું અને પોતાના દોષો તરફ નજર સુદ્ધાં ન કરવી એ તો બિલકુલ ઉચિત નથી.

દા.ત. બીજા સાધુઓ આધાકર્મી વગેરે દોષો સેવતા હોય તો એ ખોટું ખરું, પણ આ સાધુઓમાં સૂર્યાસ્ત બાદ પણ બહેનોની - સાધ્વીજીઓની અવરજવર ચાલુ જ છે... એનું શું ? એ ખોટું કે સાચું ? અરે, શાસ્ત્રમાં એને તો વધુ ખરાબ ગણ્યું છે.

બીજા સાધુઓ પગમાં જોડા પહેરતા હોય, તો આ સાધુઓ અંધારામાં પુષ્કળ વિહાર કરતા હોય.

બીજા સાધુઓ સાઈકલાદિ સાથે રાખતા હોય, તો આ સાધુઓ વિહારમાં સાઈકલાદિ ન રાખે, પણ ચોમાસામાં એકસાથે પોટલાઓની હેરફેર ટ્રક દ્વારા કરી લેતા હોય.

હવે જો આ સાધુઓ તારી આગળ બીજાના તે તે દોષો બતાવે અને પોતાના તે તે દોષોની સામે આંખ મીંચી દે, તો એ એક પ્રકારની કપટવૃત્તિ જ છે ને ?

મુમુક્ષુ : મારા મોટાભાઈએ દીક્ષા લીધી છે, મને ઘણા વર્ષો બાદ બીજા સાધુ દ્વારા વૈરાગ્યની ભાવના થઈ છે, મારી ઈચ્છા એ જ છે કે મારે મારા ઉપકારી ગુરુ પાસે દીક્ષા લેવી. ભાઈ મ. પાસે દીક્ષા લેવાની મારી ભાવના નથી. મને ત્યાં ઓછું ફાવે છે.

પણ પરિવારનો આગ્રહ સખત છે કે "સગા ભાઈ મ. હાજર હોય અને તું બીજા સાધુ પાસે દીક્ષા લે, એમાં અમારે કેટલી તકલીફ પડે ? તારા ભાઈ મ. માટે લોકો ખરાબ બોલે કે એમનામાં કંઈક ખામી હશે, માટે જ નાના ભાઈએ એમની પાસે દીક્ષા ન

લીધી ને ?... એટલે દીક્ષા લેવી હોય તો ભાઈ મ. પાસે જ... નહિ તો નહિ લેવાની."

હવે મારે શું કરવું ?

<u>ગીતાર્થ :</u> બે સગા ભાઈઓ કે નજીકના સ્વજનો જુદી જુદી જગ્યાએ દીક્ષા લે, એ પરિવારવાળા ન સ્વીકારે. એનો વિરોધ કરે એ વસ્તુ સમાજમાં બને એ સહજ છે. આધ્યાત્મિકક્ષેત્રે આ વસ્તુ યોગ્ય છે કે કેમ ? એ એક પ્રશ્ન છે.

આમાં મને નીચે પ્રમાણે ઉત્તરો સૂઝે છે.

(૧) તને તારા ઉપકારી ગુરુનો વધુ સંપર્ક હોવાથી એ તરફ ખેંચાણ રહે એ સહજ છે. તારા ભાઈ મ.ના ગ્રુપ વગેરેનો સંપર્ક ન હોવાથી તું ત્યાં જવા માટે ઉલ્લાસ ન પામતો હોય એ ય સહજ છે. પણ તારે એક કામ કરવું જોઈએ, ભાઈ મ. પાસે રોકાવા જવાનું, ત્યાં બે-ચાર મહિના રહેશે, એટલે એમની સાથે પણ ખૂબ સારો પરિચય થશે, એમાં જો તને ફાવી જાય, સંયમ વગેરે એકંદરે સરસ દેખાય તો તારે ત્યાં લેવી વધુ સારી. કારણ કે ત્યાં તારા સંયમની કાળજી તો થવાની જ, એ ઉપરાંત તારા આખા પરિવારને પણ ઉલ્લાસ-શાંતિ-પ્રસન્નતાની પ્રાપ્તિ થવાની. જો તું બીજે દીક્ષા લેશે, તો તારો પરિવાર ઉચાટમાં જ રહેવાનો, એના આશિષ પ્રાપ્ત ન થવાથી તને પણ નુકસાન થવાની સંભાવના રહેશે.

એક નાના ભાઈએ મોટા ભાઈ મ.ને છોડીને જીદ પર ચડીને, ભાગીને અન્યસ્થાને દીક્ષા લીધી, પણ ત્યાં સફળતા ન મળી, દીક્ષા છોડીને ઘરે આવ્યો, વળી પાછી દીક્ષા લીધી, અને હવે ગમે તે રીતે દિવસો પસાર કરવાના રહ્યા.

આવું નુકસાન તારે ભોગવવું ન પડે, એ માટે ખૂબ વિચારીને નિર્ણય લેવો.

(૨) ધારો કે ભાઈ મ.ના ગ્રુપમાં તને કોઈપણ હિસાબે ન જ ફાવે, (પછી એ ન ફાવવાનું કારણ સંયમ સારું ન હોવું - સ્વભાવનો મેળ ન પડવો... તારી રુચિ પ્રમાણેની આરાધના ન

મળવી... વગેરે ગમે તે હોય.) તો પછી માત્ર સ્વજન હોવાના નાતે ત્યાં દીક્ષા લેવામાં આખી જીંદગીનું જોખમ તો ગણાય જ. દીક્ષા પછી સીધું ઉતરી જાય, ફાવી જાય તો ભયો ભયો ! નહિ તો રડવા - રખડવાનો જ વારો આવે.

આ વખતે શું કરવું ?

જો પરિવાર માની જાય, ભાઈ મ. માની જાય તો તું યોગ્યસ્થાને સ્વરુચિ પ્રમાણે દીક્ષા લઈ શકે... પણ એ બધા માને કે ન માને ? એ અંગે કશું કહી ન શકાય. તારે એમને મનાવવા પડે, શાંતિથી-સમજાવટથી-કુનેહથી કામ લેવું પડે, ધીરજ રાખવી પડે.

(૩) જયારે તું ભાઈ મ. પાસે તાલીમ લેતો હોય, કે પરિવાર તને સમજાવી રહ્યા હોય, એ વખતે તારા ઉપકારી માનેલા ગુરુ જો તને ખેંચવાનો પ્રયત્ન કરે, ભાઈ મ. પાસે દીક્ષા લેવાની પ્રેરણા વ્યવસ્થિત કરવાને બદલે પોતાની પાસે જ દીક્ષા લેવાને માટે ઉપદેશ આપે... તો નક્કી માનવું કે તેં જેને ઉપકારી ગુરુ માનેલા છે, એ તારા હિતને નહિ, પણ પોતાના સ્વાર્થને જ જોઈ રહ્યા છે.

તને પરિવારની સામે પડતા-લડતા-ઝઘડતા શીખવાડે, ભાઈ મ.ના ગ્રુપની નિંદાદિ કરે, નાના-નાના દોષો દેખાડી દેખાડીને તને ભરમાવવાનો પ્રયત્ન કરે... તો મારું સ્પષ્ટ કહેવું છે કે તું ચેતી જજે. ભલે એમણે તને ધર્મમાર્ગે ચડાવવાનો ઉપકાર કર્યો છે. પરંતુ એ બધો જ ઉપકાર ધોવાઈ જાય, એવું થવા દઈશ નહિ. એમની ઉપેક્ષા કરી, કરુણાભાવ કેળવી, એમની ધમકી વગેરેને દાદ આપ્યા વિના ભાઈ મ. વગેરે યોગ્યસ્થાને દીક્ષા લઈ લેજે.

હવે મારા તરફથી કેટલુંક વધારાનું પણ જણાવી દઉં.

→ 'પ્રીત પરાણે ન થાય' એવું જેમ લગ્નાદિ કાર્યોમાં બોલવામાં આવે છે. એમ દીક્ષા અંગે પણ સમજી લેવું. જયાં મન ઠરે, પ્રસન્ન બને ત્યાં દીક્ષા સ્વીકારવી. નહિ તો પાછળથી આર્તધ્યાનની હોળી સળગશે.

→ સગા ભાઈ મ. જેવા અતિ નજીકના સગપણમાં મેં ઉપર મુજબ જણાવ્યું. તો એના ઉપરથી એટલું તો સમજી જ લેજે કે 'આપણા ગામવાળા મહારાજ... આપણા કાકા/માસા/મામા/ફૂઆ મહારાજ... આપણા કાકાના દીકરા ભાઈ મ.... વગેરે વગેરે દૂર-અતિ દૂરના સંબંધોના ચક્કરમાં તો ફસાતો નહિ જ. હા ! ત્યાં પણ જો મન ઠરી જાય, સંયમાદિપાલન સારું લાગે... તો તો કોઈ ના જ નથી.

→ એવા ઘણા મુમુક્ષુઓ મેં જોયા છે. જેઓ સગપણના ચક્કરમાં ફસાઈને ઈચ્છાએ કે અનિચ્છાએ સ્વજનાદિ પાસે દીક્ષા લઈ બેઠા, અને પાછળથી પસ્તાયા, પસ્તાઈ રહ્યા છે. એમાં ય સાધુઓમાં તો હજી એક-બીજા ગ્રુપમાં જવું સરળ છે, જયારે સાધ્વીવૃંદમાં એ સ્વભાવદોષાદિને કારણે અઘરું તો ખરું જ.

<u>મુમુક્ષુ :</u> મારા દાદા કહે છે કે 'હું પણ તારી સાથે દીક્ષા લઉં.' મને એમ થાય છે કે એ મારા ઉપકારી હોવાથી મારે એમને દીક્ષા આપીને સાચવી લેવા જોઈએ, બીજી બાજુ એમ પણ થાય છે કે દાદાની સતત કાળજી કરવામાં હું મારી કોઈ જ આરાધના નહિ કરી શકું.

એક બાજુ કૃતજ્ઞતા છે. બીજી બાજુ સ્વ-આરાધના છે... શું કરવું ?

<u>ગીતાર્થ :</u>

શ્રીનિશીથસૂત્રમાં લખ્યું છે કે वुड्ढो न दिक्खियव्वो, जइ वि जाओ वासुदेवेणं વાસુદેવનો દીકરો હોય, તો પણ એ વૃદ્ધ હોય, તો એને દીક્ષા ન આપવી.

૧૦૦ વર્ષનું આયુષ્ય નજર સામે રાખીને શાસ્ત્રકારોએ ૭૦ વર્ષ પછીના માણસોને વૃદ્ધ કહ્યા છે. શાસ્ત્રીયદૃષ્ટિનો ઉત્સર્ગમાર્ગ આ છે કે ૭૦ વર્ષથી ઉપરનાને દીક્ષા ન આપવી. એના અનેક કારણો શાસ્ત્રોમાં દર્શાવેલા છે, અત્યારે હું એનું વર્ણન કરતો નથી.

પણ તું આ બાબત વિચાર કે અત્યારે સરેરાશ આયુષ્ય ૭૦

થી ૮૦ રહ્યું છે, ૮૦થી વધારે જીવનારાઓ કદાચ એકાદ ટકો પણ નહિ હોય.

જો ૧૦૦ વર્ષની અપેક્ષાએ ૭૦ વર્ષથી ઘડપણની અસર શરુ થઈ જાય, તો ૮૦ વર્ષની અપેક્ષાએ ૫૬ વર્ષની ઉંમરથી ઘડપણની અસર માનવી પડે. અને આજે એવું પ્રત્યક્ષ જોવા મળે પણ છે. કદાચ તે વખતે તબિયત સારી લાગે, તો પણ એ વૃદ્ધ શરીર બે-ત્રણ વર્ષમાં ખખડવા લાગવાનું, પછી વિહારો થઈ નહિ શકે, એમને ડોળી-વ્હીલચેરમાં ફેરવવા પડશે. એમ નહિ કરવું હોય તો તારે એકાદ જગ્યાએ સ્થિર થવું પડશે. તારી સ્થિરતા બીજા બધાને પણ ત્યાં સ્થિર બનાવી દે એ શક્ય નથી, યોગ્ય પણ નથી. એટલે કદાચ તારે માથે જ એ બધી જવાબદારી આવે. કદાચ એકાદ-બે જણની સહાય મળી પણ જાય, પણ ગુરુની નિશ્રા તારે ગુમાવવી પડે, તારો અભ્યાસ વગેરે બધું જ અટવાઈ જાય. આ નુકસાનો તને આત્મિક રીતે નુકસાનકારી બને એની શક્યતા પાકી છે. વળી તારા વૃદ્ધ દાદા વગેરે પણ સાધુવેષમાં મરણ પામશે એ વાત સાચી, પરંતુ એમાં સમાધિ હશે કે કેમ ? એમણે જીવેલું સંયમ જીવન ચિક્કાર દોષોથી ભરપૂર તો નહિ હોય ને ? વગેરે ઘણા બધા પ્રશ્નોના જવાબો આપવાનો અત્યારે સમય ન હોવાથી માત્ર આટલું જ કહીને વિરમું છું કે વર્તમાનમાં ૫૬ વર્ષથી ઉપરનાને દીક્ષા આપવામાં ભારે જોખમ છે.

હા ! જેનું શરીર નીરોગી, ખડતલ, સક્ષમ દેખાય... પાંચ-દસ વર્ષ સુધી સારી રીતે ચાલી શકે એવું દેખાય... એને માટે અપવાદ લઈ શકાય.

એમ નાની ઉંમરવાળો પણ જો રોગિષ્ઠ હોય, શરીરથી સાવ જ નબળો હોય... તો એને પણ દીક્ષા આપવામાં મજા નથી... એ વાત પણ સમજી જ રાખવી.

મારી દીક્ષા વખતે મારા પિતાશ્રીને પણ દીક્ષાની ભાવના ! પણ એક્સીડન્ટના કારણે પગમાં સળીયો નંખાવેલો હતો. ચાલવા

વગેરેમાં તકલીફ દેખાતી ન હતી. છતાં પૂજ્ય ગુરુદેવશ્રીએ મને સલાહ આપી કે ૫૫ આસપાસની ઉંમર થઈ ગઈ છે, વધુ વિહાર વખતે પગ દગો દેવા માંડશે, તું નવો છે, તારે તારી જ આરાધના-સાધના કરવાની તો બાકી છે. તારા પર આવેલી જવાબદારીમાં તું ઘણું ગુમાવીશ...

'પિતાજી પર ઉપકાર કરવો જ જોઈએ' એની તો ના નથી. પણ પહેલા આપણે ખુદ તરેલા હોઈએ, પછી તારવા જઈએ તો સારું પડે.

ઘણીવાર તો એવું બને કે પિતા-પુત્ર સાથે દીક્ષા લે, એ પછી પિતાનો સ્નેહ પુત્રને દરેક વાતમાં પરેશાની ઉભી કરે. પિતા એને તપ કરવા ન દે, એને વધુ લાડ લડાવે, એને વૈયાવચ્ચાદિ કરવા ન દે, સ્વાર્થીજીવન જીવવા પ્રેરણા કરે, એમાં દીકરો બધાને અળખામણો બને, બધા સાથે સંબંધ બગડે, રોજેરોજના સંકલેશો વધે... બંનેયનું સંયમજીવન બરબાદ !

સંસારના રંગ લઈને આવેલા પિતાજી અહીં એ સ્વભાવ પ્રમાણે જ જો જીવે, તો આખા ગ્રુપમાં એમના માટે અણગમો ઉભો થાય. છેવટે દીકરાએ પિતાને તો સાચવવા જ પડવાના ને ? એટલે પિતાને લઈને ગ્રુપથી જુદા રહેવું પડે...

'બધા પિતા-દાદા આવા જ હોય છે.' એવું મારે નથી કહેવું. પણ આવા આવા પ્રસંગો-અનુભવો ઓછા-વત્તા અંશે જોવા મળે છે. એટલે પિતા કે દાદા કે કાકા વગેરે જે કોઈપણ સગાની સાથે દીક્ષા લેવી હોય, તેના માટે ખૂબ જ ચકાસણી કરી લેવી.

(૧) એમનો વૈરાગ્ય પરિપક્વ હોવો જોઈએ...

(૨) સ્વભાવ મળતાવડો, શાંત, સહનશીલ, પ્રેમાળ હોવો જોઈએ...

(૩) દસેક કિ.મી.નો વિહાર, ઓછામાં ઓછું બેસણું... એ માટે શરીર મજબુત !

૬૦-૭૦-૮૦ વર્ષની ઉંમરના ત્રણ બહેનોના દીક્ષા પ્રસંગો

અને એ પછી સંયમજીવનમાં એમને પડેલી ભયંકર મુશ્કેલીઓ... આ બધું જોયું છે - સાંભળ્યું છે... એમ ઘણા વૃદ્ધોની દીક્ષા ખૂબ સરસ પણ દેખાઈ છે. પણ ટકાવારી જોઈને કમસેકમ મને તો ૫૬ થી ઉપરનાને દીક્ષા આપવામાં ડર લાગે જ છે.

<u>મુમુક્ષુ :</u> હું જેનો શિષ્ય બનવાનો છું, એ મારા સાક્ષાત ગુરુ તો ખૂબ સારા છે. એ અંતર્મુખ છે, સ્વાધ્યાયી છે, મને પણ સતત ભણાવ્યા કરે છે, સંયમની પ્રેરણાઓ કરે છે.

પણ મારા દાદાગુરુ (ગુરુના ગુરુ) છૂટછાટવાળા છે. શું છૂટછાટ ? એ તો આપ પણ સમજી શકો છો. એટલે હું ફોડ પાડતો નથી. મને આ બિલકુલ ગમતું નથી. મેં મારા ગુરુને પણ કહ્યું કે આવું કેમ ? શા માટે આપના ગુરુ આવું કરતા હશે ? એ વખતે ગુરુજી તો મને કહે છે કે 'આપણે કોઈના દોષ નહિ જોવાના. એમને કારણ હશે, એટલે છૂટ લે.'

પણ આ જવાબથી મને સંતોષ નથી થતો. એવા કોઈ કારણો મને દેખાતા નથી. આવી પરિસ્થિતિમાં મારે ત્યાં દીક્ષા લેવી કે નહિ ?

<u>ગીતાર્થ :</u> આનો ચોક્કસ ઉત્તર આપી શકાય નહિ. તારા ગુરુ અને દાદાગુરુ કોણ છે ? કેવા છે ? આખું ગ્રુપ કેવું છે ? તારા ગુરુનું વર્ચસ્વ કેટલું છે ? ... આ બધા પાસાઓ ચકાસવા પડે. એકદમ જાડી ભાષામાં કહીએ તો છોકરીના લગ્ન કરાવવા હોય, વેવાઈપક્ષમાં છોકરો = ભાવી પતિ સારો હોય, પણ કાં સાસુ ખરાબ, કાં સસરા ખરાબ, કાં નણંદ ખરાબ, કાં જેઠ - દિયર ખરાબ, કાં જેઠાણી - દેરાણી વિચિત્ર.. આવી ઘણી બધી બાબતો જોવી પડે.

એમાં મા-બાપ શું કરે ? ૧૦૦ ટચના સોનાં જેવું ઘર જો મળી જાય તો, તો ચિંતા નહિ, પણ એ કેટલું શક્ય છે ? ત્યાં મા-બાપ એક જ કામ કરે, પાંચ-દસ-વીસ ઘર ચકાસી લે, એમાં સૌથી ઓછા નુકસાનો કયાં ? એ ચકાસીને છોકરીને પરણાવે. દા.ત.

નણંદ વિચિત્ર છે, પણ એનાં લગ્ન થશે, એટલે એ જતી રહેવાની પછી એની ઝાઝી ચિંતા નહિ... સાસુ-સસરા અક્કડ છે પણ તેઓ મોટા ભાગે ગામમાં રહે છે, એટલે દીકરીને શહેરમાં રહેવાનું હોવાથી એમની સાથે ક્યાં વધુ રહેવાનું થવાનું ?.... જેઠ - દિયર પણ જુદા જ રહેવા જતાં રહેવાનાં છે... ઘરે દીકરીનો ભાવી વર સારૂ વર્ચસ્વ ધરાવે છે, એ ધારે તે કરાવી શકે અને એ સ્વયં ખૂબજ સમજુ છે...

આવા આવા વિકલ્પો વિચારીને લગ્ન કરે.

આ બધામાં સૌથી મહત્વની વાત છે વરરાજાની ! એ બરાબર હોવો જોઈએ. એ જો નકામો, તો બાકીના હજાર સારા હોય, તો શા કામના ? અને એ જો કામનો ? તો બાકીના થોડા-ઘણા આમતેમ હોય, તોય એના રસ્તા નીકળી શકે.

મુમુક્ષુ ! તારે પણ આ ખાસ વિચારવાનું ! તારે જેને ગુરુ બનાવવા છે, એની પ્રથમ ચકાસણી કરી લેવી કે એ સંયમી છે ને ? એ સ્વભાવના સારા છે ને ? એ શાસ્ત્રો ભણેલા છે ને ? અને એટલે જ તને ભણાવી શકે છે એમ છે ને ? .... આ સૌ પ્રથમ જોવાનું. પહેલા તારા ગુરુ નક્કી કર, એ થઈ ગયા બાદ હવે દાદાગુરુ, ગુરુભાઈઓ આ બધાનું પણ ચોક્કસ ચિંતન કરવું જ પડવાનું.

આવા પ્રસંગોમાં કોઈ સારા મહાત્માનો અભિપ્રાય લેવો. એમને તમારી બધી વાત જણાવવી. તટસ્થ અને નિઃસ્પૃહ એ મહાત્મા બધી વાત જાણીને યોગ્ય નિર્ણય આપશે.

<u>મુમુક્ષુ :</u> એવા સારા મહાત્મા કોણ ?

ગીતાર્થ : હું જ સારો મહાત્મા છું ને ? તને મારા પર ભરોસો નથી ? કંઈ વાંધો નહિ. આ બાબતમાં ધીરજ રાખવી. બે-ચાર જણને પુછીને સારા મહાત્મા શોધી લેવા, એમનું માર્ગદર્શન મેળવીને ઉચિત નિર્ણય કરવો.

<u>મુમુક્ષુ :</u> હું તો આ બધી તપાસ કરીને ધારો કે નબળા દાદાગુરુ વાળા, તગડા ગુરુવાળા ગચ્છમાં દીક્ષા લઈ પણ લઉં, પરંતુ મા-

બાપ માનવા તૈયાર ન થાય તો ? તેઓ કહે છે કે "તારા ગુરુ સારા, પણ દાદાગુરુનું જીવન બરાબર નથી. માટે ત્યાં દીક્ષા નહિ આપીએ. જો તું જીદ કરશે, તો તને ત્યાં દીક્ષા આપશું, તો ય અંતરના આશિષ નહિ મળે..."

<u>ગીતાર્થ :</u> પ્રથમ પ્રયત્ન એ જ કરવો કે બધાની પ્રસન્નતાપૂર્વક કામ થાય. એ માટે જે તટસ્થ મહાત્માની સલાહ લીધી હોય, એમની પાસે મા-બાપને લઈ જવા. એ મહાત્મા એકદમ તટસ્થ હોવાથી મા-બાપને એમની વાતમાં શ્રદ્ધા બેસે, વળી એ પરિપક્વ, ચતુર છે, એટલે ખૂબ જ હોંશિયારીપૂર્વક મા-બાપને સમજાવશે.

એ સમજી જાય, એટલે બધાની સંમતિપૂર્વક જ તમારું આવું કામ થાય, એટલે એમાં તો કોઈ વાંધો જ નહિ ને ?

ધારો કે તટસ્થ મહાત્માની સમજાવટ છતાં પણ મા-બાપ ન માને, તો પછી તારી સામે બે વિકલ્પ રહ્યા. 'આશિર્વાદ નહિ મળે.' એવી ધમકી આપનારા માતાપિતા અને પેલા તટસ્થ મહાત્મા !

આમાંથી તારે કોનો નિર્ણય માન્ય કરવો ?

સાવ સીધી વાત છે કે તટસ્થ મહાત્માનો જ નિર્ણય માન્ય રાખવાનો. કારણ કે એ શાસ્ત્રોના જ્ઞાતા છે, સમજુ છે, તારી તમામે તમામ બાબતોને એ જાણે છે, એટલે મા-બાપના આશિષ નથી, એ વાત પણ એમને ખબર છે, છતાં એ જે નિર્ણય આપે, એ ઘણું વિચારીને જ આપે ને ? એટલે એમાં શ્રદ્ધા રાખવી. મા-બાપ અનિચ્છાએ પણ દીક્ષા આપે, તો એની હવે ચિંતા ન કરવી. તને એમના આશિર્વાદ મળી જ જશે. તેઓ આજે નહિ તો કાલે પાછા તારા પર રીઝવાના ખરા જ. કદાચ એ ન રીઝે, તો ય શું ? દેવ-ગુરુ-ધર્મ તો તારા પર રીઝેલા જ છે ને ?

<u>મુમુક્ષુ :</u> મને એક ગ્રુપનો પરિચય થયો, ફાવ્યું અને ધીમે ધીમે મને દીક્ષાની ભાવના થઈ. પણ મારા મા-બાપ બીજા સાધુને ગુરુ તરીકે માને છે. અમારા ઘરના ગુરુ એ બીજા સાધુ છે. મા-બાપ

એમના પાક્કા ભગત છે. મારી ભાવનાની વાત જાણીને મા-બાપ કહે છે કે "તું દીક્ષા લે, પણ તારે આ આપણા ગુરુ પાસે લેવાની. ત્યાં નહિ..."

મેં કહ્યું કે "મને અહીં ફાવી ગયું છે, મારું મન અહીં સ્થિર થયું છે. હવે ગ્રુપ બદલું, તો ત્યાં મને ન ફાવે..."

મા-બાપ કહે "આ તારી પાત્રતા જ નથી. સાચા વૈરાગીને વળી અહીં ફાવે, અને અહીં ન ફાવે... એવું શું ? એણે તો બધે જ ફવડાવવાનું. અને એ જ એનો સાચો વૈરાગ્ય !

આ તો તારો વૈરાગ્ય જ કાચો કહેવાય. તારા જેવાને દીક્ષા ન અપાય."

આનો શું જવાબ આપવો ?

<u>ગીતાર્થ :</u> મા-બાપને સમજાવવાના.

→ મારો વૈરાગ્ય કાચો હોય, તો એને તગડો બનાવવા માટે જ તો મારે યોગ્ય ગ્રુપમાં દીક્ષા લેવી છે. જો મને ન ફાવે, ત્યાં લઉં તો તો મારો કાચો વૈરાગ્ય મરી જાય ને ?

→ હું દર્દી છું, મારે રોગની દવા કરવાની છે. તો જે ડોક્ટરની દવા મને માફક આવે. મારે ત્યાં જ જવું પડે. હું બીજે કશે જાઉં, તો મારું દર્દ વધી જાય. એમ મારા આત્મરોગ દૂર કરવા માટેની જે દવા આ ગ્રુપ આપે છે, એ મને માફક આવે છે. તમે જે ગ્રુપની વાત કરો છે, એની મને માફક નથી આવતી. એટલે હું ત્યાં દીક્ષા નહિ લઉં.

છતાં તેઓ જીદ કરે, તો એમ કહેવું કે 'હું એ ગ્રુપમાં મહિનો રોકાઈ આવું, મને ફાવશે-ફાવી જશે, તો હું ત્યાં જ દીક્ષા લઈશ. આપની ઈચ્છા પૂરી કરવી મારી ફરજ છે. પણ મહીનો ત્યાં રહેવા છતાં મારું મન ન માને, તો પછી તમે આગ્રહ ન કરશો. બળજબરીથી કરાવેલા લગ્નમાં જેમ પાછળથી બધાએ દુઃખી થવું પડે છે. એમ બળજબરીથી હું અણફાવતી જગ્યાએ દીક્ષા લઈશ, તો હું, તેઓ, તમે બધા જ દુઃખી થશું. એટલે એ માટે તમે આગ્રહ

ન રાખશો.

હું એટલો બધો મહાન વૈરાગી નથી બની ગયો કે 'મને કોઈપણ પરિસ્થિતિમાં કશી જ અસર ન થાય.' અરે, એ વૈરાગ્ય મેળવવા માટે જ તો મારે દીક્ષા લેવાની છે. હા ! એ માટે સ્વજનાદિનું મમત્વ છોડવા રૂપ વૈરાગ્ય મેં કેળવી લીધો છે.

પરિવારજનો !

કોઈપણ પરિસ્થિતિમાં પ્રસન્નતા એ ઉત્કૃષ્ટ વૈરાગ્ય !

એ મેળવવા માટે સ્વજનાદિ બધાને ત્યાગવાની, કષ્ટમય જીવન જીવવાની તૈયારી એ પ્રાથમિક વૈરાગ્ય !

પ્રાથમિક વૈરાગ્ય એ દીક્ષાની લાયકાત !

ઉત્કૃષ્ટ વૈરાગ્ય એ દીક્ષાનું ફળ !

તમે મને કહો છો, તારી પાસે ઉત્કૃષ્ટ વૈરાગ્ય નથી, માટે દીક્ષા ન લેવાય. પણ એ વૈરાગ્ય જ દીક્ષા પછી દીક્ષાના પ્રભાવથી આવે છે.

દીક્ષા લેવા માટે જરુરી પ્રાથમિક વૈરાગ્ય મારી પાસે છે. એટલે હું લાયક જ છું. બાકી 'મારે તો બધે ફવડાવવું જ જોઈએ.' એવો તમે મારી પાસે અત્યારથી આદર્શ ઈચ્છો, તો એ બરાબર નથી જ.

એ આદર્શ છે જ, મારે મેળવવો છે જ, પણ એ દીક્ષા પાળવાથી મળશે, અને એ માટે મારે મને અનુકૂળ ગ્રુપ જોઈએ એ સ્વાભાવિક છે.

હું હજી વિદ્યાર્થી છું, શિક્ષક બની ચુકેલો નથી."

આ રીતે મા-બાપને સમજાવવા, એમના સંતોષ ખાતર એમણે માનેલા ગુરુ પાસે મહીનો રોકાવા પણ જવું. એમનો પરિચય કરવો, તટસ્થ બનીને એમની ગુણવત્તા નિહાળવી, જો ખરેખર એમની પાસે ફાવી જાય, સંયમાદિ સારા દેખાય, તો મા-બાપની ઈચ્છા પૂરી કરવી. એમાં બધી રીતે લાભ જ છે.

પણ સાચા ભાવથી મહિનો ત્યાં રોકાવા છતાં પણ જો ત્યાં

ન ફાવે, સ્વભાવ-સ્વાધ્યાય-સંયમની ખામીઓ નડે, આપણે પૂર્વે નક્કી કરેલું ગ્રુપ ઘણું યોગ્ય લાગે... તો પછી પાછા આવીને મા-બાપને સાચી વાત કહેવી.

મને લાગે છે કે મા-બાપ એવા જીદ્દી તો ન જ હોય કે સંતાનની સ્પષ્ટ ના છતાં પણ આવી બાબતોમાં તેઓ નમતું ન જોખે, તેઓ નમતું જોખશે જ. એમાં ય એકવાર એમના કહ્યા પ્રમાણે મુમુક્ષુ એમને માન્ય ગુરુ પાસે જઈ આવે - રહી આવે - મહીનો રહે... અને પછી પણ એ ના પાડે, તો મા-બાપ ઢીલા પડશે જ, કદાચ થોડોક સમય ભલે લાગે, પણ કામ ચોક્કસ થશે. મુમુક્ષુ ! તું તારા મનગમતા ગ્રુપમાં દીક્ષા લઈ શકીશ.

પણ છતાં એક વાત ધ્યાનમાં લેજે.

ક્યાંક એવું જોવા મળે છે કે મુમુક્ષુ ભોળો, લાગણીશીલ હોય, એટલે ગમે ત્યાં દીલ દઈ બેસે, અર્થાત્ ગમે તેની ચડામણીથી ગમે તેને ગુરુ માની લે.

જ્યારે એના મા-બાપ એકદમ સમજુ, પરિપક્વ, જમાનાના ખાધેલ, સાધુ-સાધ્વીના અંગત પરિચયવાળા હોય...

આવી પરિસ્થિતિમાં મુમુક્ષુ ભોળપણના કારણે કોઈકની ચડામણીથી ચડી જઈને જીદ્દી બને. 'હું તો આમની પાસે જ દીક્ષા લઈશ. એ જ શ્રેષ્ઠ છે...' એ વખતે મા-બાપની સ્થિતિ કફોડી બની જાય. મા-બાપને લાગે કે 'આ દીકરો/દીકરી અસ્થાને જાય છે, પણ એને શી રીતે અટકાવવો ?'

એટલે મુમુક્ષુઓને વિનંતિ કે તમે ઉતાવળા ન બનશો. તમારી જાતને તટસ્થ બનીને ચકાસજો, અને તમારા મા-બાપને બરાબર ઓળખજો. એમાં જો પીઢતા-ગંભીરતા હોય, આપણે હજી એટલા અનુભવી ન હોઈએ... તો એમના વચનો પર પણ ખાસ વિચાર કરવો. એમની પાસે બેસીને શાંતિથી પુછવું કે 'આપ મને ત્યાં દીક્ષા લેવાની પ્રેરણા કરો છો, અહીં ના પાડો છો... એ શા માટે ?' પછી એમનો જવાબ સાંભળો, એના ઉપર શાંતિથી ચિંતન કરો,

પછી નિર્ણય લો.

એક વાત ધ્યાનમાં રાખજો કે લગ્નનો નિર્ણય એક ભવ માટેનો છે, દીક્ષાનો નિર્ણય અનંતભવો માટેનો છે. આપણી ઉતાવળ મોટી હોનારત સર્જી શકે છે. એટલે જ મનને શાંત રાખવું, લાંબુ વિચારવું, ઉતાવળા બિલકુલ ન થવું, કોઈની ચડામણીથી ચડી જઈએ... એવા નબળાં ન બનવું...

આમ છતાં પણ નિર્ણય ન થતો હોય, તો મારા જેવા પરિપક્વ, હોંશિયાર, તટસ્થ મહાત્માની સલાહ લેજો ને ? (મારા પર વિશ્વાસ ન હોય, તો ભલે, બીજા ઘણા છે. પણ એકાદને બરાબર પકડજો...)

હમણાં જ એક પ્રસંગ બન્યો. એક યુવાન વર્ષોથી એક ગ્રુપમાં મુમુક્ષુ તરીકે આચાર્ય ભ. પાસે હતો. પણ એવા ભાવ ન જાગ્યા, અને ઉંમર પાકટ થઈ જવાથી ધંધે લાગી જવાનો નિર્ણય કરી લીધો. એમાં જોગાનુજોગ મારે મળવાનું થયું, રાત્રે દોઢ કલાક બેઠા, એના નિષ્કર્ષ રૂપે એક નિર્ણય એવો આવ્યો કે 'એ યુવાને પૂ.આચાર્ય ભ. + ફઈ મ.સા. + વિદ્યાગુરુ મહાત્મા + હું + પિતાજી આ પાંચમાંથી કોઈપણ એકને સંપૂર્ણપણે સમર્પિત થઈ જઈને એમને પોતાના મનની તમામે તમામ વાત જણાવી દેવી. એ પછી એ વ્યક્તિ જે નિર્ણય આપે તે માની લેવો. એ કહે કે 'દીક્ષા દેવી' તો લઈ લેવાની. એ ના પાડે તો 'નહિ લેવાની.'

ટુંકમાં વર્ષોથી 'શું કરું ? શું ન કરું ?' ની એની મૂંઝવણ આ રીતે એકને સમર્પિત થઈ જવાથી દૂર થશે. એ યુવાને પ્રાયઃ પૂ.આ.ભ.ને સંપૂર્ણ સમર્પિત થઈને બધી વાત કરવાનો નિર્ણય લીધો છે. (મને નહિ, મારું એટલું પુણ્ય (!) ઓછું ! કંઈ વાંધો નહિ, કામ થાય તો ઘણું !)

આમ એક સારી વ્યક્તિને સમર્પિત થઈને એમની સાથે એકદમ શાંતિથી વિચારણા કરી લઈને નિર્ણય કરવામાં આવે, તો ઘણા બધા મોટા પ્રશ્નોનું નિરાકરણ પણ એકદમ સહજ રીતે થઈ

જાય.

<u>મુમુક્ષુ :</u> જે ગ્રુપમાં સંયમ લેવાની ભાવના છે, તેમાં મામા-કાકા-માસી-ફોઈના દીકરાએ દીક્ષા લીધી છે. હવે એમને કોઈ બિમારી હોય, અથવા તો એ ઉંમર અને પર્યાયથી નાના હોય... એટલે એમના શિષ્ય બનવાની ઈચ્છા નથી, પણ એ જ ગ્રુપના અન્ય મહાત્માના શિષ્ય બનવું છે. સમજો ને ? કે મારા કઝીન ભાઈના જે ગુરુ છે, એમને જ હું મારા ગુરુ બનાવવા માંગું છું અને મારા પરિવારજનો તો એ માટે તૈયાર છે, પણ સ્વજનોનો આગ્રહ હું કઝીન ભાઈનો શિષ્ય બનું એ છે... તેઓ પોતાના સ્વાર્થ જુએ, એ બરાબર છે. પણ આમાં મારે શું કરવું ?

<u>ગીતાર્થ :</u> તારા પ્રશ્નનો સાર એટલો જ છે કે 'તારા કોઈપણ સ્વજને તારા પૂર્વે દીક્ષા લીધી છે, તું એ ગ્રુપમાં જ લેવાનો છે, પણ એ સ્વજન પર્યાય-ઉંમરમાં નાના હોવાથી એમના શિષ્ય બનવાની તારી ઈચ્છા નથી.'

આ બાબતમાં મને તારી વિચારધારા ઉચિત લાગે છે. કેમકે એ સ્વજન હજી અપરિપક્વ છે, એ જો ગુરુ બને, તો ગુરુ પદને પચાવવું એના માટે ભારે પડે. અને એ અપરિપક્વતામાં તારો ભોગ લેવાઈ જાય.

મારી દીક્ષા બાદ ૧ વર્ષે, ૨ વર્ષે મારા ૧-૧ મિત્રે અમારા જ ગ્રુપમાં દીક્ષા લીધી. પૂ. ગુરુદેવશ્રીને એકવાર એવો વિચાર પણ આવ્યો કે 'આ બંનેને આના (મારા) શિષ્ય બનાવું...' પણ પળવારમાં જ એ વિચાર કાઢી નાંખ્યો. માત્ર બે-ત્રણ વર્ષનો જ મારો દીક્ષાપર્યાય ! એટલે નાની ઉંમરમાં, નાના પર્યાયમાં, અપરિપક્વ દશામાં જો હું ગુરુ બનું, તો હું મારું અને મારા શિષ્યનું... બંનેનું અહિત કરનારો બનીશ, એવું પૂ. ગુરુદેવશ્રીને સ્પષ્ટ લાગ્યું, એટલે એમણે એ બંને મારા મિત્રોને પોતાના જ શિષ્યો કર્યા, અને એ એકદમ સાચો નિર્ણય હતો, એવું ઘણા બધા અનુભવથી લાગે છે.

એ પછી ત્રીજા મિત્રને અમારા સંસારી શિક્ષક વિનોદભાઈ પૂ. ગુરુદેવશ્રી પાસે તાલીમ માટે મુકવા આવ્યા. ત્યારે પૂ. ગુરુદેવશ્રીએ પ્રશ્ન કરેલો 'મારા પચાસ સાધુમાંથી કોની પાસે આ તાલીમ લેશે ?' વિનોદભાઈએ મારું નામ આપ્યું, અને મારી હાજરીમાં જ પાલિતાણામાં પૂ.ગુરુદેવશ્રીએ સ્પષ્ટ ના પાડી કે 'ના ! અત્યારે એની પાસે નહિ...' એ પછી સાંજના વિહારમાં મને કહી પણ દીધું કે 'ખોટું લગાડવાનું નહિ. પણ નાના પર્યાયમાં આ બધી જવાબદારી તને લાભદાયી નહિ બને... માટે જ અત્યારે તારા શિષ્ય બનતા અટકાવું છું...'

જે ગુરુપદવીની શકયતા દીક્ષાના બીજા-ત્રીજા-પાંચમા વર્ષે હતી, એ ગુરુપદવી દીક્ષાના ૧૭ વર્ષ બાદ મળી... અને એમાં પૂ. ગુરુદેવશ્રીની એ દીર્ઘદષ્ટિનો ફાયદો જ દેખાયો છે. હા ! વચ્ચે વચ્ચે ગુરુ બની જવાની ઘેલછા જાગી ગયેલી. છેવટે હું ય છદ્મસ્થ છું ને ? પણ એકંદરે જે થયું છે, એ બધું જ બરાબર લાગે છે.

મારો અભિપ્રાય એવો ખરો કે માત્ર સંબંધના માધ્યમ ઉપર ગુરુ બનાવવા એ ઉચિત નહિ. એના બદલે મોટા પર્યાયવાળા, ૩૦-૪૦ ની ઉંમરવાળા, શાસ્ત્રાભ્યાસવાળા મુનિને ગુરુ બનાવવા.

હા ! જેનું મૃત્યુ બહુ દૂર નથી એવા ગ્લાન કે વૃદ્ધ મહાત્માના શિષ્ય બનવું પણ જોખમકારક છે. એ મહાત્મા ગમે એટલા મહાન હોય, પણ એ તમારી દીક્ષા બાદ એક-બે-ત્રણ વર્ષમાં જ કાળધર્મ પામે, તો તમે તો ગુરુ વિનાના જ ને ! પછી તમને કહેનાર કોણ ? પછી તમને કંટ્રોલમાં રાખનાર કોણ ? કોઈ તમને કહેશે તો ય તમારી સ્વચ્છંદતા તમને એવું જ બોલાવશે કે "એમને શું ખબર પડે ? એ કોણ મને કહેનારા !"

દીક્ષા બાદ ઓછામાં ઓછા દસ વર્ષ સુધી પરિપક્વ ગુરુની શીતળ છાયામાં સંયમ-સ્વાધ્યાય-સ્વભાવાદિ યોગોનું સેવન કરવા મળે, ઘડતર પામવા મળે... તો પાછળની જીંદગીમાં ગુરુ ન હોય, તો પણ તમે અનાથ નહિ બનો, તમે સ્વયં તમારા નાથ હશો, તમે

સ્વયં યોગ્ય વ્યક્તિની નિશ્રા સ્વીકારનારા હશો, એટલે જ તમે શાસનના શત્રુ નહિ બનો.

એટલે મારા સ્વજનનો હું શિષ્ય થાઉં, એ રીતની વિચારણા બરાબર નહિ.

હા ! (૧) એ સ્વજનમુનિ પર્યાય-જ્ઞાનાદિથી સંપન્ન હોય, તો ચોક્કસ એમના શિષ્ય થવામાં બે લાભ ! સંયમનો લાભ ! સ્વજનમુનિ હોવાથી વ્યવહારથી પરિવારવાળા વગેરેને પણ શાંતિ લાગે કે 'ચાલો, એ પરસ્પર એકબીજાને સાચવી શકશે.'

(૨) પર્યાયાદિ અલ્પ હોય, ઘણી વધુ ઉંમર હોય તો પછી ભલે એમના શિષ્ય ન બનો, પણ એમના જ ગ્રુપમાં એમના ગુર્વાદિના શિષ્ય બનીને એમની સાથે રહી શકાય. એમાં પણ વ્યવહાર-નિશ્ચય એમ બંને રીતે ફાયદો થાય.

મુમુક્ષુ : શાસ્ત્રમાં એવો કોઈ પાઠ ખરો ? કે 'સ્વજન મહાત્મા પાસે જ દીક્ષા લેવાય, બીજે નહિ.'

ગીતાર્થ : આવો કોઈપણ પાઠ મારા વાંચવામાં આવ્યો નથી. બાકી ઉપર મેં જે વાત દર્શાવી, એનું સૂચન કરતો પાઠ મળે છે. સંવિગ્નતા + ગીતાર્થતા ગુરુમાં હોવા જ જોઈએ, આ સુવર્ણ ! એ આપણા કોઈપણ રીતે સ્વજન થતા હોય, તો એ એનામાં સુગંધ સમજવાની ! બે ય મળે, તો શ્રેષ્ઠ ! બેમાંથી એક જ મળે, તો સુગંધ માટે સોનું છોડી ન દેવાય, ભલે સુગંધ જાય, પણ સોનું પકડી રાખવાનું.

આર્યરક્ષિતસૂરિએ પોતાની પાટ ઉપર કોને મુકવા ? એ પ્રશ્ન ઉભો થયો, ત્યારે એ ગચ્છ આર્યરક્ષિતસૂરિના પરિવારવાળા (મામા-ભાઈ... બહેન-બા....) ઘણા હતા. એટલે એ બધાની ઈચ્છા એવી જ કે આપણા પરિવારવાળામાંથી જ કોઈક પાટ પર આવે... પણ તો ય આર્યરક્ષિતસૂરિએ દુર્બલિકાપુષ્પમિત્રને જ પાટ સોંપી. મામા-ભાઈ વગેરેને નહિ. કારણ કે દુર્બલિકાપુષ્પમિત્ર પરિવારના ન હોવા છતાં પણ સૌથી વધુ સુપાત્ર હતા. અને એ

વાત આર્યરક્ષિતસૂરિએ બધાને ઘડાના દૃષ્ટાન્ત દ્વારા સમજાવી પણ ખરી.

ફરી ધ્યાનમાં લેજો કે

દીક્ષા અનંતા ભવોનો ફેંસલો કરવા માટેનું અનુષ્ઠાન છે. એને તમે જેવું તેવું ન ગણશો, એટલે જ એનો નિર્ણય માત્ર સંસારી સંબંધોના નાતે તો ન જ લેવાય. આ વસ્તુ મા-બાપે સમજવી જ જોઈએ, દીકરાના હિત ખાતર પણ સમજવી જોઈએ.

<u>મુમુક્ષુ :</u> હું સાધુ ભગવંતોના સંપર્કમાં ઘણા વખતથી છું, મુમુક્ષુપણાની તાલીમ પણ મેં ઓછી નથી લીધી. પરંતુ ગમે તે કારણ હોય, મને દીક્ષા લેવાનો ઉલ્લાસ નથી થતો. આમ બધું જ ગમે છે. બ્રહ્મચર્યપાલનાદિમાં પણ કોઈ મુશ્કેલી નથી. દીક્ષાના કષ્ટો સહન કરવાની પણ પૂરી તૈયારી છે, છતાં ભાવો કેમ નથી ઉછળતા, એ ખબર જ નથી પડતી...

<u>ગીતાર્થ :</u> કેટલાક ભાવો એવા હોય છે કે જે આપણી અંદર ધરબાયેલા હોવા છતાં પણ આપણે એને પકડી શકતા નથી. દીક્ષાનો ઉલ્લાસ નથી જાગતો, એનું કોઈક કારણ છે જ, પણ એ શું છે ? એ પકડવું ભારે હોય છે.

આના માટે તો આપણે તટસ્થ બનીને જાતનું નિરીક્ષણ કરવું પડે. એકાંતમાં શાંતિથી એક-બે-ત્રણ કલાકનો સમય કાઢીને જાતને જ પુછવાનું 'મને કેમ દીક્ષાના ભાવો નથી થતા ?'

આ ચિંતનમાંથી જ તમને ખ્યાલ આવશે કે "શા માટે મને દીક્ષા લેવાનો ઉલ્લાસ નથી થતો ?"

→ ઉંડે ઉંડે 'બ્રહ્મચર્યપાલન કરી શકીશ કે નહિ ?' એવો ભય...

→ ઉંડે ઉંડે 'ઠંડી-ગરમીના દુઃખોમાં ટકી શકીશ કે નહિ ?' એવો ભય...

→ ઉંડે ઉંડે 'સ્વજનો વિનાની, એટલે જ સ્નેહની ભીનાશ વિનાની રુક્ષ જીંદગી જીવી શકીશ ખરો ? એકલવાયાપણું મને ખાઈ

નહિ જાય ને ?' એવો ભય...

→ ઉંડે ઉંડે "ગમે તે કારણે મને દીક્ષાજીવનમાં ન જ ફાવે, તો હું શું કરીશ ? ઘરે પાછો શી રીતે આવીશ ? અને આવીશ તો મારી ઈજ્જત શું રહેવાની ?" આવો કોઈક ભય...

→ બીજા કોઈ ગ્રુપનો પરિચય ન હોય, આ ગ્રુપમાં ઉલ્લાસ વધે, એવું વાતાવરણ જ ન હોય, એટલે જ ઉલ્લાસ ન થાય. દા.ત. ગ્રુપમાં સરખી ઉંમરવાળા યુવાન સાધુઓ ન હોય, ઓછા હોય, ગ્રુપમાં સ્વાધ્યાયાદિનું વાતાવરણ ઓછું હોય, વિહારો-ભક્તો-વાતોચીતો... આ બધાનું પ્રમાણ વધુ હોય...

હવે મુમુક્ષુને 'આ બધું ખોટું છે' એટલો સ્પષ્ટ ખ્યાલ ન આવે, પણ એમાં એનું મન ઢીલું રહે, એ પણ સાચું. આવા વાતાવરણમાં આખી જીંદગી જીવવા માટે એનું મન જ ધરાર ના પાડી દે.

હા ! અંદરમાં એને ઘણું બધું પડેલું છે. જો એને સારું ગ્રુપ મળે, સારું વાતાવરણ મળે તો એ ચોક્કસ દીક્ષાના ઉલ્લાસવાળો બની જાય.

મુમુક્ષુ ! માટે જ 'ઉલ્લાસ નથી જાગતો', એ ફરિયાદની સામે એટલું જ કહેવાનું કે ગેસ વિના પાણી-દૂધમાં ઉભરો ન આવે, એમ શુભ નિમિત્તો વિના ઉલ્લાસ ન ઉછળે. માટે ઉલ્લાસને ઉછાળવા માટે એવું સારામાં સારું ગ્રુપ શોધી લેવું. જેમાં ઘણા સરખી ઉંમરવાળા સાધુઓ હોય, બધા સ્વાધ્યાયાદિના રસિક હોય, પરસ્પર મળતાવડા હોય,... આવા સ્થાનમાં જો તું રોકાશે, તો ભાવોલ્લાસ જાગશે, દીક્ષા થશે, દીક્ષા પળાશે અને એના મીઠા ફળો પણ તને મળશે.

# અંતે...

હું ગમે એટલા સમાધાન આપું, તો ય હજી એવા બીજા સેંકડો પ્રશ્નો ઉભા જ રહેવાના છે. એટલે જ એ કામ હવે અટકાવીને એવો એક અતીન્દ્રિય ઉપાય બતાવું છે કે જેમાં સૌને પોતાના હજારો પ્રશ્નોના માત્ર સમાધાન જ નહિ મળે, પણ એ પ્રશ્ન સ્વયં જ ઉકલી જશે.

**भवस्थितेर्भङ्गकरीयमिष्टा, विशोधनी मोक्षमहापथस्य ।**

**(वैराग्यकल्पलता...)**

અરિહંત મહારાજાની મન-વચન-કાયાથી ઉત્કૃષ્ટ દ્રવ્યો વડે કરાતી પૂજા શું ફળ આપે ? એનું આમાં વર્ણન કરવામાં આવ્યું છે કે

→ સંસારમાં આપણા રહેઠાણને ખતમ કરે.

→ આ માટે મોક્ષના મહામાર્ગને શુદ્ધ કરી આપે.

આપણે આ બીજું વિશેષણ કામનું છે. રત્નત્રયી એ મહામાર્ગ છે. એમાં ય સમ્યગ્ ચારિત્ર સૌથી વધુ ઉપાદેય ! એ માર્ગમાં જેટલા વિઘ્નો આવે, એ તમામે તમામને ખતમ કરવાનું કામ કરે છે...

બસ, આ શાસ્ત્રવચનને નજર સામે રાખો.

→ સંયમ લેવા બાબતમાં અનેક પ્રકારની મુંઝવણો એ વિઘ્ન !

→ મા-બાપ ના પાડે, એ વિઘ્ન !

→ સદ્ગુરુ શોધવા છતાં ન મળે, એ વિઘ્ન !

→ સદ્ગુરુ મળે, પણ એમની પાસે દીક્ષા લેવાની બધા ના

પાડે એ વિઘ્ન !

→ શરીર નબળું હોવાથી દીક્ષા લેવામાં ભય એ વિઘ્ન !

આવા આવા હજારો વિઘ્નો મહાપથમાં પ્રતિબંધક છે.

પણ ફિકર છોડી દો, અરિહંત મહારાજાની ઉત્કૃષ્ટતમ ભક્તિને અપનાવી લો.

શું કરશો એના માટે ?

★ રોજ ઓછામાં ઓછી દોઢ કલાકની દ્રવ્યપૂજા !

★ સ્વદ્રવ્યથી જ અષ્ટપ્રકારી પૂજા !

★ દ્રવ્યો શક્તિ પ્રમાણે સૌથી સારા વાપરવા !

★ પ્રભુજીની અંગરચના કરવાની.

★ ઓછામાં ઓછી ૯ સ્તુતિઓ એકદમ ભાવવિભોર બનીને બોલવી, ધીમા સ્વરે, ધીમી ઝડપે અને એના પ્રત્યેક શબ્દોમાં ઉપયોગ રાખવાપૂર્વક બોલવી.

★ ચૈત્યવંદન એ ભાવપૂજા છે, એમાં અડધો કલાક ઓછામાં ઓછો થવો જોઈએ. ઓછામાં ઓછા ત્રણ સ્તવનો બોલવા, જય વીયરાય નામનું પ્રણિધાનસૂત્ર વિશેષ ઉપયોગપૂર્વક એકદમ - એકદમ ભીના-ભીના બનીને બોલવું.

★ છેલ્લે પ્રભુને ફરી ભાવવિભોર બનીને આંખના + હૈયાના આંસુ સાથે પ્રાર્થના કરવી કે 'પ્રભુ ! મારું હિત ક્યાં ? એની મને ખબર નથી. હું અજ્ઞાની છું, કોઈ સાચો ભોમિયો મારી પાસે નથી. એટલી જ આપને વિનંતિ કે મારું આખું જીવન હું આપને સોંપુ છું, આપના શરણે છું. હવે આપે મારું જે કરવું હોય તે કરજો. મારું જ્યાં હિત હોય, ત્યાં મને ધક્કો મારીને મોકલજો. જ્યાં મારું હિત ન હોય, ત્યાં હું સામેથી ધસી જતો હોઉં, તો ય મને પછાડજો, મને નિષ્ફળ બનાવજો, મને પાછો વાળજો. આ બધી તાકાત તારી પાસે છે.'

★ આ પુસ્તકમાં આપેલા સાતેક અર્વાચીન ગીતો ગોખી લઈ, રાગ શીખી લઈ, અર્થ જાણી લઈ ભાવવિભોર બનીને

બોલવા.

(૧) પ્રભુને સર્વ સોંપીને...

(૨) કરો રક્ષા વિપદમાંહિ...

(૩) હમકો મન કી શક્તિ...

(૪) ઈતની શક્તિ હમેં દેના દાતા...

(૫) એ માલિક ! તેરે બંદે હમ...

(૬) કુછ ભી નહિ અસંભવ...

(૭) મનને મનાવી લે...

(૮) આટલું તો આપજે...

આપણામાં ઉત્પન્ન થતો પ્રભુ પ્રત્યેનો સમર્પણભાવ એ આપણા તમામે તમામ પ્રકારના વિકાસનો પાયો છે = ચણતર છે = ઈમારત છે = શિખર છે... સર્વસ્વ છે.

બસ,

મુમુક્ષુઓ !

આ માર્ગ તો ન જ છોડશો.

આ ઉપાય તો ન જ છોડશો.

તમારી કલ્પના બહારના આશ્ચર્યો તમને તમારા જ જીવનમાં અનુભવવા મળશે.

બીજા બધા ઉપાયો સારા છે, પણ આ ઉપાય મારી દૃષ્ટિએ શ્રેષ્ઠ છે. કારણ કે મોહનીય કર્માદિ રૂપ વિઘ્નોને મારી હટાવવાનું કામ તો આ ઉપાય જ કરશે.

<u>મુમુક્ષુ :</u> દીક્ષા લઈને શું કરવાનું ? શેના પર સૌથી વધુ ભાર આપવાનો ?

<u>ગીતાર્થ :</u> <u>સદ્‌ગુરુના ચરણોમાં નિર્વિકલ્પ શરણાગતિનો સ્વીકાર</u> આમાં બધું જ આવી ગયું. સદ્‌ગુરુ જે કહે, તે જ કરવાનું અને તે કરવાનું જ, આપણું મન ક્યાંય પણ બાંધવાનું જ નહિ.

સદ્‌ગુરુ વૈયાવચ્ચ કરવાનું કહે, તો વૈયાવચ્ચ કરવાની.

સદ્‌ગુરુ સ્વાધ્યાય કરવાનું કહે, તો સ્વાધ્યાય કરવાનો.

સદ્‌ગુરુ ઉંઘી જવાનું કહે, તો ઉંઘી જવાનું.

સદ્‌ગુરુ અંગ્રેજી ભણાવે, તો અંગ્રેજી ભણવાનું.

સદ્‌ગુરુ બે તમાચા મારે, તો હસતા હસતા પ્રસન્ન રહીને તમાચા ખાવાના.

સદ્‌ગુરુ જાહેરમાં અતિશય ગુસ્સામાં આવીને અપશબ્દો બોલે, તો એને અમૃત માનવાના.

સદ્‌ગુરુ ધક્કો મારીને કાઢી મુકે, તો પુનઃ પુનઃ ક્ષમા માંગીને એમના ચરણોમાં જ રહેવાનું.

सद्‌गुरुदेवो मम भगवान् ।

सद्‌गुरुदेवः शरणं मम ।

सद्‌गुरुदेवो मम जीवनम् ।

सद्‌गुरुदेवो मम सर्वस्वम् ।

બસ, ભઈલા ! આટલું તું દીક્ષા બાદ તરત જ આત્મસાત કરી લેજે, મુમુક્ષુપણામાં જ એની પ્રેક્ટીસ પાડવા માંડજે, તને મારા આશિષ છે કે તું સ્વતારક, પરતારક બનીને પરમપદનો વહેલામાં વહેલી તકે ભોક્તા બને.

**यदीयसम्यक्त्वबलात्प्रतीमो,**

**भवादृशानां परमस्वभावम् ।**

**कुवासनापाशविनाशनाय,**

**नमोऽस्तु तस्मै तव शासनाय**

**नमोऽस्तु तस्मै जिनशासनाय ॥**

# પરિશિષ્ટ : ભક્તિગીતો

(ખાસ નોંધ : અત્યંત અદ્‌ભુત ભાવોથી ભરેલા આ આઠેક ગીતોના રાગ બરાબર શીખી લેવા, પછી એને એકાંતમાં ભાવપૂર્વક ગાવા. એના અર્થ બરાબર જાણી લેવા, જીવનમાં ચમત્કાર સર્જાશે.)

(૧) (રાગ : પ્રભુ જેવો ગણો તેવો... સુહાની ચાંદની રાતે...)

કરો રક્ષા વિપદમાંહિ, ન એવી પ્રાર્થના મારી;
વિપદથી ના ડરું કો'દિ, પ્રભુ એ પ્રાર્થના મારી ...૧
ચહું દુઃખતાપથી શાંતિ, ન એવી પ્રાર્થના મારી;
સહુ દુઃખો શકું જીતી, પ્રભુ એ પ્રાર્થના મારી ...૨
સહાયે કો' ચડી આવે, ન એવી પ્રાર્થના મારી;
તૂટે ના આત્મબળ દોરી, પ્રભુ એ પ્રાર્થના મારી ...૩
મને છળહાનિથી રક્ષો, ન એવી પ્રાર્થના મારી;
ડગું ના આત્મપ્રતીતિથી, પ્રભુ એ પ્રાર્થના મારી ...૪
પ્રભુ તું પાર ઉતારે, ન એવી પ્રાર્થના મારી;
તરી જાવા ચહું શક્તિ, પ્રભુ એ પ્રાર્થના મારી ...૫
તું લે શિરભાર ઉપાડી, ન એવી પ્રાર્થના મારી;
ઉપાડી હું શકું સહેજે, પ્રભુ એ પ્રાર્થના મારી ...૬
સુખી દિને સ્મરું ભાવે, દુઃખી અંધાર રાત્રિએ;
ન શંકા તુજ વિશે આવે, પ્રભુ એ પ્રાર્થના મારી ...૭

(૨) (રાગ : પ્રભુ જેવો ગણો તેવો... સુહાની ચાંદની રાતે... તેરા મેરા પ્યાર અમર...)

પ્રભુને સર્વ સોંપીને, પ્રભુનું ધાર્યું થાવા દે;
પ્રભુની આ બદનબંસી, પ્રભુને તું બજાવા દે. ...૧
પ્રભુના સુરથી ન્યારો, કરે તું સુર મમતાનો;
પ્રભુના સુરમાં તારો, હૃદયનો સુર મિલાવી દે. ...૨

પ્રભુ શિરસ્વામી છે મોટો, પછી શો છે તને તોટો;
પ્રભુના અંકમાં બેસીને, પ્રભુનું ધાર્યું થાવા દે. ...૩
પ્રભુના જગત બાજારે, બન્યો સેવક તું વ્યવહારે;
પ્રભુના નામ પર ત્યારે, નફો-નુકસાન થાવા દે. ...૪
પ્રભુની નાટ્યશાળામાં, બન્યો નરદેહ આ જયારે;
રમાડે ખેલ ખેલાડી, વૃથા શું તું કૂટે ત્યારે. ...૫
ન ધાર્યું થાય તારું તો, નકામો ક્યાં મથી મરતો;
અલગ થઈ જો જો હવે પ્યારા, પ્રભુનું ધાર્યું થાવા દે. ...૬
બન્યો તું દોઢડહાપણીયો, મધુરા વાક્ય તું બોલે;
કરે વ્યવહાર તું સઘળો, મમત ને હું તણા તોલે. ...૭
ચરાચર દેહની બંસી, બજાવનહાર સાચો છે;
નથી તેં પારખ્યો પ્રેમે, કસોટીમાં તું કાચો છે. ...૮
કહે પ્રારબ્ધની સત્તા, નથી પ્રારબ્ધ તેં જોયું,
રમે ઈન્દ્રિયભોગોમાં, અચળમાં ચિત્ત ન પરોવ્યું. ...૯
નચાવે ભ્રાંતિઓ તુજને, થયો અભ્યાસનો કેદી,
શરણ જગદીશમાં વૃત્તિ, પછી થાનાર થાવા દે. ...૧૦

## (૩) હમ કો મનકી...

હમ કો મન કી શક્તિ દેના, મન વિજય કરે,
દૂસરો કી જય સે પહેલે ખુદ કો જય કરે... હમકો. ...૧
ભેદભાવ અપને દિલ સે સાફ કર સકે,
દોસ્તો સે ભૂલ હો તો માફ કર સકે...
જૂઠ સે બચે રે, સચ કદમ ભરે... દૂસરો કી જય સે... ...૨
મુશ્કિલે પડે તો હમ પે, ઈતના કર્મ કર,
સાથ દે તો ધર્મ કો હમ, ચલે તો ધર્મ પર
ખુદ પે હોસલા રહે, બદી સે ના ડરે... દૂસરો કી જય સે ...૩

## (૪) અય માલિક તેરે બંદે હમ

અય માલિક તેરે બંદે હમ, ઐસે હો હમારે કરમ,
નેકી પર ચલે ઓર બદી સે ટલે તાકી હસતે હુએ નિકલે દમ ...૧
યે અંધેરા ઘના છા રહા, તેરા ઈન્સાન ઘબરા રહા,
હો રહા બેખબર, કુછ ન આતા નજર,

સુખ કા સૂરજ ડૂબા જા રહા, હૈં તેરી રોશની મેં જો દમ,
તું અમાવસ કો કર દે પૂનમ... નેકી પર... ...૨
જબ જુલ્મો કા હો સામના, તબ તું હી હમે થામના,
વો બુરાઈ કરે હમ ભલાઈ કરે,
નહીં બદલે કી હો કામના, બઢ ઊઠે પ્યાર કા હર કદમ
ઔર મિટે બેર કા યહ ભરમ... નેકી પર... ...૩

## (૫) (રાગ : ઈતની શક્તિ... )

ઈતની શક્તિ હમે દેના દાતા મન કા વિશ્વાસ કમજોર હો ના
હમ ચલે નેક રસ્તે પે હમ સે ભૂલ કર ભી કોઈ ભૂલ હો ના...૧
દૂર અજ્ઞાન કે હો અંધેરે, તું હમે જ્ઞાન કી રોશની દે,
હર બુરાઈ સે બચ કે રહે હમ, જીતની ભી દે ભલી જિંદગી દે.
વૈર હો ના કીસી કા કિસી સે ભાવના મન મેં બદલે કી હો ના...
હમ ચલે...૨
હમ ન સોચે હમે ક્યા મિલા હૈ, હમ યે સોચે કિયા ક્યા હૈ અર્પણ,
ફુલ ખુશિયોં કે બાટેં સભી કો, સબ કા જીવન ભી બન જાયે મધુબન,
અપની કરુણા કા જલ તું બહા કે, કર દે પાવન હરેક વન કા કોના...
હમ ચલે...૩
હર તરફ જુલ્મ હૈ બેબસી હૈ, સહમા સહમા સા હર આદમી હૈ,
પાપ કા બોજ બઢતા હી જાયે, જાને કૈસે યે ધરતી થમી હૈ,
બોજ મમતા સે તૂં યે ઊઠા લે, તેરી રચના કા હી અંત હો ના...
હમ ચલે...૪
હમ અંધેરે મેં હૈ રોશની દે, ખો ન દે ખુદ કો હી દુશ્મની સે,
હમ સજા પાયે અપને કિયે કી, મોત ભી હો તો સહ લે ખુશી સે,
કલ જો ગુજરા હૈ ફિર સે વો ગુજરે, આનેવાલા તો કલ એસા હો ના...
હમ ચલે...૫

## (૬) (રાગ : ફૂલ તુમ્હે ભેજા હે ખત મેં... કસ્મે વાદે પ્યાર વફા...)

કુછ ભી નહિ અસંભવ જગ મેં, સબ સંભવ હો સકતા હૈ,
કાર્ય હેતુ જબ કમર બાંધ લો, તો સબકુછ હો સકતા હૈ (૧)
જીવન હૈ નદીયાં કી ધારા, જબ ચાહો મુડ સકતી હૈ,
સ્વર્ગલોક સે નરક લોક સે, જબ ચાહો જુડ સકતી હૈ (૨)

બંધન બંધન ક્યા કરતે હો, બંધન મન કે બંધન હૈ,
સાહસ કરો ઊઠો ઝટકા દો, બંધન ક્ષણ કે બંધન હૈ (૩)
બીત ગયા ગત બીત ગયા વો, અબ ઊસકી ચર્ચા છોડો,
આજ કર્મ કરો નિષ્ઠા સે, કલ કે મધુ સપને જોડો. (૪)
તુમ્હે સ્વયં હી સ્વર્ણિમ ઉજ્જવલ, નિજ ઇતિહાસ બનાના હૈ,
કરો સદા સત્કર્મ વિહસતે, કર્મ યોગ અપનાના હૈ (૫)
મન કે હારે હાર હુઈ હૈ, મન કી જીતે જીત સદા,
સાવધાન મન હાર ન જાયે, મન સે માનવ બના સદા (૬)
તું સૂરજ હૈ પગલે ફિર કયું, અંધકાર સે ડરતા હૈ,
તું તો અપની એક કિરણ સે, જગ પ્રદીપ્ત કર સકતા હૈ (૭)
અંતર મન મેં શુભ ભાવો કી, પાવનગંગા જબ બહતી,
પાપ પંક કી કલુશિત ધારા, સભી એક ક્ષણ મેં રુકતી (૮)
ધર્મ હૃદય કી દિવ્યજ્યોતિ હૈ, સાવધાન બુઝને ના પાયે,
કામ ક્રોધ મદ લોભ અહં કે, અંધકાર મેં ડુબ ના જાયે (૯)
જાતિ ધર્મ કે ક્ષુદ્ર અહં પર, લડના કેવલ પશુતા હૈ,
જહાં નહિ માધુર્યભાવ હો, વહાં કહાં માનવતા હૈ. (૧૦)
મંગલ હી મંગલ પાતા હૈ, જલતે નિત્ય દીપસે દીપ,
જો જગતી કે દીપ બનેંગે, ઉનકે નહી બુઝેંગે દીપ. (૧૧)
ધર્મ ન બાહર કી ચર્ચા મેં, જયકારો મેં આડંબર મેં,
વહ તો અંદર અંદર ગહરે, ભાવો કે અવિનાશી સ્વર મેં. (૧૨)
મેં ભી તૂટે તું ભી તૂટે, એક માત્ર બસ હમ હી હમ હો
'એગે આયા'કી ધ્વનિ ગુંજે, એક માત્ર બસ સમ હી સમ હો. (૧૩)
યહ ભી અચ્છા વહ ભી અચ્છા, અચ્છા, અચ્છા સબ મિલ જાયે,
અચ્છા પાના હૈ તો પહેલે, ખુદ કો અચ્છા ક્યું ન બના લે. (૧૪).
હર માનવ કી યહી તમન્ના, કિંતુ પ્રાપ્તિ કા મર્મ ન પાયે,
જો જૈસા હો ઉસકો વૈસા, મિલતા યહ નિજ મંત્ર બના લે. (૧૫)
પરિવર્તન સે કયા ગભરાના, પરિવર્તન હી જીવન હૈ,
ધૂપ છાંવ કે ઉલટ ફેર મેં, સબ કા શક્તિ પરીક્ષણ હૈ. (૧૬)
સત્ય સત્ય હૈ એકમુખી હૈ, ઉનકે દો મુખ કભી ન હોતે,
દંભ એક હી વહ રાવણ હૈ, ઉન કે દસ કયા શતમુખ હોતે. (૧૭)

એક જાતિ હો એક રાષ્ટ્ર હો, એક ધર્મ હો ધરતી પર,
માનવતા કી અમરજ્યોતિ સબ, ઓર જગે જન જન ઘરઘર. (૧૮)

(૭) (રાગ : મનને મનાવી લે...)

મનને મનાવી લે, આવતા દિન સુધારી લે,
બગડ્યા તે બગડ્યા, આવતા દિન સુધારી લે ...(૧)
સારી કરણી આજ લગી, થઈ ના તારા હાથે,
શું થશે માહરું, તું ચિંતા એની રાખે,
એ ચિંતા દૂર હટાવી દે... આવતા દિન સુધારી લે ...(૨)
ગંદા પગલા જે પડ્યા, જીવન પગથારમાં,
ધોઈ શકે છે તું એને, આંસુના સહારે,
એ કરુણા આજ વહાવી લે... આવતા દિન સુધારી લે ...(૩)
ભૂલ્યા ત્યાંથી જ્ઞાનીઓ કહે છે, ફરી ગણવાનું,
જ્યાં ભૂલ્યા ત્યાં, ફરી નહિ ભૂલવાનું,
એ શિક્ષા દિલમાં વસાવી લે... આવતા દિન સુધારી લે ...(૪)
આવનારી પ્રત્યેક પળ, તું જાણી લે અમૂલી,
સાવધ થઈને તું કરજે, આવરદા તારી પૂરી,
જીવનને ધન્ય બનાવી લે... આવતા દિન સુધારી લે ...(૫)

(૮) આટલું તો આપજે...

(રાગ : આંખ મારી ઉઘડે ત્યાં શત્રુંજય દેખું..., સ્વામી ! તુમ્હે કાંઈ કામણ)

આટલું તો આપજે ભગવન્ ! મને છેલ્લી ઘડી,
ના રહે માયા તણા બંધન મને છેલ્લી ઘડી...(૧)
અરિહંત ! તારા સ્મરણથી, ભવકોટિના પાતિક ટળો,
હે નાથ ! તારું નામ રટતા, પ્રાણ મારા નીકળજો...(૨)
નથી નાથ ! મારી પાસે કાંઈ, શું તને અર્પણ કરું ?,
કરું કોટિ કોટિ વંદના, સ્વીકારજો સ્વામી ! તમે... (૩)
તુજ આણ ના પાળી શક્યો, હું વિષયમાં લંપટ બની,
હવે આંખ ખૂલી પણ શું કરું ?, આ મોત ઉભું બારણે... (૪)
તુજ શિખામણ અવગણી, જે ઘોર પાપો મેં કર્યા,
તે આંસુઓ પાડી પખાળું, દુર્ગતિભય વારવા... (૫)

છું હીન-અધમાધમ-નરાધમ, તો ય દાસ હું તાહરો,
દુર્ગતિ વારો સુગતિ આપો, દાસની રક્ષા કરો... (૬)
આહારસંજ્ઞાના બળે, માયા કરી, ચોરી કરી,
અવતાર ભૂંડ ભવે હવે, અટકાવજો સ્વામી ! તમે...(૭)
નિષ્ઠુર બની ઘણીવાર મેં, ઉત્થાપી આણા તાહરી,
નથી નરકમાં મારે જવું, તુજ ચરણમાં રાખો મને... (૮)
તું રોકતો મને ટોકતો, પણ ના કદાપિ માન્યો હું,
હવે વાત તારી માનવી છે, રોક તું મને ટોક તું... (૯)
મુજ લાલસાઓ પોષવા, કૂડ-કપટના ઢગલા કર્યા,
તારા નયનથી વહેતા આંસુની લાજ ના રાખી પ્રભુ... (૧૦)
પંચાત પારકી મેં કરી, ઘટતું ન આયુ નિહાળ્યું મેં,
હારી રહ્યો આ ભવ પ્રભુ ! હું, હે નાથ ! તું ઉગારજે... (૧૧)
મિથ્યાભિમાનો દૂર થયા, સાચી સમજ હવે સાંપડી,
તારા ચરણ છોડી હવે, નથી ક્યાંય જાવું માહરે... (૧૨)
પરભવે ભલે નિર્ધન બનું, ભલે નરકના દુઃખો મળે,
હૈયે મળે શાસન તમારું, એટલી કરજો કૃપા... (૧૩)
મુજ આતમા જાગ્યો હવે, તુજ શરણથી મુજ બળ વધ્યું,
સંગ્રામ આંતરશત્રુ સાથે, ખેલવો મારે હવે... (૧૪)
મુજ મસ્તકે તુજ હસ્ત મૂકી, આશિર્વચન સંભળાવ તું,
તિલક કર મારા કપાળે, બાથમાં લઈને મને... (૧૫)
હવે પાપ ના હું આચરીશ, આણા ન તારી અવગણીશ,
હે નાથ ! તારી આણ મારા શ્વાસોચ્છ્વાસે હું સ્મરીશ... (૧૬)
જેને સહાય છે તાહરી, તે હું નહીં હારુ હવે,
નિર્ભય બન્યો વિજયી બનીશ, તારા ચરણને આશરે... (૧૭)
જો હર્ષ ભરેલા મુજ હૃદયમાં, નાથ ! તું આવી વસે,
તો ઘોર પાપોના સહુ બંધન તૂટે પળવારમાં...(૧૮)